બાલ બ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

# વીતરાગ સ્તુતિ સંચય

પ્રભુ સન્મુખ બોલવાની એક હજાર એકસો એકાવન સ્તુતિઓ



-: સંપાદક :-

મુનિ દીપરત્નસાગર

શ્રી અભિનવ શ્રુત પ્રકાશન-૩૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

બાલ બ્રહ્મચારી શ્રીનેમિનાથાય નમઃ

શ્રી આનંદ-ક્ષમા-લલિત-સુશીલસાગર ગુરુભ્યો નમઃ

# વીતરાગ સ્તુતિ સંચય

પ્રભુ સન્મુખ બોલવાની
એક હજાર એકસો એકાવન સ્તુતિનો સંગ્રહ

—: સંપાદક :—

મુનિ દીપરત્ન સાગર

૨૦૪૯–મહાસુદ ૧૦ મંગળવાર ૨–૨–૯૩

શ્રી અભિનવશ્રુત પ્રકાશન–૩૦

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

नमो नमो निम्मल दंसणस्स

# સ્તુતિ–અનુક્રમણિકા

## ગુજરાતી સ્તુતિ વિભાગ–સ્તુતિ સંખ્યા ૮૫૧


| ક્રમ | વિભાગ | સ્તુતિ સંખ્યા | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧ | અરિહંત વંદનાવલી | ૪૭ | ૧ |
| ૨ | 'અમિતગતિ'–કૃત દ્વાત્રિંશિકા–અનુવાદ | ૩૨ | ૧૦ |
| ૩ | રત્નાકર પચ્ચીશી–અનુવાદ–૧ | ૨૫ | ૧૭ |
| ૪ | રત્નાકર પચ્ચીશી–અનુવાદ–૨ | ૨૫ | ૨૨ |
| ૫ | રત્નાકર પચ્ચીશી–અનુવાદ–૩ | ૨૫ | ૨૭ |
| ૬ | આત્મનિંદા દ્વાત્રિંશિકા | ૩૨ | ૩૨ |
| ૭ | બારભાવના રૂપ પ્રભુ સ્તુતિ | ૧૨ | ૩૯ |
| ૮ | મૈત્ર્યાદિ ચાર ભાવના રૂપ સ્તુતિ | ૫ | ૪૧ |
| ૯ | શ્રી આદિનાથ પ્રભુ–સ્તુતિ | ૧૦ | ૪૨ |
| ૧૦ | શ્રી અજિતનાથ પ્રભુ સ્તુતિ | ૧૦ | ૪૪ |
| ૧૧ | શ્રી સંભવનાથ–પ્રભુ સ્તુતિ | ૧૦ | ૪૬ |
| ૧૨ | શ્રી અભિનંદન–પ્રભુ સ્તુતિ | ૧૦ | ૪૮ |
| ૧૩ | શ્રી સુમતિનાથ–પ્રભુ સ્તુતિ | ૧૦ | ૫૦ |
| ૧૪ | શ્રી પદ્મપ્રભસ્વામી સ્તુતિ | ૧૦ | ૫૨ |
| ૧૫ | શ્રી સુપાર્શ્વનાથ–પ્રભુસ્તુતિ | ૧૦ | ૫૪ |
| ૧૬ | શ્રી ચંદ્રપ્રભ સ્વામી–સ્તુતિ | ૧૦ | ૫૬ |
| ૧૭ | શ્રી સુવિધિનાથ–પ્રભુસ્તુતિ | ૧૦ | ૫૮ |
| ૧૮ | શ્રી શીતલનાથ–પ્રભુસ્તુતિ | ૧૦ | ૬૦ |
| ૧૯ | શ્રી શ્રેયાંસનાથ–પ્રભુસ્તુતિ | ૧૦ | ૬૨ |
| ૨૦ | શ્રી વાસુપૂજ્ય–પ્રભુસ્તુતિ | ૧૦ | ૬૪ |
| ૨૧ | શ્રી વિમલનાથ–પ્રભુસ્તુતિ | ૧૦ | ૬૬ |


Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ૨૨ શ્રી અનંતનાથ-પ્રભુસ્તુતિ | ૧૦ | ૬૮ |
| ૨૩ શ્રી ધર્મનાથ-પ્રભુસ્તુતિ | ૧૦ | ૭૦ |
| ૨૪ શ્રી શાંતિનાથ-પ્રભુસ્તુતિ | ૧૦ | ૭૨ |
| ૨૫ શ્રી કુંથુનાથ-પ્રભુસ્તુતિ | ૧૦ | ૭૪ |
| ૨૬ શ્રી અરનાથ-પ્રભુસ્તુતિ | ૧૦ | ૭૬ |
| ૨૭ શ્રી મલ્લિનાથ-પ્રભુસ્તુતિ | ૧૦ | ૭૮ |
| ૨૮ શ્રી મુનિસુવ્રત-પ્રભુસ્તુતિ | ૧૦ | ૮૦ |
| ૨૯ શ્રી નમિનાથ-પ્રભુસ્તુતિ | ૧૦ | ૮૨ |
| ૩૦ શ્રી નેમિનાથ-પ્રભુસ્તુતિ | ૧૦ | ૮૪ |
| ૩૧ શ્રી પાર્શ્વનાથ-પ્રભુસ્તુતિ | ૧૦ | ૮૬ |
| ૩૨ શ્રી મહાવીર સ્વામી-સ્તુતિ | ૧૦ | ૮૮ |
| ૩૩ ચોવીશ જિનવર છંદ | ૨૪ | ૯૦ |
| ૩૪ સામાન્ય જિન સ્તુતિ | ૧૯૯ | ૯૬ |
| ૩૫ સિદ્ધાચલજી-સામાન્ય સ્તુતિ | ૫ | ૧૩૬ |
| ૩૬ સિદ્ધાચલજી-તળેટીની સ્તુતિ | ૫ | ૧૩૭ |
| ૩૭ સિદ્ધાચલજી-રાયણપગલાંની સ્તુતિ | ૫ | ૧૩૮ |
| ૩૮ સિદ્ધાચલજી-પુંડરિક સ્વામીની સ્તુતિ | ૫ | ૧૩૯ |
| ૩૯ સિદ્ધાચલજી-ઘેટીપગલાંની સ્તુતિ | ૫ | ૧૪૦ |
| ૪૦ શ્રી સીમંધરજિન સ્તુતિ | ૧૦ | ૧૪૧ |
| ૪૧ ખામણારૂપ સ્તુતિ | ૨૧ | ૧૪૩ |
| ૪૨ અતિચાર આલોચના રૂપ સ્તુતિ | ૧૨ | ૧૪૮ |
| ૪૩ શુભભાવના રૂપ સ્તુતિ | ૫૦ | ૧૫૦ |
| ૪૪ શ્રી નેમિનાથ ભગવંતની સ્તુતિ | ૨૨ | ૧૬૦ |
| ૪૫ શ્રી સિદ્ધચક્રની સ્તુતિ | ૧૦ | ૧૬૪ |
| ૪૬ સમાધિમરણ-દશઅધિકાર-સ્તુતિ | ૧૧ | ૧૬૬ |

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

| | | |
|---|---|---|
| ૪૭ અષ્ટાપદની સ્તુતિ | ૫ | ૧૬૯ |
| ૪૮ નંદીશ્વરાદિ–પંચ તીર્થસ્તુતિ | ૫ | ૧૭૦ |
| ૪૯ શ્રી ગૌતમ સ્વામીની સ્તુતિ | ૫ | ૧૭૧ |
| ૫૦ સામાન્યજિન સ્તુતિ | ૯ | ૧૭૨ |
| ૫૧ પ્રાર્થનાઓ (ગાથા સંખ્યા ૫૦) | ૯ | ૧૭૩ |
| **સંસ્કૃત વિભાગ સ્તુતિ સંખ્યા ૨૫૧** | | |
| ૫૨ રત્નાકર પચ્ચીશી (મૂળ) | ૨૫ | ૧૭૮ |
| ૫૩ આ. અમિતગતિકૃત્ દ્વાત્રિંશિકા | ૩૨ | ૧૮૧ |
| ૫૪ સિદ્ધસેન દિવાકર સૂરિકૃત્–દ્વાત્રિંશિકા | ૩૨ | ૧૮૫ |
| ૫૫ સામાન્યજિન સ્તુતિ | ૧૬૨ | ૧૮૬ |


**સર્વ સ્તુતિ સંખ્યા–૧૧૫૧**

## ત્રણ પ્રદક્ષિણાના દુહા

કાલ અનાદિ અનંતથી, ભવ ભ્રમણાનો નહીં પાર,
તે ભ્રમણા નિવારવા, પ્રદક્ષિણા દઉં ત્રણ સાર,
ભમતીમાં ભમતા થકા, ભવ ભાવઠ દૂર પલાય,
સમ્યગ્દર્શન પામવા પ્રથમ, પ્રદક્ષિણા દેવાય. ૧.

જન્મમરણાદિ સવિભય ટળે, સીઝે જો દરિશન કાજ,
સમ્યગ્જ્ઞાનને પામવા, બીજી પ્રદક્ષિણા જીનરાજ,
જ્ઞાન વડું સંસારમાં, જ્ઞાન પરમ સુખ હેત,
જ્ઞાન વિના મેં નવિ લહ્યું, પરમ તત્ત્વ સંકેત. ૨.

ચય તે સંચય કર્મનો, રિકત કરે વળી જેહ,
ચારિત્ર નામ નિર્યુકતે કહ્યું, વંદો તે ગુણ ગેહ,
શાશ્વત સુખને પામવા, તે ચારિત્ર નિરધાર,
ત્રીજી પ્રદક્ષિણા તે કારણે, ભવદુઃખ ભંજન હાર. ૩.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# બાલબ્રહ્મચારી શ્રી નેમિનાથાય નમઃ

## [ગુજરાતી સ્તુતિ વિભાગ]

### અરિહંત વંદનાવલી

[૧]

જે ચૌદ મહાસ્વપ્નો થકી નિજમાતને હરખાવતા,
વળી ગર્ભમાંહિ જ્ઞાનત્રયને ગોપવી અવધારતા,
ને જન્મતા પહેલાં જ ચોસઠ ઈન્દ્ર જેને વંદતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૨]

મહા યોગના અભ્યાસમાં જે ગર્ભમાં ઉલ્લાસતા,
ને જન્મતા ત્રણ લોકમાં મહા સૂર્ય સમ પ્રકાશતા,
ને જન્મ કલ્યાણક વડે સૌ જીવને સુખ અર્પતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું,

[૩]

છપ્પન દિક્કુમારી તણી સેવા સુભાવે પામતા,
દેવેન્દ્ર કરસંપુટ મહીં ધારી જગત હરખાવતા,
મેરૂ શિખર સિંહાસને જે નાથ જગના શોભતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૪]

કુસુમાંજલિથી સુર અસુર જે ભવ્ય જિનને પૂજતા,
ક્ષીરોદધિના ન્હવણજળથી દેવ જેને સીંચતા,
વળી દેવદુંદુભી નાદ ગજવી દેવતાઓ રીઝતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમુ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫]

મઘમઘ થતા ગોશીર્ષ ચંદનથી વિલેપન પામતા,
દેવેન્દ્ર દેવીપુષ્પની માળા ગળે આરોપતા,
કુંડલ કડાં મણીમય ચમકતાં, હાર મુકુટે શોભતાં,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૬]

ને શ્રેષ્ઠવેણુ મોરલી વિણા મૃદંગતણા ધ્વનિ,
વાજિંત્ર તાલે નૃત્ય કરતી કિન્નરીઓ સ્વર્ગની,
હર્ષભરી દેવાંગનાઓ નમન કરતી લળી લળી,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૭]

જયનાદ કરતાં દેવતાઓ હર્ષના અતિરેકમાં,
પધરામણિ કરતા જનેતાના મહાપ્રાસાદમાં,
જે ઈન્દ્રપરિત વરસુધાને ચૂસતા અંગુષ્ઠમાં,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૮]

આહાર ને નિહાર જેના છે અગોચર ચક્ષુથી,
પ્રસ્વેદ વ્યાધિ મેલ જેના અંગને સ્પર્શે નહી,
સ્વર્ધેનુ દુગ્ધ સમા રુધિરને માંસ જેના તન મહી,
એવાં પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૯]

મંદાર પારિજાત સૌરભ શ્વાસને ઉચ્છવાસમાં,
ને છત્ર ચામર જય–પતાકા સ્તંભ જવ કરપાદમાં,
પૂરા સહસ્ર વિશેષ અષ્ટક લક્ષણો જ્યાં શોભતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૦]

દેવાંગનાઓ પાંચ આજ્ઞા ઈન્દ્રની સન્માનતી,
પાંચે બની ધાત્રી દિલે કૃત કૃત્યતા અનુભાવતી,
વળી બાલક્રીડા દેવગણના કુંવરો સંગે થતી,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૧૧]

જે બાલ્યવયમાં પ્રૌઢજ્ઞાને મુગ્ધ કરતાં લોકને,
સોળે કળા વિજ્ઞાન કેરા સારને અવધારીને,
ત્રણ લોકમાં વિસ્મયસમા ગુણરૂપ યૌવન યુક્ત જે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૧૨]

મૈથુન પરિષહથી રહિત જે નંદતા નિજભાવમાં
જે ભોગકર્મ નિવારવા વિવાહ કંકણ ધારતા,
ને બ્રહ્મચર્ય તણો જગાવ્યો નાદ જેણે વિશ્વમાં,
એવા પ્રભુ અરિહંતને પંચાગ ભાવે હું નમું.

[૧૩]

મૂર્છા નથી પામ્યા મનુજના પાંચ ભેદે ભોગમાં,
ઉત્કૃષ્ટ જેની રાજ્ય નીતિથી પ્રજા સુખચેનમાં,
વળી શુદ્ધ અધ્યવસાયથી જે લીન છે નિજભાવમાં
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૧૪]

પામ્યા સ્વયં સંબુદ્ધપદ જે સહજવર વિરાગવંત,
ને દેવલોકાંતિક ઘણી ભક્તિ થકી કરતા નમન,
જેને નમી કૃતાર્થ બનતાં ચાર ગતિના જીવગણ,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૫]

આવો પધારો ઇષ્ટ વસ્તુ પામવા નર નારીઓ,
એ ઘોષણાથી અર્પતા સાંવત્સરિક મહા દાનને,
ને છેદતા દારિદ્રય સૌનું દાનના મહા કલ્પથી,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૧૬]

દીક્ષા તણો અભિષેક જેનો યોજતા ઇન્દ્રો મળી,
શિબિકા સ્વરૂપ વિમાનમાં વિરાજતા ભગવંતશ્રી,
અશોક પુન્નાગ તિલક ચંપા વૃક્ષ શોભિત વન મહીં,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૧૭]

શ્રી વજ્રધર ઇંદ્રે રચેલા ભવ્ય આસન ઉપરે,
બેસી અલંકારો ત્યજે દીક્ષા સમય ભગવંત જે,
જે પંચમુષ્ટિ લોચ કરતા કેશ વિભુ નિજ કર વડે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૧૮]

લોકાગ્રગત ભગવંત સર્વે સિદ્ધને વંદન કરે,
સાવદ્ય સઘળા પાપયોગોના કરે પચ્ચક્ખાણને,
જે જ્ઞાન દર્શનને મહા ચારિત્ર રત્નત્રયી ગ્રહે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૧૯]

નિર્મળ વિપુલ મતિ મનઃ પર્યવજ્ઞાન સહજે દીપતા,
જે પંચ સમિતિ ગુપ્તિત્રયની રયણમાળા ધારતા,
દશ ભેદથી જે શ્રમણ સુંદર ધર્મનું પાલન કરે,
એવા પ્રભુ અરિહંતને પંચાગ ભાવે હું નમું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૨૦]

પુષ્કર કમલના પત્રની ભાંતિ નહિ લેપાય જે,
ને જીવની માફક અપ્રતિહત વરગતિએ વિચરે,
આકાશની જેમ નિરાલંબન ગુણ થકી જે ઓપતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું..

[૨૧]

ને અસ્ખલિત વાયુ સમુહની જેમ જે નિર્બંધ છે,
સંગોપિતાંગોપાંગ જેના ગુપ્ત ઈન્દ્રિય દેહ છે,
નિસ્સંગતા ય વિહંગશી જેનો અસુલખ ગુણ છે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૨૨]

ખડ્ગીતણા વરશૃંગ જેવા ભાવથી એકાકી જે,
ભારંડપંખી સારિખા ગુણગાન અપ્રમત્ત છે,
વ્રતભાર વહેતા વર વૃષભની જેમ જેહ સમર્થ છે
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૨૩]

કુંજરસમાં શૂરવીર જે છે, સિંહસમ નિર્ભય વળી,
ગંભીરતા સાગર સમી જેના હૃદયને છે વરી
જેના સ્વભાવે સૌમ્યતા છે પૂર્ણિમાના ચંદ્રની,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૨૪]

આકાશભૂષણ સૂર્ય જેવા દીપતા તપ તેજથી,
વળી પૂરતાં દિવગંતને કરૂણા ઉપેક્ષા મૈત્રીથી,
હરખાવતા જે વિશ્વને મુદિતા તણા સંદેશથી,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૨૫]

જે શરદ ઋતુના જળ સમા નિર્મળ મનોભાવો વડે,
ઉપકાર કાજ વિહાર જે કરતા વિભિન્ન સ્થળો વિષે,
જેની સહન શક્તિ સમીપે પૃથ્વી પણ ઝાંખી પડે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૨૬]

બહુ પુણ્યનો જ્યાં ઉદય છે એવા ભવિકના દ્વારને
પાવન કરે ભગવંત નિજ તપ છઠ્ઠ અઠ્ઠમના પારણે,
સ્વીકારતા આહાર બેંતાલીશ દોષવિહીન જે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૨૭]

ઉપવાસ માસખમણ સમા તપ આકરાં તપતા વિભુ
વીરાસનાદિ આસને સ્થિરતા ધરે જગના પ્રભુ,
બાવીસ પરીષહને સહંતા ખૂબ જે અદ્ભુત વિભુ,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૨૮]

બાહ્ય અભ્યંતર બધા પરિગ્રહથકી જે મુક્ત છે,
પ્રતિમા વહનવળી શુક્લધ્યાને જે સદાય નિમગ્ન છે,
જે ક્ષપકશ્રેણી પ્રાપ્ત કરતા મોહમલ્લ વિદારીને,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૨૯]

જે પૂર્ણ કેવળજ્ઞાન લોકાલોકને અજવાળતું,
જેના મહાસામર્થ્ય કેરો પાર કો નવ પામતું,
એ પ્રાપ્ત જેણે ચાર ઘાતી કર્મને છેદી કર્યું,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૩૦]

જે રજત સોનાને અનુપમ રત્નના ત્રણ ગઢ મહીં,
સુવર્ણનાં નવ પદ્મમાં પદ કમલને સ્થાપન કરી,
ચારે દિશા મુખ ચાર ચાર સિંહાસને જે શોભતાં,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૩૧]

જ્યાં છત્ર પંદર ઉજ્જવલાં શોભી રહ્યાં શિર ઉપરે,
ને દેવ દેવી રત્ન ચામર વીંઝતા કરદ્વય વડે,
દ્વાદશ ગુણા વર દેવવૃક્ષ અશોકથીય પૂજાય જે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૩૨]

મહા સૂર્ય સમ તેજસ્વી શોભે ધર્મચક્ર સમીપમાં
ભામંડળે પ્રભુપીઠથી આભા પ્રસારી દિગંતમાં,
ચોમેર જાનુ પ્રમાણ પુષ્પો અર્ઘ્ય જિનને અર્પતા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૩૩]

જ્યાં દેવદુંદુભિ ઘોષ ગજવે ઘોષણા ત્રણ લોકમાં,
ત્રિભુવન તણા સ્વામી તણી સૌએ સુણો શુભ દેશના,
પ્રતિબોધ કરતા દેવ–માનવને વળી તિર્યંચને,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૩૪]

જ્યાં ભવ્ય જીવોના અવિકસિત ખીલતાં પ્રજ્ઞાકમલ,
ભગવંત વાણી દિવ્ય સ્પર્શે દૂર થતા મિથ્યા વમળ,
ને દેવ દાનવ ભવ્ય માનવ ઝંખતા જેનું શરણ,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૩૫]

જે બીજ ભૂત ગણાય છે ત્રણ પદ ચતુર્દશપૂર્વના
ઉપન્નેઈ વા વિગમેઈ વા ધુવેઈ વા મહાતત્ત્વના,
એ દાન સુ-શ્રુતજ્ઞાનનું દેનાર ત્રણ જગનાથ જે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૩૬]

એ ચૌદપૂર્વોના રચે છે સૂત્રસુંદર સાર્થ જે,
તે શિષ્યગણને સ્થાપતા ગણધર પદે જગનાથ જે,
ખોલે ખજાનો ગુઢ માનવ જાતના હિત કારણે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૩૭]

જે ધર્મતીર્થંકર ચતુર્વિધ સંઘ સંસ્થાપન કરે,
મહાતીર્થ સમ એ સંઘને સુર અસુર સહ વંદન કરે,
ને સર્વજીવો ભૂત, પ્રાણી, સત્ત્વ શું કરુણા ધરે,
એવા પ્રભુ અરિહંતને પંચાગ ભાવે હું નમું.

[૩૮]

જેને નમે છે ઈન્દ્ર વાસુદેવ ને બલભદ્ર સહુ,
જેના ચરણને ચક્રવર્તી પૂજતાં ભાવે બહુ,
જેણે અનુત્તર વિમાનવાસી દેવના સંશય હણ્યા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૩૯]

જે છે પ્રકાશક સૌ પદાર્થો જડ તથા ચૈતન્યના,
વર શુક્લ લેશ્યા તેરમે ગુણસ્થાનકે પરમાતમા,
જે અંત આયુષ્ય કર્મનો કરતા પરમ ઉપકારથી,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૪૦]

લોકાગ્ર ભાગે પહોંચવાને યોગ્ય ક્ષેત્રી જે બને,
ને સિદ્ધના સુખ અર્પતી અંતિમ તપસ્યા જે કરે,
જે ચૌદમા ગુણસ્થાનકે સ્થિર પ્રાપ્ત શૈલેશી કરણ,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૪૧]

હર્ષે ભરેલા દેવનિર્મિત અંતિમે સમવસરણે,
જે શોભતા અરિહંતપરમાત્મા જગતઘર આંગણે,
જે નામના સંસ્મરણથી વિખરાય વાદળ દુઃખના,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૪૨]

જે કર્મનો સંયોગ વળગેલો અનાદિ કાળથી,
તેથી થયા જે મુક્ત પૂરણ સર્વથા સદ્ભાવથી,
રમમાણ જે નિજરુપમાં સર્વજગનું હિત કરે.
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૪૩]

જે નાથ ઔદારિક વળી તૈજસ તથા કર્મણ તનુ,
એ સર્વને છોડી અહિં પામ્યા પરમપદ શાશ્વતું,
જે રાગ દ્વેષ જળે ભર્યા સંસાર સાગરને તર્યા,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૪૪]

શૈલેશી કરણે ભાગ ત્રીજે શરીરના ઓછા કરી,
પ્રદેશ જીવના ઘન કરી વળી પૂર્વધ્યાન પ્રયોગથી,
ધનુષ્યથી છૂટેલ બાણુ તણી પરે શિવગતિલહી,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૪૫]

નિર્વિઘ્ન સ્થિર ને અચલ અક્ષય સિદ્ધિગતિ આ નામનું,
છે સ્થાન અવ્યાબાધ જ્યાંથી નહિ પુનઃ ફરવાપણું,
એ સ્થાનને પામ્યા અનંતા ને વળી જે પામશે,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૪૬]

જેના ગુણોના સિંધુના બે બિન્દુ પણ જાણું નહિ,
પણ એક શ્રદ્ધા દિલ મહીં કે તે સમું કો' છે નહિ,
જેના સહારે ક્રોડ તરિયા મુક્તિ મુજ નિશ્ચય સહી,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

[૪૭]

જે નાથ છે ત્રણ ભુવનના કરુણા જગે જેની વહે,
જેના પ્રભાવે વિશ્વના સદ્ભાવની સરણી વહે,
આપે વચન શ્રી ચંદ્ર જગને એજ નિશ્ચય સહી,
એવા પ્રભુ અરિહંતને પંચાંગ ભાવે હું નમું.

## શ્રી અમિતગતિ આચાર્ય કૃત દ્વાત્રિંશિકા ભાવાનુવાદ

[૪૮]

સૌ પ્રાણી આ સંસારનાં, સન્મિત્ર મુજ વહાલાં થજો,
સદ્ગુણમાં આનંદ માનું, મિત્ર કે વૈરી હજો,
દુઃખિયાં પ્રતિ કરુણા અને, દુશ્મન પ્રતિ મધ્યસ્થતા,
શુભ ભાવના પ્રભુ ચાર આ, પામો હૃદયમાં સ્થિરતા.

[૪૯]

અતિ જ્ઞાનવંત અનંત શક્તિ, દોષહીન આ આત્મ છે,
ને મ્યાનથી તલવાર પેઠે, શરીરથી, વિભિન્ન છે,
હું શરીરથી જૂદો ગણું એ જ્ઞાનબળ મુજને મળો,
ને ભીષણ જે અજ્ઞાન મારું, નાથ! તે સત્વર ટળો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫૦]

સુખદુઃખમાં અરિમિત્રમાં સંયોગ કે વિયોગમાં,
રખડું વને વા રાજભુવને, રાચતો સુખ ભોગમાં,
મમ સર્વ કાળે સર્વ જીવમાં, આત્મવત્ બુદ્ધિ બધી,
તું આપજે મુજ મોહ કાપી, આ દશા કરુણાનિધિ!

[૫૧]

તુજ ચરણકમળનો દીવડો, રૂડો હૃદયમાં રાખજો,
અજ્ઞાનમય અંધકારના, આવાસને તમે બાળજો,
તદ્દરૂપ થઈ એ દીવડે, હું સ્થિર થઈ ચિત્ત બાંધતો,
તુજ ચરણયુગ્મની રજમહીં હું પ્રેમથી નિત્ય ડૂબતો.

[૫૨]

પ્રમાદથી પ્રયાણ કરીને, વિચરતાં પ્રભુ! અહીં તહીં,
એકેન્દ્રિયાદિ જીવને, હણતાં કદી ડરતો નહીં,
છેદી વિભેદી દુઃખ દેઈ ત્રાસ આપ્યો તેમને,
કરજો ક્ષમા મુજ કર્મ હિંસક નાથ! વીનવું આપને.

[૫૩]

કષાયને પરવશ થઈ બહુ, વિષય સુખ મેં ભોગવ્યા,
ચારિત્રના જે ભંગ વિભુ; મુક્તિ પ્રતિકૂળ થઈ ગયા,
કુબુદ્ધિથી અનિષ્ટ કિંચિત્, આચરણ મેં આદર્યું,
કરજો ક્ષમા સૌ પાપ તે, મુજ રંકનું જે જે થયું.

[૫૪]

મન વચન કાય કષાયથી, કીધાં પ્રભુ મેં પાપ બહુ,
સંસારનાં દુઃખ બીજ સૌ, વાવ્યાં અરે હું શું કહું,
તે પાપને આલોચના, નિંદા અને ધિક્કારથી,
હું ભસ્મ કરતો મંત્રથી, જેમ વિષ જાતુ વાદીથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫૫]

મુજ બુદ્ધિના વિકારથી, કે સંયમ અભાવથી,
બહુ દુષ્ટ દુરાચાર મેં, સેવ્યા પ્રભુ કુબુદ્ધિથી,
કરવું હતું તે ના કર્યું, પ્રમાદ કેરા જોરથી,
સૌ દોષ મુક્ત પામવા, માગું ક્ષમા હું હૃદયથી.

[૫૬]

મુજ મલિન મન જો થાય તો, તે દોષ અતિક્રમ જાણતો,
વળી સદાચાર ભંગ બનતાં, દોષ વ્યતિક્રમ માનતો,
તે અતિચારી સમજવો, જે વિષયસુખમાં મ્હાલતો,
અતિ વિષયસુખ આસક્તને, હું અનાચારી ધારતો.

[૫૭]

મુજ વચન વાણી ઉચ્ચારમાં, તલભાર વિનિમય થાય તો,
જો અર્થ માત્રા પદ મહીં, લવલેશ વધઘટ હોય તો,
યથાર્થ વાણીભંગનો, દોષિત પ્રભુ હું આપનો,
આપી ક્ષમા મુજને બનાવો, પાત્ર કેવળ બોધનો.

[૫૮]

પ્રભુવાણી ! તું મંગલમયી, મુજ શારદા હું સમજતો,
વળી ઈષ્ટ વસ્તુ દાનમાં, ચિંતામણિ હું ધારતો,
સુબોધને પરિણામશુદ્ધિ, સંયમ વરસાવતી,
તું સ્વર્ગના ગીતો સુણાવી, મોક્ષલક્ષ્મી અર્પતી.

[૫૯]

સ્મરણ કરે યોગી જનો, જેનું ઘણા સન્માનથી,
વળી ઈન્દ્ર નર ને દેવ પણ સ્તુતિ કરે જેની અતિ,
એ વેદ ને પુરાણ જેનાં, ગાય ગીતો હર્ષમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૬૦]

જેનું સ્વરૂપ સમજાય છે, સદ્‌જ્ઞાન દર્શન યોગથી,
ભંડાર છે આનંદના જે, અચળ છે વિકારથી,
પરમાત્મની સંજ્ઞા થકી, ઓળખાય જે શુભ ધ્યાનમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં.

[૬૧]

જે કઠિન કષ્ટો કાપતાં, ક્ષણવારમાં સંસારનાં,
નિહાળતા જે સૃષ્ટિને જેમ, બોરને નિજ હસ્તમાં,
યોગી જનોને ભાસતા, જે સમજતા સૌ વાતમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં

[૬૨]

જન્મો મરણનાં દુઃખને, નહિ જાણતા કદી જે પ્રભુ,
જે મોક્ષપથ દાતાર છે, ત્રિલોકને જોતા વિભુ,
કલંકહીન દિવ્યરૂપ જે, રહેતું નહિ પણ ચંદ્રમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં.

[૬૩]

આ વિશ્વનાં સૌ પ્રાણી પર શુદ્ધ પ્રેમ નિસ્પૃહ રાખતા,
નહિ રાગ કે નહિ દ્વેષ જેને, અસંગ ભાવે વર્તતા,
વિશુદ્ધ ઈન્દ્રિય શૂન્ય જેવા, જ્ઞાનમય છે રૂપમાં,
તે દેવના પણ દેવ વ્હાલા, સિદ્ધ વસજો હૃદયમાં

[૬૪]

ત્રિલોકમાં વ્યાપી રહ્યા છે, સિદ્ધ ને વિબુદ્ધ જે,
નહિ કર્મ કેરા બંધ જેને, ધૂર્ત સમ ધૂતી શકે,
વિકાર સૌ સળગી જતા, મન મસ્ત થાતાં ધ્યાનમાં,
તે દેવના પણ દેવ વ્હાલા સિદ્ધ વસજો હૃદયમાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૬૫]

સ્પર્શ તલભર તિમિર કેરો, થાય નહી જ્યમ સૂર્યને,
ત્યમ દુષ્કલંકો કર્મના, અડકી શકે નહિ આપને,
જે એક ને બહુરૂપ થઈ, વ્યાપી બધે વિરાજતો,
તેવા સુદેવ સમર્થનું સાચું શરણુ હું માગતો.

[૬૬]

રવિ તેજ વિણુ પ્રકાશ જે, ત્રણુ ભુવનને અજવાળતો,
તે જ્ઞાનદીપ પ્રકાશ તારા, આત્મ માંહે દીપતો,
જે દેવ મંગળ બોધ મીઠા, મનુજને નિત્ય આપતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણુ હું માગતો.

[૬૭]

જો થાય દર્શન સિદ્ધનાં, તો વિશ્વદર્શન થાય છે.
જ્યમ સૂર્યના દીવા થકી, સુસ્પષ્ટ સૌ દેખાય છે,
અનંત અનાદિ દેવ જે, અજ્ઞાનતિમિર ટાળતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણુ હું માગતો.

[૬૮]

જેણે હણ્યા નિજ બળ વડે, મન્મથ અને વળી માનને,
જેણે હણ્યા આ લોકના, ભય શોક ચિંતા મોહને,
વિષાદને નિદ્રા હણ્યા, જ્યમ અગ્નિ વૃક્ષો બાળતો,
તેવા સુદેવ સમર્થનું, સાચું શરણુ હું માગતો.

[૬૯]

નવિ માગતો હું કોઈ આસન, દર્ભ પત્થર કાષ્ટનું,
મુજ આત્મના ઉદ્ધાર કાજે, યોગ્ય આસન આત્મનું,
આ આત્મ જો વિશુદ્ધ ને, કષાય દુશ્મન વિણુ જો,
અણુમોલ આસન થાય છે, ઝટ સાધવા સુસમાધિ તો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૭૦]

મેળા બધા મુજ સંઘના, નહિ લોકપૂજા કામની,
જગબાહ્યની નહિ એક વસ્તુ, કામની મુજ ધ્યાનની,
સંસારની સૌ વાસનાને, છોડ વ્હાલા વેગથી,
અધ્યાત્મમાં આનંદ લેવા, યોગ બળ દે હોંશથી.

[૭૧]

આ જગતની કો વસ્તુમાં તો સ્વાર્થ છે નહિ મુજ જરી,
વળી જગતની પણ વસ્તુઓનો, સ્વાર્થ મુજમાં છે નહિ,
આ તત્ત્વને સમજી ભલા, તું મોહ પરનો છોડજે,
શુભ મોક્ષનાં ફળ ચાખવા, નિજ આત્મમાં સ્થિર તું થજે.

[૭૨]

જે જ્ઞાનમય સહજ આત્મ, તે સ્વાત્મા થકી જોવાય છે,
શુભ યોગમાં સાધુ સકળને, આમ અનુભવ થાય છે,
નિજ આત્મમાં એકાગ્રતા, સ્થિરતા વળી નિજ આત્મમાં,
સંપૂર્ણ સુખને સાધવા તું, આત્મથી જો આત્મમાં.

[૭૩]

આ આત્મ મારો એક ને, શાશ્વત નિરંતર રૂપ છે,
વિશુદ્ધ નિજ સ્વભાવમાં, રમી રહ્યો છે નિત્ય તે,
વિશ્વની સહુ વસ્તુનો, નિજ કર્મ ઉદ્ભવ થાય છે,
નિજ કર્મથી વળી વસ્તુનો, વિનાશ વિનિમય થાય છે.

[૭૪]

જો આત્મ જોડે એકતા, આવી નહીં આ દેહની,
તો એકતા શું આવશે, સ્ત્રી પુત્ર મિત્રો સાથની ?,
જો થાય જુદી ચામડી, આ શરીરથી ઉતારતાં,
તો રોમ સુંદર દેહ પર, પામે પછી શું સ્થિરતા ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૭૫]

આ વિશ્વની કો વસ્તુમાં, જો સ્નેહ બંધન થાય છે,
તો જન્મ મૃત્યુ ચક્રમાં, ચેતન વધુ ભટકાય છે,
મુજ મન, વચન ને કાયનો, સંયોગ પરનો છોડવો,
શુભ મોક્ષના અભિલાષનો, આ માર્ગ સાચો જાણવો.

[૭૬]

સંસારરૂપી સાગરે, જે અવનતિમાં લઈ જતી,
તે વાસનાની જાળ પ્યારા, તોડ સંયમ જોરથી,
વળી બાહ્યથી છે આતમ જુદો, ભેદ મોટો જાણવો,
તલ્લીન થઈ ભગવાનમાં, ભવપંથ વિકટ કાપવો.

[૭૭]

કર્મો કર્યાં જે આપણે, ભૂતકાળમાં જન્મો લઈ,
તે કર્મનું ફળ ભોગવ્યા વિણ, માર્ગ એકે છે નહિ,
પરનું કરેલું કર્મ જો, પરિણામ આપે મુજને,
તો મુજ કરેલા કર્મનો, સમજાય નહિ કંઈ અર્થને.

[૭૮]

સંસારનાં સૌ પ્રાણીઓ, ફળ ભોગવે નિજ કર્મનું,
નિજ કર્મના પરિપાકનો ભોક્તા નહિ કો આપણું.,
લઈ શકે છે અન્ય તેને, છોડ એ ભ્રમણા બૂરી,
પ્રભુ ધ્યાનમા નિમગ્ન થા, તુજ આત્મનો આશ્રય કરી.

[૭૯]

શ્રી અમિતગતિ અગમ્ય પ્રભુજી, ગુણ અસીમ છે આપના,
આ દાસ તારો હૃદયથી ગુણ ગાય તુજ સામર્થ્યના,
પ્રગટતા જો ગુણ બધા, મુજ આત્મમાં સદ્ભાવથી,
શુભ મોક્ષને વરવા પછી, પ્રભુ વાર ક્યાંથી લાગતી ?,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી રત્નાકર પચ્ચીશી (૧)

[૮૦]

કલ્યાણલક્ષ્મિ સુખના શુભ કેલિધામ,
વન્દે સુરેન્દ્ર નરદેવ પદાભિરામ,
સર્વજ્ઞ ને અતિશયાદિ સુજ્ઞાનવન્ત,
હે તીર્થનાથ ! જયવન્ત સદા ભદંત.

[૮૧]

દુર્વાર આ ભવવિકાર નિવારનાર,
આધાર લોક ત્રયના કરુણાવતાર,
ભોલા દિલે તુમ કને અરજી ઉચ્ચારું
જાણો જિનેશ સવિ અંતર રુપ મારું.

[૮૨]

ક્રીડા સમેત શિશુ માત–પિતાની પાસ
બોલે ન શું હૃદયમાં ધરતો વિકાસ
તો હું યથાર્થ નિજ અંતર ખેદ સાથ,
બોલું જિનેશ નિજ વિતક વાત નાથ !

[૮૩]

દીધું ન મેં ત્રિજગદીશ સુપાત્ર દાન,
સેવ્યું ન શીલ મનહરિ તપો વિધાન,
સદ્ભાવ આ ભવ વિષે ન થયો અમંદ,
હું તો મુધા બહુ ભમ્યો ભવમાં જિણંદ.

[૮૪]

ક્રોધાગ્નિથી અતિ નિરંતર છું બળેલો,
ને દુષ્ટ લોભ અહિથી પણ છું ડશેલો,
ગ્રસ્યો મહાજગરે મુજને જ એવું,
બાંધેલ છું કપટથી કેમ નાથ સેવું ?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૮૫]

કર્યું ન પૂર્વભવમાં હિતકાર્ય ક્યારે,
તેથી અહિં સુખ મળ્યું નહિ લેશ મારે,
હે નાથ ! જો ઇહ ભવે નવ પુણ્ય થાયે,
માનુષ જન્મ ભવપૂરણ કાજ જાયે.

[૮૬]

આનંદદાયી નિરખી મુખ ચન્દ્ર સાર,
મારું અરે ! મન નથી દ્રવતું ઉદાર,
જેથી શીલાઘટિત એ મુજ ચિત્ત ભાસે,
તેથી કઠોર દિસતું ન કદા વિકાસે.

[૮૭]

સંસારમાં બહુ ભમી તુજથી ઉદાર,
પામ્યો ત્રિરત્ન અતિ દુર્લભ તારનાર,
નિદ્રા પ્રમાદ કરતાં પ્રભુ હું જ હાર્યો,
પોકાર ક્યાં જઈ કરું ભવ મેં વધાર્યો.

[૮૮]

વૈરાગ્ય રંગ પરવંચન કાજ ધારુ
ધર્મોપદેશ જનરંજનમાં વધારૂ,
વિદ્યા વિવાદ કરવા મમ છે પ્રયાસ
હા ! કેટલું જ મમ હાસ્ય કરૂ પ્રકાશ ?

[૮૯]

નિંદા પરાઈ કરતાં મુખડું સદોષ,
અન્યાંગના નિરખતાં મુજ નેત્ર દોષ,
ચિંતી વિરૂપ પરનુ મન ક્લિષ્ટ કીધું,
મારું થશે જ કિમ ફોગટ પાપ લીધું ?

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

[૯૦]

કામાંધતા જ મુજ આતમને સતાવે,
વાંછી ઘણું વિષયને કલુષી બનાવે,
લજ્જાથકી જ પ્રભુ મેં તુમને પ્રકાશ્યું,
તે જ્ઞાન કેવલથકી સ્વયમેવ ભાસ્યું.

[૯૧]

લોપ્યો કુમંત્રથકી મેં પરમેષ્ઠી મંત્ર,
વાણી હણી કુમત શાસ્ત્રથકી સ્વતંત્ર,
સંગે કુદેવ હણવા મથતો સ્વકર્મ,
હે દેવ ! એ સકલ તો મમ બુદ્ધિ ભર્મ.

[૯૨]

પ્રત્યક્ષ દૃષ્ટિગત શ્રી જગદીશ ત્યાગી,
મારી વિમૂઢ મતિ અંતરમાંહિ જાગી,
વક્ષોજ નાભિ નયનો રમણી વિલાસ,
દેખી કટિતટ મને પ્રગટ્યો ઉલ્લાસ.

[૯૩]

જોતાં મૃગાક્ષિ મુખ જે ઉપનો અનંગ,
લાગ્યો નિજાંતર વિષે લવ રાગરંગ,
સિદ્ધાંત સાગર વિષે કરતાં જ સ્નાન,
ધોતાં ગયો ન જગતારક શું નિદાન?

[૯૪]

ના ચારુ અંગ ગુણરાજિન જે ઉદાર,
વિજ્ઞાન નિર્મલ વિલાસ ન કોઈસાર,
શોભા પ્રભાવ પ્રભુતા લવ ના જણાયે,
તોયે અહંત્વ મનમાં ઉભરાઈ જાયે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૯૫]

આયુર્ગલે ન મુજ પાપમતિ ગલાય,
ને નષ્ટ યૌવન ન તો વિષયાશ જાય,
યત્નો કરું અગદમાં ન સુહાય ધર્મ,
સ્વામિન્! વિમોહમતિએમુજ દુષ્ટ કર્મ.

[૯૬]

માનું ન પુણ્ય પરલોક ન જીવ પાપ,
દુષ્ટોતણાં વચણ સાંભલતાં અમાપ,
કૈવલ્ય રુપ સવિતા જિન વિદ્યમાન,
ધિક્કાર મૂઢ મુજને કુમતિપ્રધાન.

[૯૭]

શ્રી દેવ ને ગુરુતણી ન કરી સુસેવા,
સંપૂર્ણ શ્રાદ્ધ યતિ ધર્મ સુમર્મ લેવા,
પાપી નૃજન્મ ન જપ્યા જિનના સુજાપ,
તેથી થયા જ વનમાં સઘલા વિલાપ.

[૯૮]

ચિંતામણિ સુરતરુ અછતા જણાય,
ઈચ્છા તથાપિ જિન ત્યાં મમ નિત્ય ધાય,
સાક્ષાત્ અપૂર્વ સુખદાયક ધર્મ સાર,
લાગે ન ચિત્ત મુજ ત્યાં સમતાવતાર ?

[૯૯]

સદ્‌ભોગ રોગ સમ મેં જિનજી ! ન જાણ્યા,
વિત્તાગમે મરણ આગમ ના પિછાણ્યા,
કારાનિવાસ સમ નારક ના વિચારી,
કામાંધ મેં પરમ બંધનરુપ નારી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૦૦]

સદ્વ્રત્તથી સુજનના દિલમાં ન ભાવ્યો,
સાધી પરોપકૃતિ ના યશ મેં કમાવ્યો,
તીર્થોદ્ધરાદિ કરણીય ન કામ કીધું,
પામી મનુષ્યભવ વ્યર્થ ગુમાવી દીધું.

[૧૦૧]

વૈરાગ્ય રંગ ગુરુના વચને ન થાવે,
દુષ્ટોતણાં વચનમાં નવ શાંતિ આવે,
અધ્યાત્મ લેશ હૃદયે ન સ્ફુરાયમાન,
સંસારથી કિમ તરું કરુણાનિધાન ?

[૧૦૨]

પૂર્વે કર્યું સુકૃત મેં ન કદી જિનેશ,
આગામી જન્મની કહો કિમ થાય લેશ,
ભૂતાદિ જન્મત્રય હું જિનરાજ હાર્યો,
સાચે મને સુખદ ધર્મ દિલે ન ધાર્યો.

[૧૦૩]

દેવેન્દ્રવંદ્ય તુજ પાસ ચરિત્ર મારું,
કેતાં વૃથા વિવિધ એ બકવાદ ધારું,
વિશ્વ સ્વરૂપ સવિ પૂરણ જાણનાર,
શું માત્ર આ મુજ ચરિત્ર ન લેશ સાર ?

[૧૦૪]

તારાથકી અવર ન કરુણાલ નાથ,
મારાથકી અવર ના જગમાં અનાથ,
સમ્યક્ત્વદાયી કુશલે હું ભવાબ્ધિ તારો,
શ્રી દીપચંદ શિશુની અરજી સ્વીકારો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી રત્નાકર પચ્ચીશી (૨)

[૧૦૫]

મુક્તિ શ્રી ને, રમત રમવા, શ્રેષ્ઠ સદ્મ સ્વરૂપ!
વંદે નિત્ય ક્રમ કમલમાં દેવ ને ક્ષોણિ ભૂપ!
વિશ્વે મોટા, સવિ અતિશયે, જ્ઞાન રૂપી કલાના,
કોશાગારી!, ચિર જયવરો, શર્મ દેજો રસાલા....

[૧૦૬]

નોંધારાને, ત્રણ જગતમાં શ્રેષ્ઠ આધાર ભૂત!
ને દુર્વાર, પ્રબળ ભવના, રોગના વૈદ્ય રૂપ!
જાણો સાચે, મમ હૃદયને, તોય હે વિશ્વ સાંઈ!
ભોળા ભાવે, અરજ કરું છું, આપની પાસ કાંઈ...

[૧૦૭]

ભોળો એવો, શિશુ જગમહીં, મગ્ન બાલક્રિડામાં,
રાખે લજ્જા, જનકજનની, પાસ શું બોલવામાં,
તેવી રીતે, મમ ઉર તણી, વાત જે જે બની તે,
મૂકું ખુલ્લી, જિન! તવ કને, શોક હૈયે ધરીને...

[૧૦૮]

આ સંસારે, સુરવર ધણી!, દાન દીધું નથી મેં,
પાછું એવું, શિયળ પણ મેં, શુદ્ધ પાળ્યું નથીને,
સેવ્યો થોડો, તપ નહિ વળી, શુદ્ધ ભાવો ન ભાવ્યા,
હાં રે રે! કૈં, જનમ સુખની, ભ્રાંતિથી મેં ગમાવ્યા....

[૧૦૯]

દાઝયો છું હું, અતિશય વિભો!, ક્રોધ આગે કરીને,
ડંસાયો, છું હું, ભવ વન મહીં, લોભ સર્પે કરીને,
સાથે માનાજગર સુખથી, છું ગળાયો પ્રભુ હું,
માયા જાળે, મુજ મન ગયું, કેમ તું ને ભજું હું...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૧૦]

કીધું ના કૈં, હિત પર ભવે, કે વિભો! આ ભવેયે
તેથી પામ્યો, લવ પણ નહીં, શાન્તિ સંસાર માંહિ,
મારા જેવો, અબુધ જનનો, જન્મ માત્ર પ્રભો! રે,
જાણે આ તો, મનુષ ભવને, પૂરવાને થયો રે...

[૧૧૧]

કેવું દીસે, અમૃત ઝરતું, નાથ! વક્ત્રેન્દુ તારું,
તેવા તારા, મુખ કમળના દર્શના લાભથી યે,
મારા ચિત્તો, રસ ન ઝરતો, અલ્પ આનંદનો યે,
તેથી માનું, કઠિણ મુજ છે, ચિત્ત પાષાણથી યે...

[૧૧૨]

આ સંસારે, ભ્રમણ કરતાં, નાથ! તારી કૃપાથી,
પામ્યો છું હું, ત્રણ રતન જે, પ્રાપ્ત થાવે દુઃખેથી,
ખોયા મેં તો, ભવ વન મહીં તેય નિદ્રા પ્રમાદે,
કોની પાસે, દુઃખદ કરવો, આજ પોકાર મારે...

[૧૧૩]

ઠાયા હૈયે, જગત ઠગવા, રંગ વૈરાગ્યના મેં,
કીધી વ્યાખ્યા, તવ ધરમની, લોકના હર્ષ માટે,
વિદ્યા લીધી, ત્રણ જગ પતે! સિદ્ધવાદી થવાને,
બોલું શું હું અતિ તવ કને, હાસ્યકારી કથાને...

[૧૧૪]

કીધું મોઢું, મલિન મુજનું, અન્યના દોષ બોલી,
કીધાં નેત્રો, મિલન પરની, નારના વક્ત્ર જોઈ,
કીધું ગંદું, અશુભ પરનું, ચિંતવી ચિત્તને યે,
ભૂલ્યો બાજી, હિતકર હવે, ભાવિમાં શું થશે રે...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૧૫]

થાઈ અંધો, અતિશય વિભો ! કામ દૈત્યે કરીને
પીડી જાતે, કુવિષયમહીં, માહરી જાતને મેં,
જાણો જાતે, સકલ કથની, અલ્પનાથે અજાણ્યું,
તોયે તે મેં, જિન! તવ કને લાજ લાવી પ્રકાશ્યું...

[૧૧૬]

બીજા મંત્રે, નવપદ તણો, મંત્ર દીધો હણી મેં,
જાણી શાસ્ત્રો, પર જન તણા, શાસ્ત્ર વાણી હણી મેં,
કીધી ઈચ્છા, કરમ હણવા, અન્ય દેવો વડે મેં,
કેવો મારો, ભ્રમ મતિ તણો, સત્ય દૂરે તજે છે....

[૧૧૭]

જોયા મેં તો, અખિયન વડે, આપને તોય છોડી,
હૈયામાં મેં, પર જન તણી, નારમાં બુદ્ધિ જોડી,
સ્વામિન્ ! તેના, નયન કુચને વક્ત્ર ગંભીર નાભી,
જોઈ ધ્યાયા, મનહર કટી, આદિ અંગો વિલાસી...

[૧૧૮]

પદ્માકારી, ચપળ નયની, નારના વક્ત્ર દર્શે,
લાગ્યો થોડો, મુજ મન મહીં, રાગનો અંશ જે છે,
જાવે ના તે. પળ પળ વિભો ! શાસ્ત્ર રત્નાકરે રે,
ધોવાથીયે, ઝટપટ કહો, નાથ ! શા કારણે રે....

[૧૧૯]

છે ના હૈયે, ગુણ ગણ વળી, અંગના ચંગ મારૂં,
છે ના એવી, વિલસિત કલા, કે નહીં તેજ સારૂ,
છે ના કોઈ, વિષય પર યે, અલ્પ સત્તા ય મારી,
તોયે પીડે, અતિશય મુને, ગર્વ હે જ્ઞાનધારી....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૨૦]

પાપ પ્રજ્ઞા, લવ ન ઘટતી, જાય આયુષ્ય તોયે,
ભોગેચ્છાઓ, પણ નવ ઘટે, જાય તારુણ્ય તોયે,
ચાહું ના હું, જિન ! ધરમને, ઔષધે યત્ન ચાહું,
બંધાઈને દુઃખ અનુભવું, મોહના પાશમાં હું....

[૧૨૧]

છે ના આત્મા પરભવ વળી, પુણ્યને પાપયે ના,
ખોટી વાણી, ઠગ જન તણી, કર્ણથી પીધ મેં હા !
આપશ્રી તો, પ્રકટિત હતા, જ્ઞાન સૂર્ય અરે રે, !
તો યે ભૂલ્યો, જિનવર ! મુને, ખૂબ ધિક્કાર છે રે...

[૧૨૨]

કીધી પૂજા, લવ પણ નહી, દેવ કે પાત્રનીયે,
સાધુ શ્રાદ્ધ, પ્રમુખ, નહિ મેં, ધર્મ પાળ્યો જરીયે,
પામ્યો છું આ નર ભવ છતાં નાથ ! સર્વ પ્રકારે,
ભિષણારણ્યે, રુદન કરવા, તુલ્ય બન્યું જ મારે....

[૧૨૩]

લાગ્યું મારું, મન અતિ વિભો !' કલ્પવૃક્ષોપરે ને,
ચિંતા ચૂરી, મણિ પર વળી, કામધેનુ પરે યે,
ખોટાં છે તો, પણ સુખદ આ, જૈન ધર્મે હમારા,
ભાવો સ્પર્શ્યા, નહિ વર! જુઓ, મૂઢ આ ભાવ મારા

[૧૨૪]

માન્યું સારું, વિષય સુખને, રોગ જેવું ન માન્યું,
કીધી ઈચ્છા, બહુ ધનતણી, મૃત્યુ ને નાહિ જાણ્યું,
નારીઓ છે, જિનવર ! ખરે, નર્કનું કેદખાનું,
એવું કે ના, અધમ મુજથી, ચિત્તમાં ચિંતવાયું....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૨૫]

શુદ્ધાચારે, સુજન ઉરમાં, સ્થાન ના પ્રાપ્ત કીધું,
સાધી કાર્યો, પર જન તણાં, માન ના પ્રાપ્ત કીધું,
તીર્થો ના કે, ઈતર જિનજી !, કોઈ કાર્યો ન કીધાં,
ખોયો મેં તો, નરભવ વૃથા, મૂર્ખતાની ન સીમા,

[૧૨૬]

જામ્યો નાહીં, ગુરુ વચનમાં, રંગ વૈરાગ્ય કેરો,
ને કીધો હાં, ઠગ જન વચે, ભંગ મેં શાન્તિ કેરો,
છે ના કાંઈ, મુજ હૃદયમાં, અલ્પ અધ્યાત્મ સાંઈ!
મારાથી આ, ભવજલધિને, કેમ જાશે તિરાઈ?

[૧૨૭]

કીધું ના મેં, વિગત ભવમાં, પુણ્યનો પ્રાપ્ત ઈશ !
ને ભાવીના, પણ જનમમાં, પ્રાપ્ત ના હું કરીશ,
એવા મારા, ગત ઈહ અને, સાથ ભાવી ત્રણે છે,
જન્મો ખોયા, પરમ ગુરૂ ! મેં, તેમ હૈયું ભણે છે.

[૧૨૮]

તારી પાસે, શિવપુર ધણી ! બોલવું શું વધારે,
ખોટા એવા, મમ ચરિતને, જીભથી વ્યર્થ મારે,
જાણો છો આ, અખિલ જગના, રૂપને સત્ય રીતે,
તેથી તો હું, જિન ! તવ કને, કોણ છું માત્ર ચિત્તે.

[૧૨૯]

છે ના બીજો, તવ સમ વિભો !, દીન ને તારનારો,
ને ના મર્ત્યે, મમ સમ દુજો, પાત્ર છે દુઃખિયારો,
તો યે માગું, ધન કણ નહીં, મુક્તિ રત્નાકરશ્રી !
"કલ્પા" ધારી શિવકર ! ચહું, માત્ર સમ્યક્ત્વ હર્ષી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# શ્રી રત્નાકર પચ્ચીશી (૩)

[૧૩૦]

મંદિર છો મુક્તિતણા માંગલ્ય ક્રીડાના પ્રભુ !
ને ઈન્દ્ર નરને દેવના સેવા કરે તારી વિભુ !
સર્વજ્ઞ છો સ્વામી વળી શિરદાર અતિશય સર્વના,
ઘણું જીવ! તું ઘણું જીવ! તું ભંડાર જ્ઞાનકળાતણા.

[૧૩૧]

ત્રણ જગતના આધાર ને અવતાર હે કરૂણાતણા
વળી વૈદ્ય ! હે ! દુર્વાર આ સંસારનાં દુઃખો તણા,
વીતરાગ ! વલ્લભ ! વિશ્વના તુજ પાસ અરજી ઉચ્ચરૂં,
જાણો છતાં પણ કહી અને આ હૃદય હું ખાલી કરૂં.

[૧૩૨]

શું બાળકો મા–બાપ પાસે બાળક્રીડા નવ કરે,
ને મુખમાંથી જેમ આવે તેમ શું નવ ઉચ્ચરે,
તેમજ તમારી પાસ તારક આજ ભોળા ભાવથી,
જેવું બન્યું તેવું કહું તેમાં કશું ખોટું નથી.

[૧૩૩]

મેં દાન તો દીધું નહિ શિયળ પણ પાળ્યું નહિ,
તપથી દમી કાયા નહિ શુભ ભાવ પણ ભાવ્યો નહિ,
એ ચાર ભેદે ધર્મમાંથી કાંઈ પણ પ્રભુ નવ કર્યું,
મ્હારૂં ભ્રમણ ભવસાગરે નિષ્ફળ ગયું ! નિષ્ફળ ગયું !

[૧૩૪]

હું ક્રોધઅગ્નિથી બળ્યો વળી લોભસર્પ ડસ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે હું કેમ કરી ધ્યાવું તને,
મન મારૂં માયાજાળમાં મોહન ! મહા મુંઝાય છે.
ચડી ચાર ચોરો હાથમાં ચેતન ઘણો ચગદાય છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૩૫]

મેં પરભવે કે આ ભવે પણ હિત કાંઈ કર્યું નહિ,
તેથી કરી સંસારમાં સુખ અલ્પ પણ પામ્યો નહિ,
જન્મો અમારા જિનજી ! ભવ પૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં અજ્ઞાનથી હારી ગયા.

[૧૩૬]

અમૃત ઝરે તુજ મુખરૂપી ચંદ્રથી તો પણ પ્રભુ ?,
ભિંજાય નહિ મુજ મન અરેરે ! શું કરૂં હું તો વિભુ ?
પત્થર થકી પણ કઠણ મારૂં મન ખરે ! ક્યાંથી દ્રવે ?
મરકટ સમા આ મન થકી હું તો પ્રભુ ! હાર્યો હવે.

[૧૩૭]

ભમતાં મહાભવસાગરે પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન દર્શન ચરણરૂપી રત્નત્રય દુષ્કર ઘણાં,
તે પણ ગયા પ્રમાદના વશથી પ્રભુ કહું છું ખરું,
કોની કને કિરતાર આ પોકાર હું જઈને કરૂં.

[૧૩૮]

ઠગવા વિભુ ! આ વિશ્વને વૈરાગ્યના રંગો ધર્યા,
ને ધર્મના ઉપદેશ રંજન લોકને કરવા કર્યા !
વિદ્યા ભણ્યો હું વાદ માટે કેટલી કથની કહું ?
સાધુ થઈને બહારથી દાંભિક અંદરથી રહું.

[૧૩૯]

મેં મુખને મેલું કર્યું દોષો પરાયા ગાઈને,
ને નેત્રને નિંદિત કર્યાં પરનારીમાં લપટાઈને,
વળી ચિત્તને દોષિત કર્યું ચિંતી નઠારૂં પરતણું,
હે નાથ ! મારૂં શું થશે ? ચાલાક થઈ ચૂક્યો ઘણું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૪૦]

કરે કાળજાને કતલ પીડા કામની બિહામણી,
એ વિષયમાં બની અંધ હું વિડંબના પામ્યો ઘણી,
તે પણ પ્રકાશ્યું આજ લાવી લાજ આપતણી કને,
જાણો સહુ તેથી કહું કર માફ મારા વાંકને.

[૧૪૧]

નવકારમંત્ર વિનાશ કીધો અન્ય મંત્રો જાણીને,
કુશાસ્ત્રના વાક્યો વડે હણી આગમોની વાણીને,
કુદેવની સંગતથકી કર્મો નકામા આચર્યા,
મતિભ્રમ થકી રત્નો ગુમાવી કાચ કટકા મેં ગ્રહ્યા.

[૧૪૨]

આવેલ દ્રષ્ટિમાર્ગમાં મૂકી મહાવીર ! આપને,
મેં મૂઢધીએ હૃદયમાં ધ્યાયા મદનના ચાપને,
નેત્રબાણો ને પયોધર નાભીને સુંદર કટિ,
શણગાર સુંદરીઓ તણા છટકેલ થઈ જોયા અતિ.

[૧૪૩]

મૃગનયની સમ નારી તણા મુખચંદ્ર નિરખવાવતી,
મુજ મન વિષે જે રંગ લાગ્યો અલ્પ પણ ગાઢો અતિ,
તે શ્રુતરૂપ સમુદ્રમાં ધોયા છતાં જાતો નથી,
તેનું કહો કારણ તમે બચું કેમ હું આ પાપથી ?

[૧૪૪]

સુંદર નથી આ શરીર કે સમુદાય ગુણતણો નથી,
ઉત્તમ વિલાસ કળાતણી દેદીપ્યમાન પ્રભા નથી,
પ્રભુતા નથી તો પણ પ્રભુ! અભિમાનથી અક્કડ ફરૂં,
ચોપાટ ચાર ગતિતણી સંસારમાં ખેલ્યા કરૂં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૪૫]

આયુષ્ય ઘટતું જાય તો પણ પાપ બુદ્ધિ નવ ઘટે,
આશા જીવનની જાય પણ વિષયાભિલાષા નવ મટે,
ઔષધ વિષે કરૂં યત્ન પણ હું ધર્મને તો નવ ગણું,
બની મોહમાં મસ્તાન હું પાયા વિનાના ઘર ચણું.

[૧૪૬]

આત્મા નથી પરભવ નથી વળી પુણ્ય પાપ કશું નથી,
મિથ્યાત્વિની કટુ વાણી મેં ધરી કાન પીધી સ્વાદથી,
રવિ સમ હતા જ્ઞાને કરી પ્રભુ ! આપશ્રીતો પણ અરે,
દીવો લઈ કૂવે પડયો ધિક્કાર છે મુજને ખરે.

[૧૪૭]

મેં ચિત્તથી નહિ દેવની કે પાત્રની પૂજા ચહી,
ને શ્રાવકો કે સાધુઓનો ધર્મ પણ પાળ્યો નહિ,
પામ્યો પ્રભુ નરભવ છતાં રણમાં રડવા જેવું થયું.
ધોબીતણાં કુત્તા સમું મમ જીવન સહુ એળે ગયું.

[૧૪૮]

હું કામધેનુ કલ્પતરૂ ચિંતામણિના પ્યારમાં
ખોટા છતાં ઝંખ્યો ઘણું બની લુબ્ધ આ સંસારમાં
જે પ્રગટ સુખ દેનાર ત્હારો ધર્મ તે સેવ્યો નહિ,
મુજ મૂર્ખ ભાવોને નિહાળી નાથ કર કરૂણા કંઈ.

[૧૪૯]

મેં ભોગ સારા ચિંતવ્યા તે રોગ સમ ચિંત્યા નહિ.
આગમન ઇચ્છયું ધનતણું પણ મૃત્યુને પીછયુ નહિ,
નહિ ચિંતવ્યું મેં નર્ક કારાગૃહ સમી છે નારીઓ,
મધુબિંદુની આશામહિં ભયમાત્ર હું ભુલી ગયો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૫૦]

હું શુદ્ધ આચારો વડે સાધુ હૃદયમાં નવ રહ્યો,
કરી કામ પર ઉપકારના યશ પણ ઉપાર્જન નવ કર્યો,
વળી તીર્થનાં ઉદ્ધાર આદિ કોઈ કાર્યો નવ કર્યાં,
ફોગટ અરે! આ લક્ષ ચોરાશીતણા ફેરા ફર્યાં.

[૧૫૧]

ગુરૂવાણીમાં વૈરાગ્ય કેરો રંગ લાગ્યો નહિ અને
દુર્જનતણાં વાક્યોમહીં શાન્તિ મળે ક્યાંથી મને?
તરૂં કેમ હું સંસાર આ? અધ્યાત્મ તો છે નહિ જરી,
તૂટેલ તળિયાનો ઘડો જળથી ભરાયે કેમ કરી?

[૧૫૨]

મેં પરભવે નથી પુણ્ય કીધું ને નથી કરતો હજી,
તો આવતા ભવમાં કહો ક્યાંથી થશે હે નાથજી!
ભૂત ભાવિને સાંપ્રત ત્રણે ભવ નાથ હું! હારી ગયો,
સ્વામી! ત્રિશંકુ જેમ હું આકાશમાં લટકી રહ્યો.

[૧૫૩]

અથવા નકામું આપ પાસે નાથ? શું બકવું ઘણું,
હે! દેવતાના પૂજ્ય! આ ચારિત્ર મુજ પોતાતણું,
જાણો સ્વરૂપ ત્રણ લોકનુ તો માહરૂં શું માત્ર આ?
જ્યાં ક્રોડનો હિસાબ નહિં ત્યાં પાઈની તો વાત ક્યાં.

[૧૫૪]

ત્હારાથી ન સમર્થ અન્ય દીનનો ઉદ્ધારનારો પ્રભુ,
મારાંથી નહિ અન્ય પાત્ર જગમાં જોતા જડે હે વિભુ,
મુક્તિમંગલ સ્થાન તોય મુંજને ઈચ્છા ન લક્ષ્મી તણી,
આપો સમ્યગ્રત્ન શ્યામ જીવને તો તૃપ્તિ થાયે ઘણી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## આત્મનિન્દા દ્વાત્રિંશિકા – પદ્યાનુવાદ

[૧૫૫]

સર્વે સુરેન્દ્રોના નમેલા મુકુટ તેના જે મણિ,
તેના પ્રકાશે ઝળહળે પદપીઠ જે તેના ઘણી,
આ વિશ્વનાં દુઃખો બધાંયે છેદનારા હે પ્રભુ,
જય જય થજો જગબંધુ તુમ એમ સર્વદા ઇચ્છુ વિભુ.

[૧૫૬]

વિતરાગ હે કૃતકૃત્ય ભગવન્ આપને શું વિનવું,
હું મૂર્ખ છું મહારાજ જેથી શક્તિહીન છતાં સ્તવું,
શું અર્થીવર્ગ યથાર્થ સ્વામીનું સ્વરૂપ કહી શકે,
પણ પ્રભો પૂરી ભક્તિ પાસે યુક્તિઓ એ ના ઘરે,

[૧૫૭]

હે નાથ ! નિર્મલ થઈ વસ્યા છો આપ દૂરે મુક્તિમાં,
તોયે રહ્યાં ગુણ ઓપતાં મુજ ચિત્તરૂપી શુક્તિમાં,
અતિદૂર એવો સૂર્ય પણ શું આરસીના સંગથી,
પ્રતિબિંબરૂપે આવી અહીં ઉદ્યોતને કરતો નથી.

[૧૫૮]

પ્રાણીતણાં પાપો ઘણાં ભેગા કરેલાં જે ભવે,
ક્ષીણ થાય છે ક્ષણમાં બધાં તે આપને ભાવે સ્તવે,
અતિગાઢ અંધારાતણું પણ સૂર્ય પાસે શું ગજું ?
એમ જાણીને આનંદથી હું આપને નિત્યે ભજું.

[૧૫૯]

શરણ્ય કરૂણાસિન્ધુ જિનજી આપ બીજા ભક્તનાં,
મહામોહવ્યાધિને હણો છો શુદ્ધ સેવાસક્તનાં,
આનંદથી હું આપ આણા મસ્તકે નિત્યે વહુ,
તોયે કહો કોણ કારણે એ વ્યાધિનાં દુઃખો સહુ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૬૦]

સંસારરૂપ મહાઅટવીના છો સાર્થવાહ પ્રભુ તમે,
મુક્તિપુરી જવાતણી ઇચ્છા અતિશય છે મને,
આશ્રય કર્યો તેથી પ્રભો તુજ તોય આન્તર-તસ્કરો,
મુજ રત્નત્રય લુંટે વિભો રક્ષા કરો! રક્ષા કરો!

[૧૬૧]

બહુકાળ આ સંસારસાગરમાં પ્રભુ હું સંચર્યો,
થઈ પુણ્યરાશિ એકઠી ત્યારે જિનેશ્વર તું મળ્યો,
પણ પાપકર્મ ભરેલ મેં સેવા સરસ નવ આદરી,
શુભ યોગને પામ્યા છતાં મેં મૂર્ખતા બહુએ કરી.

[૧૬૨]

આ કર્મરૂપકુલાલ મિથ્યાજ્ઞાનરૂપી દંડથી,
ભવચક્ર નિત્ય ભમાડતો દિલમાં દયા ધરતો નથી,
કરી પાત્ર મુજને પુંજ દુઃખનો દાબી-દાબીને ભરે,
વિણ આપ આ સંસાર કોણ રક્ષા કહો એથી કરે?

[૧૬૩]

ક્યારે પ્રભો સંસારકારણ સર્વ મમતા છોડીને,
આજ્ઞા પ્રમાણે આપની મન તત્ત્વજ્ઞાને જોડીને,
રમીશ આત્મ વિષે વિભો નિરપેક્ષવૃત્તિ થઈ સદા,
તજીશ ઇચ્છા મુક્તિની પણ સન્ત થઈને હું કદા?

[૧૬૪]

તુજ પૂર્ણશશિની કાન્તિ સરખા કાન્તગુણ દૃઢ દોરથી,
અતિચપલ મુજ મન વાંદરાને બાંધીને બહુ જોરથી,
આજ્ઞારૂપી અમૃતરસોના પાનમાં પ્રીતિ કરી,
પામીશ પરબ્રહ્મે રતિ ક્યારે વિભાવો વિસરી?



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૬૫]

હું હીનથી પણ હીન પણ તુમ ચરણસેવાને બળે,
આવ્યો અહીં ઉંચી હદે જે પૂર્ણ પુણ્યથકી મળે,
તો પણ હઠીલી પાપી કામાદિકતણી ટોળી મને,
અકાર્યમાં પ્રેરે પરાણે પીડતી નિર્દયપણે.

[૧૬૬]

કલ્યાણકારી દેવ! તુમ સમ સ્વામી તુજ માથે છતે,
કલ્યાણ કોણ ન સંભવે જો વિઘ્ન મુજ નવ આવતે,
પણ મદન આદિક શત્રુઓ પુંઠે પડ્યા છે માહરે,
દૂરે કરૂં શુભ ભાવનાથી પાપીઓ પણ નવ મરે.

[૧૬૭]

સંસારરૂપ સમુદ્રમાં ભમતો અનાદિ કાળથી,
હું માનું છું કે આપ કદી મુજ દૃષ્ટિએ આવ્યા નથી,
નહીંતર નરકની વેદના સીમા વિનાની મેં પ્રભો!
બહુ દુઃખથી જે ભોગવી તે કેમ પામું હું વિભુ?

[૧૬૮]

તરવાર ચક્ર ધનુષ્ય ને અંકુશથી જે શોભતું,
વજ્રપ્રમુખ શુભ ચિન્હથી શુભભાવવલ્લી રોપતું,
સંસારતારક આપનું એવું ચરણયુગ નિર્મળું,
દુર્વાર એવા મોહવૈરીથી ડરીને મેં થયું.

[૧૬૯]

નિઃસીમ કરૂણાધાર છો છો શરણ આપ પવિત્ર છો,
સર્વજ્ઞ છો નિર્દોષ છો ને સર્વ જગના નાથ છો,
હું દીન છું હિમ્મત થઈ રહી શરણે આવ્યો આપને,
આ કામરૂપી ભિલ્લથી રક્ષો મને　રક્ષો મને

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

[૧૭૦]

વિણ આપઆ જગમાં નથી સ્વામીસમર્થ મળ્યો મને,
દુષ્કૃત્યનો સમુદાય મોટો જે પ્રભુ મારો હણે,
શું શત્રુઓનું ચક્ર જે બહુ દુઃખથી દેખાય છે,
વિણ ચક્ર વાસુદેવના તે કોઈ રીત હણાય છે ?

[૧૭૧]

પ્રભુ દેવનાં પણ દેવ છો વળી સત્ય શંકર છો તમે,
છો બુદ્ધ ને આ વિશ્વત્રયને છો તમે નાયકપણે,
એ કારણે આન્તરરિપુ સમુદાયથી પીડેલ હું,
હે નાથ ! તુમ પાસે રહીને હાર્દનાં દુઃખો કહું.

[૧૭૨]

અધર્મના! કાર્યો બધાં દૂરે કરીને ચિત્તને,
જોડું સમાધિમાં જિનેશ્વર શાન્ત થઈ હું જે સમે,
ત્યાં તો બધાએ વૈરીઓ જાણે વળેલા ક્રોધથી,
મહામોહનાં સામ્રાજ્યમાં લઈ જાય છે બહુ જોરથી

[૧૭૩]

છે મોહઆદિક શત્રુઓ મ્હારા અનાદિ કાળનાં,
એમ જાણું છું જિનદેવ પ્રવચન–પાનથી હું આપના
તોયે કરી વિશ્વાસ એના મૂઢ મેંઢા હું બનું,
એ મોહબાજીગરકને કપિ–રીતને હું આચરૂં

[૧૭૪]

એ રાક્ષસોનાં રાક્ષસો છે ક્રૂર મ્લેચ્છો એ જ છે,
એણે મને નિષ્ઠુરપણે બહુવાર બહુ પીડેલ છે,
ભયભીત થઈ એથી પ્રભુ તુમ ચરણ શરણું મેં ગ્રહ્યું,
જગવીર દેવ બચાવજો મેં ધ્યાન તુમ ચિત્તે ધર્યું,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૭૫]

ક્યારે પ્રભો નિજ દેહમાં પણ આપબુદ્ધિને તજી,
શ્રદ્ધાજળે શુદ્ધિ કરેલ વિવેકને ચિત્તે સજી,
સમ શત્રુ મિત્ર વિષે બની ન્યારો થઈ પરભાવથી,
રમીશ સુખકર સંયમે ક્યારે પ્રભો આનન્દથી ?

[૧૭૬]

ગતદોષ ગુણભંડાર જિનજી દેવ મ્હારે તું જ છે,
સુરનર સભામાં વર્ણવ્યો જે ધર્મ મ્હારે તે જ છે,
એમ જાણીને પણ દાસની મત આપ અવગણના કરો,
આ નમ્ર મ્હારી પ્રાર્થના સ્વામી તમે ચિત્તે ધરો.

[૧૭૭]

ષડ્વર્ગ મદનાદિકતણો જે જિતનારો વિશ્વને,
અરિહંત ઉજ્વલ ધ્યાનથી ત્હેને પ્રભુ જીત્યો તમે,
અશક્ત આપ પ્રતે હણે તુમ દાસને નિર્દયપણે,
એ શત્રુઓને જીતું એવું આત્મબળ આપો મને.

[૧૭૮]

સમર્થ છો સ્વામી તમે આ સર્વ જગને તારવા,
ને મુજ સમા પાપી જનોની દુર્ગતિને વારવા,
આ ચરણ વળગ્યો પાંગળો તુમ દાસ દીન દુભાય છે,
હે શરણ ! શું સિદ્ધિ વિષે સંકોચ મુજથી થાય છે ?

[૧૭૯]

તુમ પાદપદ્મ રમે પ્રભો નિત જે જનોનાં ચિત્તમાં,
સુર ઈન્દ્ર કે નરઈન્દ્રની પણ એ જનોની શી તમા ?
ત્રણ લોકની પણ લક્ષ્મી એને સહચરી પેઠે ચહે,
શુભ સદ્ગુણોનો ગન્ધ એના આત્મમાંહે મહમહે

Jain Education International                For Private & Personal Use Only                www.jainelibrary.org

[૧૮૦]

અત્યન્ત નિર્ગુણ છું પ્રભો હું ક્રુર છું હું દુષ્ટ છું
હિંસક અને પાપે ભરેલો સર્વ વાતે પૂર્ણ છું,
વિણ આપ આલંબન પ્રભો ભવભીમસાગર સંચરૂં,
મુજ ભવભ્રમણની વાત જિનજી આપ વિણ કોને કરૂં !

[૧૮૧]

મુજ નેત્રરૂપ ચકોરને તું ચન્દ્રરૂપે સાંપડ્યો,
તેથી જિનેશ્વર આજ હું આનન્દ ઉદધિમાં પડ્યો,
જે ભાગ્યશાળી હાથમાં ચિન્તામણિ આવી ચડે,
કઈ વસ્તુ એવી વિશ્વમાં જે તેહને નવ સાંપડે ?

[૧૮૨]

હે નાથ ! આ સંસારસાગર ડૂબતા એવા મને,
મુક્તિપુરીમાં લઈ જવાને જહાજરૂપે છો તમે.
શિવરમણીના શુભ સંગથી અભિરામ એવા હે પ્રભો !
મુજ સર્વ સુખનું મુખ્ય કારણ છો તમે નિશ્ચે વિભો

[૧૮૩]

જે ભવ્યજીવો આપને ભાવે નમે સ્તોત્રે સ્તવે,
ને પુષ્પની માળા લઈને પ્રેમથી કંઠે ઠવે;
તે ધન્ય છે કૃતપુણ્ય છે ચિન્તામણિ તેને કરે,
વાવ્યો પ્રભો ! નિજકૃત્યથી સુરવૃક્ષને એણે ગૃહે

[૧૮૪]

હે નાથ ! નેત્રો મીંચીને ચળચિત્તની સ્થિરતા કરી,
એકાન્તમાં બેસી કરીને ધ્યાનમુદ્રાને ધરી,
મુજસર્વકર્મવિનાશકારણ ચિન્તવું જે જે સમે,
તે તે સમે તુજ મૂર્તિ મનહર માહરે ચિત્તે રમે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૮૫]

ઉત્કૃષ્ટ ભક્તિથી પ્રભો મેં અન્ય દેવોને સ્તવ્યા,
પણ કોઈ રીતે મુક્તિસુખને આપનારા નવ થયા;
અમૃત ભરેલા કુમ્ભથી છો ને સદાયે સીંચીએ
આંબા તણા મીઠાં ફળો પણ લીંબડા ક્યાંથી દીયે?

[૧૮૬]

ભવજલધિમાંથી હે પ્રભો! કરૂણા કરીને તારજો,
ને નિર્ગુણીને શિવનગરનાં શુભ સદનમાં ધારજો;
આ ગુણી ને આ નિર્ગુણી એમ ભેદ મોટા નવ કરે,
શશિ સૂર્ય મેઘપરે દયાળુ સર્વનાં દુઃખો હરે.

પામ્યો છું બહુ પુણ્યથી પ્રભુ! તને ત્રૈલોક્યના નાથને,
હેમાચાર્ય સમાન સાક્ષી શિવના નેતા મળ્યા છે મને,
એથી ઉત્તમ વસ્તુ કોઈ ન ગણું જ્હેની કરૂં માગણી,
માગું આદરવૃદ્ધિ તોય તુજમાં એ હાર્દની લાગણી.

— × — × — × —

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

## બારભાવના રૂપ પ્રભુ સ્તુતિ

[૧૮૭]

પ્રિય દેહને સ્નેહીજનો સામ્રાજ્ય મોટા આદિને
ધનરૂપ બળને પુણ્ય વિભૂતિ યોગ સૌ અધ્રુવ છે,
વિભિન્ન સૌથી શાશ્વતો નિજ એક આત્મા શ્રેષ્ઠ છે,
વંદન કરી પ્રભુ નિત્ય ભાવું ભાવના અધ્રુવ એ.

[૧૮૮]

નિર્જીવ જીવકે મિશ્રભૂતિ કે હરી ચક્રીતણું,
મરણુ સમ બહુ કષ્ટ કાળે શરણના કંઈ કામનું,
પરમ ગુરૂ કે રત્નત્રય રૂપ ધર્મ સાચું શરણ છે,
વંદન કરી પ્રભુ નિત્ય ભાવું ભાવના અશરણ એ.

[૧૮૯]

ભમતા સદા આ પંચવિધ ભવસાગરે કૃત કર્મથી,
કબ મુક્તિને પામીશ હું? દુઃખ મૂળ આ ભવ ચક્રથી,
મુક્તિમયી અતિ શુદ્ધ હું ના મુજ કદી સંસાર તે,
વંદન કરી પ્રભુ નિત્ય ભાવું ભાવના સંસાર એ.

[૧૯૦]

પોતે જ વેદે સ્વર્ગ નરકે એકલો નિજ કર્મને,
ના કોઈ સહચર તુજ સાટે ભોગવે તુજ કૃત જે,
ત્રણ રત્નમય તું એક નિર્મમ શુદ્ધ ઉપાદેય છે,
વંદન કરી પ્રભુ નિત્ય ભાવું ભાવના એકત્વ એ.

[૧૯૧]

માતા પિતા સ્નેહીજનોને કાય પણ તારી નહીં,
નવ કોઈ કોનું કોઈ કાળે સ્વાર્થી છે સૌ જગમહીં.
સૌ સાથથી છે અન્ય આત્મા જ્ઞાન દર્શન રૂપ તે,
વંદન કરી પ્રભુ નિત્ય ભાવું ભાવના અન્યત્વ એ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૯૨]

વ્યાધી ભર્યો દુ:ખ વારિધિ મલમુત્રને કૃમિવાસ છે,
શુચિ વસ્તુપાન વિણસાડતો નિત વિણસતો આ દેહ છે,
વ્યતિરિક્ત તનથી કર્મ વિણ સુખસદ્મ તે શુચિ આત્મ છે,
વંદન કરી પ્રભુ નિત્યભાવું ભાવના અશુચિત્વ એ.

[૧૯૩]

અવ્રત યોગ કષાયને પ્રમાદને મિથ્યાત્વની,
પરભાવની એ પરિણતિથી કર્મનો આશ્રવ કરી,
ભવમાં ડુબું પણ ના લહું નિરાસ્રવી નિજ રૂપને,
વંદન કરી પ્રભુ નિત્ય ભાવુ ભાવના આશ્રવનીએ.

[૧૯૪]

સુદૃષ્ટિ વિરતિ જ્ઞાનથી સૌ પાપ રોધી સંવરે,
શુભથી અશુભનો શુદ્ધ ભાવે શુભનો નિરોધ છે,
ના કર્મ ત્યાં સંવર કહાં પરમાર્થથી એક શુદ્ધ છે,
વંદન કરી પ્રભુ નિત્ય ભાવું ભાવના સંવરની એ.

[૧૯૫]

કર્મ અણુંના સ્ખલન રૂપને હોય સંવર હેતુથી
તે નિર્જરાના ભેદ બે સ્વકાળને તપ વૃતથી
સદ્‌જ્ઞાન ક્રિયાથી લહે જે નિર્જરા તે પાવના,
વંદન કરી પ્રભુ નિત્ય ભાવું નિર્જરા તણી ભાવના.

[૧૯૬]

ષટ દ્રવ્યનો સમવાયને ત્રણ ભેદથી આ લોક છે,
અશુભે નરક તિર્યંચની ગતિ શુભથી નર દેવ બે,
સિદ્ધિ લહે નિજ શુદ્ધ ભાવે રૂપ ક્રમ એ લોકનાં,
વંદન કરી પ્રભુ નિત્ય ભાવું ભાવના લોક સ્વરૂપ એ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૧૯૭]
મોહાધિને દુષ્પ્રાપ્ય છે સદ્દજ્ઞાન દૃષ્ટિ બોધિને,
સા વિરતી રૂપ નિજભાવનું અતિ આકરૂં ચારિત્ર તે,
ત્રણ રત્ન પ્રાપ્તિ બોધિ તે સ્થિરતા સમાધિ ભાવ છે,
વંદન કરી પ્રભુ નિત્ય ભાવું બોધિ દુર્લભ ભાવના.

[૧૯૮]
અધર્મમય સંસારમાં લવ પુણ્ય પણ તે ધર્મથી,
શિવધર્મદેશક ગુરૂને સદ્ધર્મ છે દુર્લભ અતિ,
અસંગને સ્વભાવરામી આત્મ નિશ્ચય ધર્મ છે,
વંદન કરી પ્રભુ નિત્ય ભાવું ભાવના સુધર્મ તે,

**-: મૈત્રાદિ ચાર ભાવના રૂપ સ્તુતિ :-**

[૧૯૯]
મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું મુજ હૈયામાં વહ્યા કરે,
શુભ થાઓ આ સકલ વિશ્વનું, એવી ભાવના નિત્ય રહે.

[૨૦૦]
ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારૂં નૃત્ય કરે,
એ સંતોના ચરણ કમલમાં, મુજ જીવનનું અર્ઘ્ય રહે.

[૨૦૧]
દીન ક્ષીણ ને ધર્મ વિહોણા, દેખી દિલમા દર્દ રહે,
કરૂણાભીની આંખોમાંથી, અશ્રુનો શુભ સ્ત્રોત વહે.

[૨૦૨]
માર્ગ ભૂલેલા જીવન પથિકને, માર્ગ ચિંધવા ઊભો રહું,
કરે ઉપેક્ષા એ મારગની, તોયે સમતા ચિત્ત ધરું.

[૨૦૩]
ચંદ્રપ્રભની ધર્મ ભાવના, હૈયે સૌ માનવ લાવે,
વેર ઝેરના પાપ તજીને, મંગલ ગીતો એ ગાવે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧) શ્રી આદિનાથ પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ

[૨૦૪]

સુખકરણ સ્વામી જગત નામી, આદિ કરતા દુઃખ હરં,
સુર ઈંદ ચંદ ફનિંદ બંદત, સકલ અઘહર જિનપરં,
પ્રભુ જ્ઞાન સાગર ગુનહિ આગર, આદિનાથ જિનેશ્વરં,
સબ ભવિકજન મિલ કરો પૂજા, જપો નિત પરમેશ્વરં.

[૨૦૫]

બેઠા વિમલાચલેજી, રૂષભજિનવરા જ્ઞાન દીવો ધરીને,
વાળે હ્રદયાંગણેથી અગન કરમની જ્ઞાન ગંગા ભરીને,
વેતુ નયને અમીનું અવિરત ઝરણું, મેલને કાપનાર,
આદીશ્વર નામ રૂડું ભવજલ બુડતાં, જીવન તારનાર.

[૨૦૬]

પ્રભો ! કીધો પેલાં ઋષભજિન તેં ક્રોધ અળગો,
અરે ! થાશે કેમે ? કરમ રૂપ એ ચોર અળગો,
વિના ક્રોધે કોઈ, સમરથ નથી શત્રુ હણવા,
અરે બાળે શું ના ? હિમ વિપિનને અલ્પ પળમાં.

[૨૦૭]

દીઠા મે તો સકલ જનનો તારનારો ભલો રે,
દીવો છે હા ત્રિભુવન તણો સિદ્ધ ક્ષેત્ર ચલો રે,
છે હા ત્યાં તો શિવપુર ધણી, ચિત્ત આનંદ આપે,
સેવી ભક્તો ઋષભજિનને, દુષ્ટ સંસાર કાપે.

[૨૦૮]

આદિ ક્ષિતીશ પ્રથમાણગારી, પેલા જ તીર્થંકર કર્મવાહી,
ને તારનાર ભવ દુઃખથી યે, એવા પ્રભુશ્રી ઋષભ સ્તવીએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૨૦૯]

શ્રેયાંસના ઘર વિશે રસ ઈક્ષુ લીધો
ભિક્ષા ગ્રહી નિજ પ્રપૌત્ર સુપાત્ર કીધો,
માતા પ્રતે વિનયભાવ ધરી પ્રભુએ,
અર્પ્યું અહો પરત કેવલ શ્રી વિભુએ.

[૨૧૦]

શ્રી નાભિનંદન ભવાર્ણવ પોતવાહ
ઈક્ષ્વાકુ વંશ વિધુ સંસ્કૃતિ સાર્થવાહ
દૂરે કર્યા સકલ કર્મરિપુ નઠારા,
શ્રી આદિદેવ પ્રણમું ચરણે તમારા.

[૨૧૧]

જે છે આદિ ગુરૂ નરેશ જિનજી જેને નમે દેવતા,
જે છે કલ્પતરુ કરે હૃદયની ઈચ્છા પુરી સેવતા,
તે શ્રી ઋષભ દેવના ચરણને સાચા દિલે જે સ્મરે,
પામે તે નર શાન્તિ કાન્તિ જગમાંને લક્ષ્મી આવી મળે.

[૨૧૨]

જેણે કીધી સકલ જનતા નીતિને જાણકારી,
ત્યાગી રાજ્યાદિક વિભવને જે થયા મૌનધારી,
વેતો કીધો સુગમ સબળો મોક્ષનો માર્ગ જેણે,
વંદુ છું તે ઋષભજિનને ધર્મ ધોરી પ્રભુને.

[૨૧૩]

હજાર વરસ ભટકીને જે કેવલી બનતા ગુણી,
નિજ માત કેવલ મોક્ષ દેતા, જે પ્રભુજી મહાગુણી,
અષ્ટાપદ નિર્વાણ લઈ ને, જે સુખી શાશ્વત વરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં, આદિનાથ જિનેશ્વરં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨) શ્રી અજિતનાથ પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ

[૨૧૪]

તપ કરત કેવલ જ્ઞાન પાયો સર્વ લોક પ્રકાશનં,
જિન આઠ કર્મ વિદાર દિનો મોહ તિમીર વિનાશનં,
દુઃખ જનમ મરના દૂર કિનો અજિતનાથ જિનેશ્વરં,
સબ ભવિક જન મિલ કરો પૂજા જપો નિત પરમેશ્વરં.

[૨૧૫]

આણી ઉછરંગ હૈયે કનક રતનનું દાન સૌને જ દીધું,
લીધી સ્વયમેવ દીક્ષા, કરમજગ હરી જ્ઞાન સર્વોચ્ચ લીધું,
નાચે સુર અંગના રે કમકમ કરતી પાય નેપુર પેરી,
લીધા સુખ શાશ્વતા તે અજિત જિનકરી દૂર સંસાર ફેરી.

[૨૧૬]

પ્રભાતે ખીલે છે રવિ કિરણથી નાથ કમળો,
અહી ખીલે તારાં ગુણ કિરણને ભવ્ય કમળો,
નિશા નાસે છે ને, અરૂણ ઉદયે ભંગ ઉડતાં,
ટળે દૂરે પાપો, અજિત ઉદયે ભવ્ય હસતા.

[૨૧૭]

ત્યાગી હિંસા વનવન ભમી શુદ્ધ દીક્ષા જ પાળી,
ગાજે કીર્તિ ત્રિભુવન મહીં આજ દીનેશ તારી,
પોત્યા ઊંચે વિમલ સદને જાણતાં હર્ષ વાધે,
લેઈ તારું અજિત શરણું કાર્ય ભવ્યો જ સાધે.

[૨૧૮]

છે વિશ્વરૂપી કજ કક્ષને જે ખીલાવવા ભાસ્કર તુલ્ય તેજે
સુજ્ઞાન કાચે જગબિંબ લાગ્યું, એવા પ્રભુ શ્રી અજિત સ્તવું છું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૨૧૯]

દેવાધિદેવ ગજલંછન ચંદ કાંતિ,
સંસાર સાગર તણી હરનાર ભ્રાંતિ,
એવા જિનેશ્વર તણા યુગપાદ પૂજો,
દીઠો નહીં જગતમાં તુલ્ય દૂજો.

[૨૨૦]

જેને સ્તવે સુરવરો બહુ ભક્તિ ભાવે,
યોગીશ્વરો સતત જેહનું ધ્યાન ધ્યાવે,
જેના અલૌકિક ગુણો ન ગણી શકાયે,
તે સેવિયે અજિતનાથ વિભુ સદાયે,

[૨૨૧]

જીતી રાગાદિક વિષયને સચ્ચિદાનંદ પામ્યા,
જીતી લક્ષ્મી જગતભરની મુક્તિ મંદિર મ્હાલ્યા,
સ્વામી સાચા અજીત થઈને લોકના દુઃખ કાપ્યા,
વંદુ છું હું અજીત બનવા ચાખવા સુખ સારા.

[૨૨૨]

દેખી મૂર્તિ અજિત જિનની નેત્ર મારાં ઠરે છે,
હૈયુ મારું ફરી ફરી પ્રભુ ધ્યાન તેનું ધરે છે,
આત્મા મારો પ્રભુ તુજ કને આવવા ઉલ્લસે છે,
આપો એવું બળ હૃદયમાં માહરી આશ એ છે.

[૨૨૩]

ચોપાટમાંહે જેહ જીતે માત ગર્ભ પ્રભાવથી,
પ્રભુ ભક્તિ કરતો ભક્ત બનતો અજીત સહજ સ્વભાવથી,
તે પ્રભુ પદની સેવના મળજો મને અતિ હિતકરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં અજીતનાથ જીનેશ્વરં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૩) શ્રી સંભવનાથ પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ

[૨૨૪]

અરિ કામ ક્રોધ તે લોભ માર્યો પંચ ઈંદ્રી વસકરં,
દુર્વિકાર વિષયા સર્વ જીતે યોગ મારગ પગ ધરં,
ઈહિ ભવ સમુદ્રે પાર પાયો સંભવનાથ જિનેશ્વરં,
સબ ભાવિક જન મિલકરો પૂજા જપો નિત પરમેશ્વરં.

[૨૨૫]

આવે રવિ પૂર્વથી રે આદિ ગમન કરી ક્રાંતિને વેરતો રે,
એવી સુવર્ણ કાંતિ તવ મુખ કમલે નીરખી મ્હાલતો રે,
આવ્યો દિલ આશ રાખી તુમ પદકમલે ધ્વાન્ત દેજો નિવારી,
રાખું લવ હું ન શંકા ભવ દરદ હરે સંભવાશીષ તારી.

[૨૨૬]

મહા મોહાન્ધારે ભવ રૂપ વને નાથ ભટકું,
લહી આજે તારું શરણ ચરણે નાથ અટકું,
બુડે જો જો નહિ પ્રવહણ અરે નાથ મુજનું,
હટાવી દૂરે પાપો સંભવ જિનવરા પાર કરનું.

[૨૨૭]

આવ્યો તોરા ચરણ શરણે નાથ લે જો ઉગારી,
તોડી પાસે મુજ કરમના, છાંટજો શીત વારિ,
છાંટી અંભો અમર સુખની પ્રાત હેતે કરાવો,
માંગુ હું તો ભવ દુઃખ થકી સંભવ રોજ લાવો.

[૨૨૮]

ધર્મોપદેશાવસરે અપાતી શ્રી સંભવાહના તણી સુવાણી,
વિશ્વે રહેલા ભવિ બાગ માટે નાલી સમી છે જય તેહ પામે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૨૨૯]

વાધે ન કેશ શિરમાં નખ રોમ વ્યાધિ,
પ્રસ્વેદ ગાત્ર નહિ લેશ સદા સમાધિ,
છે માંસ શોણિત અહો અતિ શ્વેતકારી,
હે સ્વામિ સંભવ ! શું સંપદ ગાત્ર તારી.

[૨૩૦]

આનંદ મંગળ કરી તુજ મૂર્તિ સાચે,
અંભોદધિ નિરખી ભવ્ય મયૂર નાચે,
પુણ્યે મળે વિમલ દર્શન આપ કેરા,
દૂરે ટળે ત્વરિત સંભવનાથ ફેરા.

[૨૩૧]

જાણી લાભ અપારનાથ ચરણે ઈન્દ્રો નમે છે વળી,
વૃંદો સુર અસુરને જનતણા ભાવે સ્તવે છે મળી,
હું યે પુણ્ય પસાય થી ભરતમાં પાઠયો પ્રભો ચાકરી,
આપે છે સુખ લ્હેર સંભવવિભો પ્યાલા સુધાના ભરી.

[૨૩૨]

જે શાંતિનાં સુખ સદનમાં મુક્તિમાં નિત્યરાજે
જેની વાણી ભવિક જનનાં ચિત્તમાં નિત્ય ગાજે,
દેવેન્દ્રોની પ્રણયભરતી ભક્તિ જેને ન છાજે,
વંદુ તે સંભવ જિનતણા પાદ પદ્મો હું આજે.

[૨૩૩]

દુષ્કાલમાં દુઃખિ થતા જીવની કરૂણા દિલ ધરી,
જીન નામ બંધ નિકાચી જેણે દેશના વૃષ્ટિ કરી,
અમૃતમય આલંબને જીવ લહે પદ શિવં કરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં સંભવનાથ જિનેશ્વરં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૪) શ્રી અભિનંદન પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ

[૨૩૪]

ઉપદેશ દે જગ ભવ્ય તારે દેવ નર બહુ પશુધને,
મેટ કે મિથ્યાત ધર્મ જૈન વાણી ધરમને,
દમ દયા દાન દયાલ ભાખ્યો અભિનંદન જિનેશ્વરં,
સબ ભવિક જન મિલકરો પૂજા જપો નિત પરમેશ્વરં.

[૨૩૫]

નાચે અતિ હર્ષ સાથે સુરનર વનિતા જન્મ તારો જ જાણી,
આવી ધરણી તલેજી કર કમલ ધરી દેવ માને ઉજાણી,
મોટા જય ઘોષ નાદે સુરવર બઢતાં, મેરુ એ હર્ષ ઘેલા,
એવા અભિનંદનેશ પ્રવર ગુણ ભરાં દર્શકો એક વેલા.

[૨૩૬]

ત્યજી નારીઓને તરૂણ વયમાં મુક્તિ વરવા
લહી દીક્ષા કીધા વિવિધ તપ તે કર્મ હરવા,
સહી કષ્ટો પીધાં અખય સુખના જ્ઞાન ઝરણાં,
બનું શુદ્ધાત્મા હું અભિનંદનજી લેઈ શરણાં.

[૨૩૭]

હૈયું મારું દરપણ સમું નાથ જાણી પધારો,
આવે ના શું અરૂણ કિરણો આરસીમાં હજારો,
જોઉં તારા ગુણ ઉદયને નાથ આવી ઉજાળો;
રાખી આશા ભવભવ ચહું નાથ ચોથા સહારો.

[૨૩૮]

સ્યાદ્વાદરૂપી જલરાશને રે ઉલ્લાસવામાં શશિ તુલ્ય છે જે,
અર્હન્ત એવા અભિનંદન શ્રી આપો સદાનંદ અમંદહર્ષી.

Jain Education International	For Private & Personal Use Only	www.jainelibrary.org

[૨૩૯]

છે શ્વાસ અંબુજ સુગંધ સદા પ્રમાણે
આહાર ને તુમ નિહાર ન કોઈ જાણે,
એ ચાર છે અતિશયો પ્રભુ જન્મ સાથે,
વંદુ હંમેશ અભિનંદન જોડી હાથે.

[૨૪૦]

સંસાર સાગર વિષે ભમતા જનોને,
છે આપનું શરણ એક જ તારવાને,
અર્પી સુબોધ ભવથી અમને ઉગારો,
ચોથા જિનેશ વિનતિ ઉરમાં ઉતારો.

[૨૪૧]

મારા હૈયારૂપ નભ વિશે ભાનુ જેવા તમે છો,
ચોથા સ્વામી પરમ સમતા જ્ઞાન ધ્યાને રહો છો,
ભાગે આગે તિમિર સઘળાં આપની દૃષ્ટિ એવી,
પામ્યો પુણ્યે દરિશન વિભો આપજો મુક્તિ દેવી.

[૨૪૨]

ચોથા આરારૂપ નભવિષે દીપતાં સૂર્ય જેવા,
ઘાતી કર્મોરૂપ મૃગ વિષે કેસરી સિંહ જેવા,
સાચે ભાવે ભવિક જનને આપતા મોક્ષ મેવા,
ચોથા સ્વામી ચરણ યુગલે હું ચહું નિત્ય રહેવા

[૨૪૩]

ઇણ ચોવીશીમાં અધિકેરી ગણિ સંપદ ધારતા,
જસ નામના પ્રભાવથી ભવિ જન્મ રોગ નિવારતા,
શરણું સ્વીકારે તાહરું તે જીવના સવિ દુઃખહરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં અભિનંદન જિનેશ્વરં.

૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫) શ્રી સુમતિનાથ પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ

[૨૪૪]

શુભ વિમલ વાણી જગતમાની જીવ સબ સંશય હરું,
પશુ દેવ અસુર પુરુષનારી વંદના ચરનન કરું,
અમલ પરમ સરૂપ સુંદર સુમતિનાથ જિનેશ્વરં,
સબ ભવિક જન મિલકરો પૂજા જપો નિત પરમેશ્વરં.

[૨૪૫]

જોઉં અલબેલડી રે ધ્રુવ સમ ચમકે નેત્ર જોડી મજાની,
ઠારે ભવદાહ મારો ઉપશમ રસને પ્રેમ ભાવે વહાવી,
આવ્યો બચવા જ સામે ભવજલ કૂપથી તારશે નાથ જાણી,
આપો અજ્ઞાન ટાળી સુમતિને જાય અંધાર ભાગી.

[૨૪૬]

પ્રભો મેં તો દીઠી સકલ ગુણની ભવ્ય નગરી,
ધરી આશા આવ્યો ગુણરતન દો માંગુ કગળી,
નથી તોટો તારે કૃપણ બનના વાર કરના,
તિજોરી ખોલી દ્યો સુમતિ ! અરજી ધ્યાન ધરના.

[૨૪૭]

રાખું ઈચ્છા જિનવર તણી પાદની સેવના રે,
ગાવું ગીતો મધુકર બની ઉચ્ચ આલાપના રે,
આવો ભાવો સરસ અમને, મૂર્તિ તારી નિહાળી,
આપો જ્ઞાની સુમતિ અમને શુદ્ધિ પામું અપારી.

[૨૪૮]

દેવો તણા તાજ સરાણુથી રે શોભે પદ્મોની નખ પંક્તિ તેજ,
એવા પ્રભુ શ્રી સુમતીશ પૂરે સર્વે તમારી મન કામનાને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૨૪૯]

ભૂમંડલે વિહરતા જિનરાજ જ્યારે,
કાંટાં અધોમુખ થઈ રજ શુદ્ધ ત્યારે,
જે એક જોજન સુધી શુભ વાત શુદ્ધિ,
એવા નમું સુમતિનાથ સદા સુબુદ્ધિ.

[૨૫૦]

વાણી જિનેન્દ્ર તુજ અદ્‌ભુત જે સુણે છે,
પીયૂષને તૃણ સમાન જ તે ગણે છે,
મિથ્યાત્વ મોહ હરનાર કુબુદ્ધિ કાપો,
સ્વામીશ હે સુમતિદેવ સુબુદ્ધિ આપો.

[૨૫૧]

જ્યું જ્યોત્સ્ના શશીદેવની પ્રગટતાં નાચે ચકોરા મળી,
લાગી પ્યાસ ઘણી મળે પથિકને પાણી ભરેલી નદી,
અંગે અંગ ઠરી રહ્યા બરફથી પામે તદા સૂર્યને,
જ્યાં ત્રાસ્યો જગની મતે સુમતિને પામ્યો પ્રભો આપને.

[૨૫૨]

આ સંસારે ભ્રમણ કરતાં શાંતિ માટે જિનેન્દ્ર,
દેવો સેવ્યાં કુમતિ વશથી મેં બહુએ મુનીન્દ્ર,
તો એ નાવ્યો ભવભ્રમણથી છૂટકારો લગારે,
શાંતિ દાતા સુમતિ જિનજી દેવ છે તું જ મારે.

[૨૫૩]

બોલ્યા વિના જે સુમતિ દેતો, ગર્ભ બાલક માતને,
ત્રણ લોકમાં રોશન બનાવે, જેહ નિજ કુલ તાતને,
જે દયાનિધિ પાય પડીને, હરખે લંછન વાનરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં, સુમતિનાથ જિનેશ્વરં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૬) શ્રી પદ્મપ્રભુ સ્વામી સન્મુખ બોલવાની સ્તુતિ

[૨૫૪]

સબ રાજઋદ્ધિ ત્યાગ જિનજી દાન દે એક વર્ષ હીં,
અઠ કર્મ જીતે ધાર દીક્ષા, ભયો સુર નર હર્ષ હીં,
જય જય કરત સબ ઇંદ્ર મિલકે, પદ્મ પ્રભ શ્રી જિનેશ્વરં,
સબ ભવિક જન મિલ કરો પૂજા જપો નિત પરમેશ્વરં.

[૨૫૫]

આયુ જલબુંદ જેવું પલપલ ઘટતું જાય છે નાથ મારા,
અર્થે રમતાં જ જોયાં સ્વજન સકલને દુઃખને આપનારા,
એવા દુઃખથી જ છોડો ઉર અરજ ધરી મોહને મારનારા,
બાળો કરમો જ મારાં શિવનગર વસું પદ્મ વિશ્વોપકારા.

[૨૫૬]

ફળે આશા જાવે તવ દરિશને દુષ્ટ ગતિએ,
વળી સાથે જાવે તવ વચનથી દુષ્ટ મતિઓ,
હટાવી અપોને કરમ રિપુને ઉચ્ચ પદને,
ધરી હૈયે સેવું અમર બનવા પદ્મ પદને.

[૨૫૭]

કોટી કોટી ભવભવ ભમી આજ આનંદ પાયો,
રૂડાં તારા દરિસણ પડી મોહ મારો ઘવાયો.
દેખી તુંને જગત વિસરી ભાવ હૈયું વધારે,
કાપી કર્મો શિવપુર ઘણા પદ્મ નામે પધારે.

[૨૫૮]

આત્મે રહેલા રિપુ જીતવાને ક્રોધે કરી રક્ત ન હોય જાણે,
પદ્મપ્રભોની તનુકાંતિ એવી લક્ષ્મી કરો પુષ્ટ સદા તમારી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૨૫૯]

વૃષ્ટિ કરે સુરવરો અતિ સૂક્ષ્મ ધારી,
જાનુ પ્રમાણુ વિરચે કુસુમો શ્રીકારી,
શબ્દો મનોહર સુણી શુભ શ્રોત્રમાંહિ,
શ્રી પદ્મનાથ પ્રભુને પ્રણમું ઉચ્છાંહિ.

[૨૬૦]

જેની સુરમ્ય પ્રતિમા હિતબોધ આપે,
જેના સુચારુ નયનો ચિરશાંતિ થાપે.
સેવા ભવોભવ વિષે પ્રભુપદ્મ કેરી,
હોજો સદા જિમ નડે નહિ કર્મ વેરી.

[૨૬૧]

જોતાં દ્વેષી શિદ વિભુ તમે દોષને દૂર ટાળ્યા,
જોતાં રાગી ગુણ સકલને કેમ હૈયે સમાવ્યા,
છો નિઃસ્પૃહિ શિદસુર કરે પદ્મ સેવા તમારી,
છો નિઃસંગી શિદ વિભુ તમો ભોગવો મુક્તિ સારી.

[૨૬૨]

સોના કેરી સુર વિરચિતા પદ્મની પંક્તિ સારી,
પદ્મો જેવા પ્રભુ ચરણના સંગથી દીપ્તિ ધારી,
દેખી ભવ્યો અતિ ઉલટથી હર્ષના આંસુ લેવા,
તે શ્રી પદ્મ પ્રભુ ચરણમાં હું નમું પૂર્ણ ભાવે.

[૨૬૩]

"પદ્મ સમ જસ દેહ છે ને લંછન પદ્મ તણું,'
જસ સમવસરણની રિદ્ધિ દેખી લોક વિસ્મય છે ઘણું,
પદ્મપ્રભુની વાણી સુણતા ભવિકમન સંશય હરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં પદ્મપ્રભ જીનેશ્વરં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૭) શ્રી સુપાર્શ્વનાથ પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ

[૨૬૪]

સબ હરણ દારિદ્ર જગત સ્વામી ભયો નામી જગતહી,
રવિ શેષ ઔર નરેશ પૂજે ઈંદ્ર લોક સુભક્તિ હી,
સબ ભાવ શુદ્ધિ ધાર વિનવે સુપાર્શ્વનાથ જિનેશ્વરં,
સબ ભાવિક જન મિલ કરો પૂજા જપો નિત પરમેશ્વરં.

[૨૬૫]

પાયો ગુણકંદ આજે, અભિનયન ભર્યો વિશ્વને તારનારો,
પાયો શુભ સંગ સાચો સકલ જગતના દુઃખને તોડનારો,
પાયો વન કેસરી રે ભવરૂપ વનમાં કર્મને મારનારો,
એવા સુપાર્શ્વના રે ચરણ શરણથી પાર થાશે કિનારો.

[૨૬૬]

પ્રભુ દીઠું તારું રૂપ અજબ મેં વિશ્વભરમાં,
નથી કોઈ વિશ્વે જિન તુમ સમા શાંત જગમાં,
હણાઈ જેની છે તુજ જનમથી કાંતિ જગમાં,
સુપાર્શ્વબ્રહ્મા તે શિવતવ પડે નિત્ય પગમાં.

[૨૬૭]

ક્ષોણી મધ્યે વિધુકર સમું વક્ત્ર જેનું મજાનું,
છાંટી અંભો સકલ જનને તત્વ અર્પે કૃપાનું,
ભાવો એવા નિરમલ વહે થાય હૈયું જ ભીનું,
એવું રૂડું ભવતરણ છે સાતમ નાથજીનું.

[૨૬૮]

શ્રી સંઘરૂપી ગગનપ્રદેશે જે તેજથી સૂર્ય સમાન છે ને,
પૂજ્યા મહેન્દ્રે ચરણે નમી ને હો વંદના તેહ સુપાર્શ્વજી ને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૨૬૯]

સેવા કરે યુગલ યક્ષ સુહંકરોને,
વિંઝે ધરી કર વિશે શુભ ચામરોને,
વાણી સુણે સરસ જોયણ એક સારી,
વંદુ સુપાર્શ્વ પુરુષોત્તમ પ્રીતિકારી.

[૨૭૦]

સંસારમાં રખડતા બહુકાળ મારો,
એળે ગયો પ્રવર ધર્મ લહ્યો ન તારો,
આજે મળ્યો પ્રભુ કદી નવ નેહ છોડું,
સેવા સુપાર્શ્વજિનની કરી કર્મ તોડું.

[૨૭૧]

મારે શું બહું ફાળ તોય કપિ જે આદિત્યને ભેળવે,
કીડી નાનકડી કદી ચઢી શકે, મેરુ તણા ટેરવે,
શું કો સાગરને કદાપિ સરમાં, લાવી શકે માનવી,
ના એ શકય નથી સુપાર્શ્વ ગુણ સૌ ગાઈ શકે જે કવિ.

[૨૭૨]

આખી પૃથ્વી સુખમય બની આપને જન્મકાળે,
ભવ્યો પૂજે ભયરહિત થઈ આપને પૂર્ણ વ્હાલે,
પામે મુક્તિ ભવ ભય થકી જે સ્મરે નિત્ય મેવ,
નિત્ય વંદુ તુમ ચરણમાં શ્રી સુપાશ્વેશ દેવ.

[૨૭૩]

ચારે નિક્ષેપા નામ સ્થાપના દ્રવ્ય ભાવે તારતા,
દર્શન થકી દર્શન દેઈ મિથ્યામતિથી ઉગારતા,
દર્શન દો એવું પ્રભુ જેથી બનું હું અવિનશ્વરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં શ્રી સુપાસ જિનેશ્વરં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૮) શ્રી ચંદ્રપ્રભુ સ્વામી સન્મુખ બોલવાની સ્તુતિ

[૨૭૪]

સુશશાંક કર સમ વિમલ વિશદં નિષ્કલંક શરીર હી,
ગિરિ મેરુ સમનિત અચલસ્વામી ઉદધિ સમગંભીરહી,
વિણુ શરણુ કે હૈ શરણુ જગગુરૂ ચંદ્ર પ્રભુ શ્રી જિનેશ્વરં,
સબ ભવિક જનમિલ કરો પૂજા જપો નિત પરમેશ્વરં.

[૨૭૫]

કાઢયો અંધાર ગાઢો હૃદય ભવનથી જ્ઞાન દીવો જલાવી,
વાણી રસદ્રાક્ષ પીએ સુરનર પશુઓ ચિત્ત આનંદ લાવી,
જુએ મુખ ચંદ્ર ખીલ્યો અમિનિષ નયને પૂર્ણરાકેન્દ્ર જાણી,
ચંદ્રપ્રભુને જ જોતાં દિન સફળ થયો શીત છાયા છવાણી.

[૨૭૬]

ડરી નાસે જેવું મૃગ વિપિનમાં નાથ બચવા,
ડરી આવ્યો તેવો ભવ જલધિથી નાથ તરવા,
ઉગેલો આભે જે ભૂપતિ શિશુને નિત્ય ગમતો,
ગમે તેવો ચંદા જિનવર મને નિત્ય હસતો.

[૨૭૭]

તોડો બેડી ભવભવ તણી આશ રાખી જ આવ્યો,
વાલો મારો અમર કરશે ચિત્ત તેથી જ ઠાયો,
જાણ્યું મે તો ભવજલ થકી નાવને પાર તારી,
આપે રૂડા શિવ નગરને નાથ ચંદ્રો પકારી.

[૨૭૮]

ચંદ્રાંશુના વાત સમી સુવર્ણી જાતે સીત ધ્યાન વડે બનેલી,
ચંદ્ર પ્રભોની પ્રતિમા સુરૂડી કલ્યાણુ લક્ષ્મી કર હો તમારી.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

[૨૭૯]

જલ્પે જિનેન્દ્ર મુખ માગધી અર્ધ ભાષા,
દેવો નરો તિરિગણો સમજે સ્વ ભાષા,
આર્યો અનાર્ય સઘળા જન શાન્તિ પામે,
ચંદ્ર પ્રભુ ચરણ લંછન ચંદ નામે.

[૨૮૦]

શીતાંશુથી અધિક શીતલ આપ સ્વામી,
છો સૂર્યથી અધિક પૂર્ણ પ્રકાશ શાલી
છે આપનું અગમ અદ્ભુત શુદ્ધ રૂપ,
ચંદ્રપ્રભ પ્રભુ પદે પ્રણમેજ ભૂપ.

[૨૮૧]

શું સ્વામી હું સ્તુતિ કરૂં તવ આભ જેવા ગુણોની,
તું મેરૂ હું સરસવ અને બાલ બુદ્ધિ તું જ્ઞાની,
હું ધીખંતો કુમત હઠના પાપથી નાથ ભારે,
તું છે ચંદ્ર શિતલ સરિતા તાપ સૌના નિવારે.

[૨૮૨]

જેવી રીતે શશિકિરણથી ચંદ્રકાંત દ્રવે છે,
તેવી રીતે કઠીણ હૃદયે હર્ષનો ધોધ વહે છે,
દેખી મૂર્તિ અમૃત ઝરતી મુક્તિ દાતા તમારી,
પ્રીતે ચંદ્રપ્રભ જિન મને આપજો સેવ સારી.

[૨૮૩]

ચંદ્ર સમ તુજ મુખ નિહાલી આજ હું આનંદમાં,
વિસરી ગયો મુજ આધિ, વ્યાધિ, ભક્તિના આનંદમાં,
ચંદ્ર લંછન ચંદ્ર પ્રભુ તુજ નામ જાંગુલિ વિષહર,
વંદન કરું ધરી ભાવ દિલમાં ચંદ્રપ્રભ જિનેશ્વર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૯) શ્રી સુવિધિનાથ પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ

[૨૮૪]

નવતત્ત્વ સર્વસુભેદ ભાખ્યો યતિ શ્રાવક ધર્મ હી,
ભણી દાન શીલ સુભાવ તપવિધિ, ષડાવશ્યક કર્મ હી,
સબ તાર ભવજલ પાર પાયો, સુવિધિનાથ જિનેશ્વરં,
સબ ભાવિક જન મિલ કરો પૂજા, જપો નિત પરમેશ્વરં.

[૨૮૫]

આવો મમ આંગણે રે સુવિધિ ગુણ ભર્યા થાય ઉદ્યોત સારો,
દીવો તુમ જ્ઞાનનો રે ભવ તિમિર હરી માર્ગને દાખનારો,
નેત્રો કજ પત્ર જેવા તવ વંદન સરે વંદના ભાંજતા રે,
કાયા જલ હંસ જેવી ધવલ ધરણુની ના જડે વિશ્વમાં રે,

[૨૮૬]

મને લાગે તારા નયન યુગલો પ્રેમ ઝરતો,
વળી લાગે તારા કર યુગલ એ પ્રીત કરતો,
ઠરે નેત્રો જોતાં ચરણ યુગલો પદ્મ સરખાં,
લહું એવી હું તો સુવિધિ જિનજી મોક્ષ સુખડી

[૨૮૭]

સેવે પાદો સુરનર ઘણાં નાદ મીઠો ગજાવી,
નાચે હર્ષે ઠમઠમ કરી અંગ સર્વે સજાવી,
ભૂલી વેરો પશુગણ સુણે વાત તારી જ મીઠી,
દેવો સાથે સુવિધિ જિનની પર્ષદા બાર દીઠી.

[૨૮૮]

હસ્તાં બળાની સમજે નિહાળે આ વિશ્વને જ્ઞાન વડે સદાને,
કલાય નાહીં મહિમા ખંજાનો,શ્રી બોધિ માટે સુવિધીશ થાઓ,

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

[૨૮૯]

વૈરી વિરોધ સઘળા જન ત્યાં વિચારે,
મિથ્યાત્વિયો વિનયી વાક્ય મુખે ઉચ્ચારે,
વાદી કદી અવિનયી થઈ વાદ માંડે,
દેખી જિનેશ સુવિધિ જન ગર્વ છાંડે.

[૨૯૦]

દેખી જિનેન્દ્ર તુજ મૂર્તિ અમી ભરેલી,
જેની મળે ન ઉપમા જગમાં ભલેરી,
મારું બને હૃદય નિર્મળ નીર જેવું,
તેવું કરો સુવિધિનાથ ન જન્મ લેઉં.

[૨૯૧]

જો નિ:સંગ તમે કહે શિદ જનો ત્રિલોકના નાથ હે,
છો રાગી પ્રભુ જ્ઞાનનાતિમિરના દ્વેષી તમોને કહે,
જો રક્ષા કરનાર છો જિન તણી તો દંડ હાથે નથી,
જો નિર્ભય છો તો પ્રભુ સુવિધિ હે નાઠા શું સંસારથી.

[૨૯૧]

સેવા માટે સુર નગરથી દેવનો સંઘ આવે,
ભક્તિ ભાવે સુરગિરિ પરે સ્નાત્ર પૂજા રચાવે,
નાટયા રંગે નમન કરીને પૂર્ણ આનંદ પાવે,
સેવા સારી સુવિધિ જિનની કોણુને ચિત્ત નાવે ?

[૨૯૩]

ચારિત્રની આરાધના જો સુવિધિની સાથે થતી,
સુવિધિ પ્રભાવે નિશ્ચયે તે જીવ જાતી દૂર ગતિ,
ચારિત્ર પાલન સુવિધિ સાથે હોજો મુજને દિલધરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં સુવિધિ નાથ જિનેશ્વરં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૦) શ્રી શીતલનાથ પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ

[૨૯૪]

સિત ચંદનં જિમ શીતલ જિન પ્રભુ કરે શીતલ દર્શનં,
એ ભવ દાવાનલ મેટ દેવે, વાણી વર્ષા વર્ષ તે,
શ્રી મોક્ષ મારગ ભવ્ય પાવે, શીતલનાથ જિનેશ્વરં,
સબ ભવિક જન મિલકરો પૂજા, જપો નિત પરમેશ્વરં.

[૨૯૫]

પાયો સહવાસ તારો અમલ ગુણ ભર્યો ચાંદની ચાંદ જેવો,
જાણ્યું સઘળું જ આપે શ્રુત શ્રવણ થકી સુખ દેવાધિદેવો,
જાવે મનડું જ મારું પરઘર ફરવા નાથ નાથી જ લે જે,
રાખુ તુમ પાસ આશા શીતલ જિનવરા નાવ તારીજ લે જે.

[૨૯૬]

ગ્રહી દીક્ષા લીધું પરમ વિભુ તે ઉચ્ચ પદને,
દઈ શિક્ષા તાર્યા જગપતિ તમે ભવ્ય જનને,
પ્રભો ચાહું છું હું ઉપશમ રસે લીન કરજો,
ધરું આણા તારી શીતલજિનજી પાર કરજો.

[૨૯૭]

બેસી પુષ્પે અલિમધ લહે ચિત્ત ધ્યાને લગાવી,
આવી પાસે ગુણ મધ લહું તાન તારું જગાવી,
પીવા પાણી જનગણ નદે છે જેમ દોડી,
આવ્યો તેવો શીતલ જિનજી ભાવ સંસાર છોડી.

[૨૯૮]

છે શ્રેષ્ઠ હર્ષાકુંર જીવના જે તેના વિકાસે નવ મેઘ જેવા,
સ્યાદ્વાદ પીયુષ સુસિંચનારા, રક્ષો પ્રભો શીતલજી તમોને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૨૯૯]

જે દેશમાં વિચરતા જિનરાજ જ્યારે,
ભીતિ ભયંકર નહિ લવલેશ ત્યારે,
ઈતિ ઉપદ્રવ દુકાલ તે દૂર ભાજે,
નિત્યે કરું નમન શીતલનાથ આજે.

[૩૦૦]

જે મુક્તિમાં જઈ વસ્યા પ્રભુ દેહ ત્યાગી,
જેના નમે ચરણ પંકજ સર્વ પ્રાણી,
સેવા મળો સતત શીતલનાથ કેરી,
છે ભાવના મન વિષે દિનરાત એવી.

[૩૦૧]

શોભે આભે દિનકર કહો નૃપતિ પુર કેવા
શોભે હંસો સર સરસમાં આપ છો નાથ તેવા,
જે ભાગ્યેથી ચરણ યુગલે પામતા દેવ એવા,
તે માંગુ છું શિતલ જિનજી આપ જો નિત્ય મેવા.

[૩૦૨]

આધિ વ્યાધિ પ્રમુખ બહુએ તાપથી તપ્ત પ્રાણી,
શીળી છાયા શીતલ જિનની જાણીને હર્ષ આણી,
નિત્યે સેવે મન વચનને કાયથી પૂર્ણ ભાવે,
કાપી અંતે દુરિત ગણને પૂર્ણ આનંદ પાવે.

[૩૦૩]

નંદા માતનો નંદનો જે કરે લોક નિરંજનં,
નિરખી રહી મુજ આંખડી તબ કરે શીતલ અંજનં,
વિષય કષાયે તપ્ત જીવને, સદા તું શીતલ કરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં,શીતલનાથ જિનેશ્વરં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૧) શ્રીશ્રેયાંસનાથ પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ

[૩૦૪]

પ્રભુ તીન છત્ર બિરાજમાન દેવ દુંદુભિ બાજિતં,
શુભ માન થભં ધર્મચક્રં પુષ્પવૃષ્ટિ સુરજિતં,
અશોક વૃક્ષ સુછાય શીતલ શ્રેયાંસનાથ જિનેશ્વરં,
સબ ભવિકજન મિલ કરો પૂજા, જપોનિત પરમેશ્વરં.

[૩૦૫]

ડૂબ્યો વિષયા રસે રે ભવજલધિ મહીં તારજે નાથ મારા,
મોહ અતિમાર માર્યો ભવ ભવ પકડી વાળજે નાથ પ્યારા,
જોયો દરિયોજ મોટો ઉપશમ રસનો નાથ હૈયે ભરેલો,
શ્રેયાંસ કૃપા કરીને અરિ સકલ હરી કાપજો વંશવેલો.

[૩૦૬]

વિભો તોડી માયા ભવભવ તણી મોક્ષ વસતાં,
છતાં તારો આજે અબુધ જનને મુગ્ધ કરતાં,
ધરી હૈયે વા'ને મસક જલમાં જેમ તરતી,
ધરું હૈયે શ્રેયાંસ મમ બુડતી નાવ બચતી,

[૩૦૭]

આવ્યા દોડી ભવચુત થઈ નાથ તારી જ પાસે,
જાણ્યું મેં તો તવ શરણથી આશપૂરી જ થાશે,
દોડે જેવું હરિણ વનમાં વારિની આશ રાખી,
તેવી દોડું અમૃત સુખની આશ શ્રેયાંસ રાખી.

[૩૦૮]

સંસાર રોગે દુઃખી જંતુઓને છે વૈદ્યના દર્શન તુલ્ય સાથે,
છે મોક્ષ લક્ષ્મીપતિ એહવાએ શ્રેયાંસ થાઓ તવ મુક્તિ માટે.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

[૩૦૯]

છાયા કરે તરુ અશોક સદૈવ સારી
વૃક્ષો સુગંધ શુભ શીતલ શ્રેયકારી,
પચ્ચીસ જોયણુ લગે નહિ આધિ વ્યાધિ,
શ્રેયાંસનાથ તુમ સેવથકી સમાધિ

[૩૧૦]

સંસારના ત્રિવિધ તાપ વડે તપ્યો છું,
આધિ ઉપાધિ વળી વ્યાધિ વડે બળ્યો છું,
આવ્યો જિનેન્દ્ર શરણુ મુજને બચાવો,
શ્રેયાંસનાથ ભવસાગર પાર લાવો.

[૩૧૧]

ભાગ્યેથી મનમંદિર વસી ગયા, શ્રેયાંસ સ્વામી તમે,
થાયે હર્ષ અમંદ આ ઉર મહીં બીજું કશુંના ગમે,
થાયે છે દિલમાં છબી તુમતણી રાખી સદાયે ફરૂં,
ગાતો હું ગુણુ ગાનને વિભુ તણા સાંનિધ્યમાંહે કરૂં.

[૩૧૨]

જે હેતુ વિણુ વિશ્વના દુઃખ હરે ન્હાયા વિના નિર્મળા,
જીતે આંતર શત્રુને સ્વબળથી દ્વેષાદિથી વેગળા,
વાણી જે મધુરી વદે ભવતરી ગંભીર અર્થે ભરી,
તે શ્રેયાંસ જિણંદના ચરણુની ચાહું સદા ચાકરી.

[૩૧૩]

શ્રેયાંસ તે દિન યાદ આવે, મહીતલે તું વિચરતો,
ઉપસર્ગ પરિષહ ફોજ દાબી, નિજાનંદમાં વિચરતો,
પડિલાભી તુજને પુન્ય બાંધે, તે થતા અજરામરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં શ્રેયાંસ જિનેશ્વરં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૨) શ્રી વાસુપૂજ્ય સ્વામી સન્મુખ બોલવાની સ્તુતિ

[૩૧૪]

શુભ સ્વર્ણ આસન સત વિકાસન જોતિ લખરવિ લાજહી,
સિત ચમર ચૌસઠ સીસઢારે સુર સુભક્તિ સુસાજહી,
નિત કરે પૂજા વાસવં પ્રભુ, વાસુપૂજ્ય જિનેશ્વરં,
સબ ભવિકજન મિલ કરો પૂજા, જપો નિત પરમેશ્વરં.

[૩૧૫]

ઉગ્યો જિન ભાનુ આજે મુજ હૃદય વિષે જાય અંધાર ભાગી,
ઉગ્યો જિન ચંદ આજે હૃદય કમલમાં જાય સંતાપી ભાગી,
ઉગ્યો જિન ધ્રુવ તારો હૃદયભવનમાં માર્ગ સાચો બતાવે,
એવા જિન વાસુ પૂજ્યે ભવિ નમન કરી સર્વ પાપો ખપાવે.

[૩૧૬]

અહા વાસુપૂજ્ય દિન મણિ સમા દ્યોત કરતા,
અનેકો તે માર્ગે પગરણ કરી શાંતિ ધરતાં,
અહા ! આજે હૈયું નિરમલ થયું પદ્મ સરખું,
પ્રભો મુદ્રા પેખી સુખ અનુભવું, ખૂબ હરખું.

[૩૧૭]

મોહે ના શું રમણ નિરખી, ચિત્તડું નારનું રે,
મોહે ના શું શશિ નિરખતાં ચિત્તડું બાળનું રે,
મોહે ના શું કનક નિરખી ચિત્તડું દીનનું રે,
મોહ્યો હું તો ચરણપદમાં વાસુપૂજ્ય નમું રે.

[૩૧૮]

વિશ્વોપકારી જિનનામ બાંધ્યું ને મર્ત્ય દેવાસુરથીય પૂજ્ય,
એવા સુલક્ષ્મી ગૃહ વાસુપૂજ્ય, ખૂબે કરો શુદ્ધ સદા તમોને.

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

[૩૧૯]

સ્વપ્નો ચતુર્દશ લહે જિનરાજ માતા,
માતંગને વૃષભ સિંહ સુલક્ષ્મી દાતા,
નિધૂ'મ અગ્નિ શુભ છેવટ દેખીને તે,
શ્રી વાસુપૂજ્ય પ્રભુતા શુભ સ્વપ્નથી તે.

[૩૨૦]

સદ્ધ્યાનથી દુરિત સર્વ'હણી વિરાજે,
જે મુક્તિમાં સમય આદિ અનંત ભાવે,
આત્મસ્વરૂપ રમતાં સુખ આપજોને,
શ્રી વાસુપૂજ્ય જિનદેવ દયા કરોને.

[૩૨૧]

જે ચક્રિથી કઠિન કર્મો ભેદતા પાર નાવે,
અસ્ત્રો શસ્ત્રો સફલ ન બને ઇંદ્રને ત્રાસ થાવે,
જે દુઃખોના શશીતણી સુધા, ટાળતી મેઘ ધારા,
જાયે કર્મો તુજ દરિશણે વાસુપૂજ્ય અમારા.

[૩૨૨]

જે ભેદાય ચક્રથી ન આસથી કે ઈંદ્રના વજ્રથી,
એવા ગાઢ કુકર્મ હે જિનપતે, છેદાય છે આપથી,
જે શાંતિ નવ થાય ચંદન થકી, તે શાંતિ આપો મને,
વાસુ પૂજ્ય જિનેશ હું પ્રણયથી, નિત્યે નમું આપને.

[૩૨૩]

વસુ પૂજ્ય સુત મુખ નીરખતા આનંદ ઉદધિ ઉછળે,
પાવન બને નિજ દેહડી, સંતાપ તાપ દૂરે ટળે,
એહ મને આરાધતા, જીવ લહે કેવલ દિનકરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં, વાસુ પૂજ્ય જિનેશ્વરં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૩) શ્રી વિમલનાથ પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ

[૩૨૪]

જે વિમલ મનસા કરી આરાધે વિમળ અક્ષત પુંજહી,
ધરિ ગંધ ધૂપ નૈવેદ્ય દીપક કરે આરતિ કુંજ હી,
મન વચન કાયા શુદ્ધ કરી નમું વિમલનાથ જિનેશ્વરં,
સબ ભવિક જન મિલ કરો પૂજા જપો નિત પરમેશ્વરં.

[૩૨૫]

સોહે ત્રિગડું મજાનું કનક રતનનું દેવ ઈન્દ્રે રચેલું,
માંહે જિન શોભતાં રે વિકસિત નયને તત્ત્વ હૈયે ભરેલું,
કાયા ખુશબો ભરેલી ભવિ મન હરતી ચિત્તને ઠારનારી,
આપે દુઃખડા નિવારી વિમલ વિમલતા વિશ્વને જાણનારી.

[૩૨૬]

વિભો પૂર્વેના મેં તવ વચનને કર્ણ ધરિયા,
ડૂબી જાઉં તેથી ભવ ઉદધિમાં જ્ઞાન દરિયા,
ગ્રહી હયેને પ્યાસ કર યુગલથી આજ મુજને,
વિનંતી સ્વીકારી વિમલ સરખો મોક્ષ અમને.

[૩૨૭]

આવે મીઠી અનિલ લહરી નાથ રત્નાકરેથી,
આપે મોતી જલનિધિ સદા નાથ એ અંતરેથી,
ગાજે મીઠા નિત નવનવા, નાદ મીના કરેથી,
પાયો હું તો વિમલ ગુણને આજ તારી કનેથી.

[૩૨૮]

છે વિશ્વકેરા મન તોયને રે ચોખ્ખું બનાવ અતિ હેતુભૂત,
એ નિર્મળી ચૂર્ણ સમી સુવાણી, પામે જયશ્રી વિમલ પ્રભોની.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૩૨૯]

જે પ્રતિ હોય શુભ આઠ અશોક વૃક્ષે,
વૃષ્ટિ કરે કુસુમથી સુર નાદ દક્ષે,
બે ચામરો શુભ સુખાસન ભાસ્કરો તે,
છે છત્ર હે વિમલનાથ સુદુંદુભી તે.

[૩૩૦]

જેની સુણી કાતક ચૂર્ણ સમાન વાણી,
પ્રાણી તણા વિમલ થાય વિચાર વારિ,
જેથી ટળે ભવ ભયો સુખ શાંતિ થાયે,
નિત્યે નમું વિમલનાથ જિનેન્દ્ર પાયે.

[૩૩૧]

આ સંસારે મલિન કરતાં મોહ રૂપી શિયાળો,
પાખંડીના અવનવ રૂપે થાય મિથ્યા વિચારો,
તૃષા પ્યાસે મૃગજલ ભણી દોટ દીધી અપારી,
વર્ષા રૂપે વિમળ જિનજી આજ પામ્યો સુંકાની.

[૩૩૨]

જેવી રીતે વિમલ જળથી વસ્ત્રનો મેલ જાય,
તેવી રીતે વિમલ જિનના ધ્યાનથી નષ્ટ થાય,
પાપો જૂના બહુ ભવ તણા અજ્ઞતાથી કરેલા,
તે માટે હે જિન તુજ પદે પંડિતો છે નમેલા.

[૩૩૩]

નામે વિમલ કામે વિમલ વળી ભક્તને કરતાં વિમલ,
ચોપાટ ચાર ગતિ હરી જે સિદ્ધિ સુખ આપે વિમલ,
તુજ ચરણ કમલની સેવના કરતા બનુ હું ઈશ્વરં,
વંદન કરૂં ધરી ભાવ દિલમાં વિમલનાથ જીનેશ્વરં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૪) શ્રીઅનંતનાથ પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ

[૩૩૪]

ભવ તાપ હરણં સુખ કરણં વિમલ જ્ઞાન સુધાઘનં,
સબ નરક હારન દુઃખ નિવારન મુકિત રામા આપનં,
અનંત ગુણ તુમમાંહિ પ્રભુજી અનંતનાથ જિનેશ્વરં,
સબ ભવિક જન મિલકરો પૂજા જપો નિત પરમેશ્વરં,

[૩૩૫]

માની અવતાર પાછો મનુષ્ય જનમનો આવશે હાથ કયારે,
તારો ભવિને જ આજે કરકમલ ધરી દ્વાર આવ્યો તુમારે,
ઠારો ભવ તાપ મારી પલપલ ભપકી આત્મને દાહ દેતો,
ફેલાય અનંત કીર્તિ શશી કિરણ સમી અંબર દીઠ મેં તો.

[૩૩૬]

જિનેશ ધ્યાને રે ભવિક જન તે થાય અરૂપી,
બને જેવી રીતે કનક અનલે શુદ્ધ સરૂપી,
લહે મંત્રેલું જે જલ મનુષ્ય તે રોગ હરતું,
અનંતાનંદી હાં તુજ વચન છે ઝેર હણતું.

[૩૩૭]

દોડી દોડી બહુ ભવવને નાથ થાકી ગયો છું,
આપો છાયા સુરતરૂ તમે તાપથી હું તપું છું,
કાઢી આપો વિષય સુખનું ઝેર જેપી ગયો છું,
પામું જેથી સુપદ પદવા ચૌદમા નાથજી હું.

[૩૩૮]

નિત્યાનુકંપા રસવારિથી રે, સ્પર્ધા સ્વયંભૂરમણાબ્ધિ સાથે,
કર્તા અનંત પ્રભુજી સદાય આપો સુખ શ્રી તમને અપાર,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૩૩૯]

સંસ્થાન છે સમ સદા ચતુરસ્ર તારૂં,
સંઘેણ વજ્રરૂષભાદિ દીપાવનારૂ,
અજ્ઞાન ક્રોધ મદ મોહ હર્યા તમોએ,
એવા અનંત પ્રભુને નમીએ અમોએ.

[૩૪૦]

હર્ષે કરી સુરગણો જિનજન્મ કાળે,
જઈ મેરૂ પર્વત કરે અભિષેક ભાવે,
હેતે કરી સ્તવન મંગળ ગીત ગાવે,
સેવા અનન્ત જિનની કરી શાંતિ પાવે.

[૩૪૧]

પૂજે એકજ પુષ્પથી પ્રભુ તને તે છત્રને પામતા
કંઠે જે ફુલ માળને નિતધરે તેને સુરો સેવતા,
ભાવે જે ગુણગાન સુંદર કરે તે મુકિતમાં મહાલતા,
એવી લબ્ધિ અનંતનાથ સહુતે તે ભક્તિથી આપતા.

[૩૪૨]

જેઓ મુક્તિ નગર વસતા કાળ આદિ અનંત,
ભાવે ધ્યાવે અવિચલ પણે જેહને સાધુસંત,
જેહની સેવા સુરમણિ પરે સૌખ્ય આપે અનંત,
નિત્યે મારા હૃદય કમલે આવજો શ્રી અનંત,

[૩૪૩]

અનંત દર્શન જ્ઞાન વલી ચારિત્ર માહરૂં જે અનંત,
અનંત તુજ કરૂણા વહે તો આવરણ તસ થાયે અંત
'ધન્ય તે દિન માહરો, જબ પામશું પદ અક્ષરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં અનંત નાથ જિનેશ્વરં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૫) શ્રી ધર્મનાથ પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ

[૩૪૪]

સબ ઈતિ ભીત ન રહે કોઈ, સમોસરન પ્રતાપતે,
જીવ વૈરભાવો વિહાય જાવે, મોર સાપ મિલાપતે,
તિન ધર્મકો ઉપદેશ ભાખ્યો. ધર્મનાથ જિનેશ્વર,
સબ ભવિક જન મિલકરો પૂજા,જપો નિત પરમેશ્વર.

[૩૪૫]

લાગી લગની તુમારી શિર પર ધરિએ ધર્મ આણા તુમારી
કાયા તપથી જ તાપી વન વન વિચરે મોહને લાત મારી,
ભૂલી દુનિયાજ સર્વે મન ઘર રમતાં જ્ઞાન સંપૂર્ણ લાધ્યું.
રોપી ભવિ બીજ બોધિ ધરમ જિનવરે શુદ્ધ નિર્વાણ સાધ્યું.

[૩૪૬]

અપારે સંસારે જિન તુમ વિના ખૂબ રખડી,
ભમી આવ્યો હું તો, ચરણ પદ દો કર્મ પટકી,
ભરી લેવી મારે તુમ ગુણ તણી પ્રેમ મટકી,
નમું ના હું બીજે ધરમ જિનજી પદ અટકી.

[૩૪૭]

મુદ્રા તારી ભવદુઃખહરી ભાવ ધારા વહાવે,
નેત્રોમાંથી અમરત ઝરે દેખતાં હર્ષ થાવે;
વાણીમાં તો મધુરસ ઝરે શેલડી જાય હારી,
કોટી કોટી ધરમ જિનજી વંદના હો હમારી.

[૩૪૮]

આ વિશ્વમાંહી સચ કલ્પવૃક્ષ છે જીવને ઈચ્છિત પામવામાં
ને ચાર રીતે ધર્મોપદેશા શ્રી ધર્મનાથાર્હ અમે ભજીએ.

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

[૩૪૯]

જે કર્મ વૈરી અમને બહુ પીડનારા,
તે કર્મથી પ્રભુ તમે જ મુકાવનારા
સંસાર સાગર થકી તમે તારનારા,
શ્રી ધર્મનાથ પદ શાશ્વત આપનારા.

[૩૫૦]

સંસારમાં ભ્રમણ મેં બહુકાળ કીધું,
દુઃખી સહ્યાં વિપુલ મેં નથી સૌખ્ય લીધું,
પુણ્યોદયે પ્રવર ધર્મ લહ્યો જિનેન્દ્ર,
શ્રી ધર્મનાથ ચરણે પ્રણમે સુરેન્દ્ર

[૩૫૧]

દીધી નાવ તમે પ્રભો જલધિમાં સાચા સુકાની થયા,
ટાળી કંઈ જનો તણા તિમિરને આદિત્યરૂપે થયા,
સ્થાપી તીર્થ તમે જન તણી કાપી બધી આપદા,
વહેતો ધર્મ કરી થયા જગતમાં હે સારથી સર્વદા.

[૩૫૨]

સંસારાંભો નિધિ જલ વિષે બૂડતો હું જિનેન્દ્ર,
તારો સારો સુખકર ભલો ધર્મ પામ્યો મુનીન્દ્ર,
લાખો યત્નો યદિ જન કરે તો ય ના તેહ છોડું,
નિત્યે ધર્મ પ્રભુ તુજ કને ભક્તિથી હાથ જોડું.

[૩૫૩]

શુદ્ધ ધર્મ તારો શિવ દેનારો વીસરી ભમું અધર્મમાં,
ધર્મ જિણંદ પસાય થાયે તો રમું શુદ્ધ ધર્મમાં,
શુદ્ધ ધર્મ આરાધના બળે જીવન મરણ હો સુખભરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં ધર્મનાથ જીનેશ્વરં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૬) શ્રી શાંતિનાથ પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ

[૩૫૪]

સહુ શાંતિ વરતે જગમાંહી શાંતિ શાંતિ જો ધ્યાય વહી,
મદ કામ ક્રોધ હી શાંત હોવે, શાંત ખોટે ભાવ હી,
જો કરે પૂજા શાંતિ આપે શાંતિનાથ જિનેશ્વરં,
સમ ભવિક જનનિર્મલ કરો પૂજા, જપો નિત પરમેશ્વરં.

[૩૫૫]

આપે શરણું જ આપ્યું તવ પદ ચડતા એક પારેવડાને,
કીધો ઉપકાર મોટો નિજ શરણુ દઈ શાંતિને ચાહવાને,
દેવે ઉપસર્ગ કીધો ચરરર ચમડી કાતરી માંસ આપ્યું,
જોઈ પરમાર્થ બુદ્ધિ અજબ ગજબની શીશ દેવે ઝુકાવ્યું.

[૩૫૬]

દયાળુ તૃષ્ણાને ખતમ કરજો મોહ હરજો,
કૃપાળુ મારી છે અરજ તમને ચિત્ત ધરજો,
પ્રભો તારા નામે શ્રમિત જનનાં દર્દ હરતાં,
હટે ના શું મારા કરમ રિપુઓ શાંતિ રટતાં.

[૩૫૭]

આવ્યું લેવા શરણ ડરતું એક પારેવડું રે,
બેઠું ખોળે ભય રહિત તે બાજથી ભાગતું રે,
આણી હૈયે અનહદ દયા દેહ અર્પી બચાવ્યું,
છોડી માયા ઉભય અમરે શાંતિ પાયે ઝુકાવ્યું.

[૩૫૮]

પીયૂષ વાણી રૂપ ચંદ્રિકાથી, કર્તા દિશાના મુખ નિર્મલા જે,
એવા પ્રભો શાંતિ મૃગાંક ધારી, અજ્ઞાન સર્વે જગનું મિટાવો.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

[૩૫૯]

શ્રી તીર્થનાયક થયા વળી ચક્રવર્તી
બંને લહી પદવીઓ ભવ એકવર્તી
જે સાર્વભૌમ પદ પંચમ ભોગવીને,
તે સોળમા જિનતણા ચરણે નમીને.

[૩૬૦]

ષટ્ખંડ ભૂમિપતિ પંચમ ચક્રવર્તી,
ભવ્યો તણા પરમ તારક ધર્મ મૂર્તિ,
સેવા મને ભવ ભવે મળજો તમારી,
શ્રી શાંતિનાથ સુણજો વિનંતિ અમારી.

[૩૬૧]

છે પુણ્યોના સમુહ અતિશે આપનામાં સમાયા,
કેઈ જન્મ નર સુર થઈ સ્વર્ગના સુખ પાયા,
આવી ગર્ભે સકળ જનના દુઃખ દીધાં નિવારી,
એવા શાન્તિ જિનવર તણી ભવ્ય મુદ્રા નિહાળી.

[૩૬૨]

જાણ્યા જાયે શિશુ સકળના લક્ષણો પારણાથી,
શાંતિ કીધી પણ પ્રભુ તમે માતના ગર્ભમાંથી,
ષટ્ખંડોને નવનિધિ તથા ચૌદ રત્નો તજીને,
પામ્યા છો જે પરમપદને આપજો તે અમોને.

[૩૬૩]

શાંતિ કારી શાંતિ દાતા શાંતિ મુજને આપજો,
રત્નત્રયી આરાધતો રહું એહવી શાંતિ આપજો,
તારી કૃપાથી સદા બનું સવિ જીવને શાંતિકરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં શાંતિનાથ જીનેશ્વરં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૭) શ્રી કુંથુનાથ પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ

[૩૬૪]

હરિ તુંહી ગણપતિ તુંહી કાર્તિક તુહી શંકર શેષ હી,
જિન તુંહી બ્રહ્મા ચંદ્ર સૂરજ તુંહી વિષ્ણુ શિવેશહી,
સબ કુંથુ આદિક કરત રક્ષા કુંથુનાથ જિનેશ્વરં,
સબ ભવિક જન મિલકરો પૂજા જપો નિત પરમેશ્વરં.

[૩૬૫]

જોઈ ધરણી તલેજી મુખ પર ઝરતી ચાંદની પૂર્ણિમાની,
નેત્રો મુજના કરે છે શરદ ઋતુ સમા નાથ કુંથુ નિહાળી,
આવ્યો દરબાર તારા ભવજલ તરવા પૂરજો આશ મારી,
ભૂલી અપરાધ મારો જન્મમરણની દોર દોને જ ટાળી.

[૩૬૬]

ગયા જન્મોમાં મેં તવ ચરણ જે દાનકુશલા,
ન મે પૂજ્યા તેથી, જિન દુઃખ ઘણા લીધ ઢગલાં,
થયા પુણ્યે ભેગાં ભવરૂપવને આપ અમને,
કરૂ પૂજા તારી અધિક વદુ શું કુંથુ તમને.

[૩૬૭]

ઊંચા ઊંચા કરમ તરૂને મૂળથી છેદનારા,
છોડી બંધો અખિલ જગના તત્ત્વને પામનારા,
જ્ઞાનો હોતે અબુધ જનના ધ્વાન્તને ટાળનારા,
વાંદુ હું તો જિન ચરણ જે કુંથુને તારનારા.

[૩૬૮]

જેઓ સમૃદ્ધાતિશયે કરીને દેવાસુરો ને નર નાથના રે,
છે એક નાથ પ્રભુ કુથુનાથ હો આત્મલક્ષ્મી કરવા તમોને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૩૬૯]

ચૌરાશી લક્ષ ગજ અશ્વરથે કરીને,
છન્નુ કરોડ જન લશ્કર વિસ્તરીને,
તેવી છતે અતિ સમૃદ્ધિ તજી ક્ષણિકે,
શ્રી કુંથુનાથ જિનચક્રી થયા વિવેકે.

[૩૭૦]

ભાવો સમસ્ત જગના સવિ જાણનારા,
ભવ્યો તણા દુરિત દુઃખ વિનાશનારા,
નિત્યે નમું વિમલમાર્ગ બતાવનારા,
શ્રી કુથુનાથ ભવસિન્ધુ ઉતારનારા.

[૩૭૧]

ત્યાગી વૈભવરત્ન ચૌદ સઘળા ત્યાગી બધી અંગના,
તોડી મોહતણી દિવાલ ક્ષણમાં પામ્યા સુખો મુક્તિના,
આજે દેવ નરેશને જન સહુ ભાવે કરે સેવના,
તે ચોથા પુરુષાર્થના અધિપતિ શ્રી કુથુને વંદના.

[૩૭૨]

જેની મૂર્તિ અમૃત ઝરતી, ધર્મનો બોધ આપે,
જાણે મીઠું વચન વદતી શોક સંતાપ કાપે,
જેહની સેવા પ્રણયભરથી સર્વ દેવો કરે છે,
તે શ્રી કુથુંજિન ચરણમાં ચિત્ત મારું ઠરે છે.

[૩૭૩]

ચક્રી જીન બેઉ પદવી ધારક કુંથુ જિન હે માહરા,
પુણ્ય અંકુર આજ ફળીયા, દર્શને જિન તાહરા,
દર્શન થકી દર્શન લઈ જીવન બને મહાવ્રત ધરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં કુંથુનાથ જીનેશ્વરં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૮) શ્રી અરનાથ પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ

[૩૭૪]

શુભ ભાવ પૂજા  દ્રવ્ય પૂજા, કરે સુર  નર નાર હી,
મેટ કે સબ જગત કે દુઃખ લહે ભવજલ પાર હી,
જસ નહિ કોઈ જગત મેં અરિ, અરનાથ જિનેશ્વરં,
સબ ભવિક જન મિલકરો પૂજા જપો નિત પરમેશ્વરં.

[૩૭૫]

મોહે ત્રણ રત્ન લૂંટયા ઘડપણ વળગ્યું દેહ તાકાત ખોવે,
આયુષ્ય નવિ થોભતું રે નિશદિન ઘટતું દેખતા આત્મરોવે,
કાનો નહિ કામ આપે થર થર ધ્રુજતાં સર્વ ગાત્રો જ મારા,
આપો સ્વરાજ મોટું અર જિનવરજી પાય સેવું તુમારાં.

[૩૭૬]

થઈ છે જે પુણ્યે મનુષ સુખની પ્રાપ્તિ સઘળી,
ગુમાવું છું તેને વિષય સુખમાં ધર્મ વિસરી,
ધતુરો વાવ્યો મેં હૃદય ભવને કલ્પતરુને,
ઉખેડી ભૂલ્યો હું અરવિભુ તને તાર અમને.

[૩૭૭]

પાયો આજે ત્રિજગત મહી, મૂર્તિ ઉલ્લાસકારી,
દેખી હૈયું અધિક હરખે દીન ઘેરે દીવાળી,
નાચે જોઈ પથિક તરૂને સાસ દેખી જમાઈ,
નાચું હું તો અર જિનવરા, દર્શ પામી સવાઈ.

[૩૭૮]

વીતેલ ચોથા અર આભ માંહી ધ્વાન્તારિ જેવા અરનાથ સાંઈ,
ચોથા તમારા પુરુષાર્થ કેરી, લક્ષ્મી વિલાસં પ્રસરાવજોરે,

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

[૩૭૯]

રત્નો ચતુર્દશ નિધાન ઉમંગકારી,
બત્રીસ બદ્ધ નિત નાટક થાય ભારી,
પદમાનની સહસ ચોસઠ અંગનાઓ,
તેવી તજી અરજિનેશ્વરે સંપદાઓ.

[૩૮૦]

આનંદ કંદ અરનાથ ! સુમેરુ ધીર,
વિશ્વોપકાર કર કર્મ દાવાગ્નિ નીર,
છોડી છખંડ શિવ સૌખ્ય લહ્યુ તમે જે,
દેતાં કરો કિમ વિલંબ હવે મને તે.

[૩૮૧]

પામે થાકયો પથિક રથને તપ્તેને જેમ છાયા,
પામે અંધો નયન કિરણો રંક જ્યું લક્ષ્મી પાયા,
ડુબ્યો નૌકા જલ નિધિ મહીં ઔષધે જેમ રોગી,
મોટા પુણ્યે અરજિન તણાં દર્શ પામ્યો સુભાગી.

[૩૮૨]

જે દુઃખોના વિષમ ગિરિઓ વજ્રની જેમ ભેદે,
ભવ્યાત્માની નિબિડ જડતા સૂર્યની જેમ છેદે,
જેની પાસે તૃણ સમગણે સ્વર્ગને ઇંદ્ર જેવા,
એવી સારી અરજિન મને આપજો આપ સેવા.

[૩૮૩]

સાક્ષીભાવે ભોગવી ષટ્ખંડ રિદ્ધિ છાંડતા,
લેઈ દીક્ષા જિનવર પલકમાંહે ઘાતી કર્મો ખાંડતા
સમવસરણે વાણી સુણતા ધન્ય જીવન તસ નરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં અરનાથ જિનેશ્વરં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૧૯) શ્રી મલ્લિનાથ પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ

[૩૮૪]

સુર કરે આરતી શંખ બાજે, ઘંટકા રણકારહી,
ડફ ભેરી ઝલ્લર તાર બાજે ઝાંઝરા ઝણકારહી,
બહુ નિરત નિરતે ધ્યાન પૂજે મલ્લિનાથ જિનેશ્વરં,
સબ ભવિકજન મિલ કરો પૂજા, જપો નિત પરમેશ્વરં.

[૩૮૫]

આવ્યો ભમરો બનીને ગુણમધ ચુસવા દેહ ગુલાલ માની,
આવ્યો મૃગલો બનીને સ્વર મધુ સુણવા વસ્ત્ર વીણા સુમણી,
આવ્યો સરિતા બનીને તુમ સમ બનવા નાથ અર્ણવમાની,
આવ્યો દરદી બનીને ભવદુઃખ હરવા સુણ વા મલ્લિવાણી,

[૩૮૬]

ઉડી નિંદ્રા મારી તવ દરિસને ઘોર મુજની,
ચડી આવે જેવો અરૂણ જગમાં જાય રજની,
નહીં જાવો દૂરે ભવમયવને નાથ મુજથી,
કરો વ્હાલા રક્ષા તિમિર હરજો મલ્લિજિનજી.

[૩૮૭]

દેખુ પ્રેમે અનુચર બની નાથ તું પ્રાણ પ્યારા,
માગું ના હું કનકમણિને રત્ન માણેક હીરા,
હાથી ઘોડા સવિ વિફલ છે હોય છોને હજારા,
ચાહું સેવા તવ ચરણની મલ્લિ દેજો સહારા.

[૩૮૮]

દેવા સુરોને નરના નરેશ, મોરો તણા નૂતન મેઘરૂપ,
ને કર્મવૃક્ષો હરવા સુહસ્તિ એ વાસ્તવીએ સમનાથ મલ્લિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૩૮૯]

નિત્ય કરી કવલ ક્ષેપન કંઠ સુધી,
ષટ્મિત્રને તરણ કાજ નિપાઈ બુદ્ધિ,
ઉદ્યાન મોહનગૃહે રચી હેમ મૂર્તિ,
મલ્લિ જિનેશ પડિમા ઉપકાર કીર્તિ.

[૩૯૦]

જે કામધેનુ સુરવૃક્ષ થકી વધારે,
આપે સુખો ભવિક ચિત વિષાદ હારે,
તે મલ્લીનાથ વિભુ બાળથી બ્રહ્મચારી,
લેજો નમુ ભવથી નાથ મને ઉગારી.

[૩૯૧]

આવ્યાતા નૃપ ચાર જે પરણવા દીધા તમે બોધને,
નારી છે અશુચિ ભણી ગટર એ પ્રત્યક્ષ દેખાડીને,
તાર્યા પૂર્વતણા સખા સકલને હે બ્રહ્મચારી વિભો,
હું યે મલ્લિજિનેશદાસ તુમસે તારો મને હે પ્રભો.

[૩૯૨]

તાર્યા મિત્રો અતિ રૂપવતી સ્વર્ણની પુતળીથી,
એવી વસ્તુ પ્રભુ તુજ નથી બોધના થાય જેથી,
સચ્ચારિત્રે જન મન હરી બાળથી બ્રહ્મચારી,
નિત્યે મલ્લિ જિનપતિ મને આપજો એવ સારી.

[૩૯૩]

મિથિલા નરેસર કુંભ નરપતિ પ્રિયા તસ પ્રભાવતી,
મલ્લી જિનેસર જનમ દેતા તિહુ લોક પ્રકાશતી,
ભક્તિ નતિ શુતિથી સુખી તિર્યંચ નરક નરામરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં મલ્લીનાથ જિનેશ્વરં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૦) શ્રી મુનિ સુવ્રત પ્રભુ સન્મુખ બોલવાની સ્તૃતિ

[૩૯૪]

પ્રભુ ક્ષમા સાગર શીલ સાગર કોટિ રવિ જિમ જોત હી,
જીનવાણી સુંદર અમીય સરખી, તૃપ્તિ સબ જીય હોત હી,
નિત કરો કિરપા સેવક જાની મુનિસુવ્રત જીનેશ્વરં,
સબ ભવિક જન મિલ કરો પૂજા જવો નિત પરમેશ્વરં.

[૩૯૫]

સ્વામી મુનિ સુવ્રતા હું નિશદિન જપતો જાપ માળા તમારી,
ખીલી શત પાંખડીઓ વદન કમલની નેણને હર્ષકારી;
ગાવે સુર નાર ગીતો છુમ છુમ કરતી ઝાંઝરો પાય પેરી,
દેહે શણગાર સજી અનુપમ કરતી ભક્તિ પુષ્પો જ વેરી.

[૩૯૬]

ત્યજી માયા બન્યા વિમુખ ભવથી તોયે ભવિને,
કહો તારે કેમે અચરિજ ઘણું થાય અમને;
મને તારો તેમાં અચરિજ પણું મુખ્ય સમજું,
ધરું હૈયે ભાવે મુનિસુવ્રતજી પાર કરતું.

[૩૯૭]

જોઈ નામે વિમલ મમતા નાથ તારા સમી રે,
જોઈ ના મેં ચલિત જગમાં શાંતિ તારા સમી રે,
જોઈ ના મેં અવિરત નદી પ્રેમની તો સમી રે,
જોઈ ના મેં અનુપમ છબી સુવ્રત સ્વામી સી રે.

[૩૯૮]

આ વિશ્વ કેરી અતિ મોહ નિદ્રા, દૂરે હટાવા પરભાત જેવા,
શ્રી સુવ્રત સ્વામ તણા મજાના, છે દેશના વચનો સ્તવાએ.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

[૩૯૯]

નિસંગદાન્ત ભગવંત અનંત જ્ઞાની,
વિશ્વોપકાર કરુણાનિધિ આત્મધ્યાની,
પંચેન્દ્રિયો વશ કરી હણી કર્મ આઠે,
વંદો જિનેન્દ્ર મુનિ સુવ્રત તેહ તાટે.

[૪૦૦]

દયા લાવી અશ્વે, સુર સહિત આવ્યા ભૃગુપુરે,
ઉગાર્યો આવીને પ્રવર ઉપદેશ પ્રભુ તમે,
હઠાવી કર્મોને પરમ પદ પામ્યા જગ ધણી,
મને અર્પો સેવા મુનિ સુવ્રત દેવા ચરણની.

[૪૦૧]

આવી રૂડી મનહર છબી ક્યાંય બીજે ન ભાળી,
કેવી દીસે અમૃત ઝરતી યોગમુદ્રા છે ધારી,
આ મોંઘેરી અવસર ઘડી સ્વર્ગ લાગે ન સારું,
માંગુ મુનિ સુવ્રત પ્રભુજી ભવોભવ દર્શ તારું.

[૪૦૨]

અજ્ઞાનાંધ કૃતિ વિનાશ કરવા, જે સૂર્ય જેવા કહ્યા,
જેને અષ્ટ પ્રકારના કઠિણ જે કર્મો બધાં તે દહ્યા,
જેની આત્મ સ્વભાવમાં રમણતાં જે મુક્તિદાતા સદા,
એવા તે મુનિ સુવ્રતને નમીએ જેથી ટળે આપદા.

[૪૦૩]

ગણિ ગૌતમ ગુણ ગાતા તીર્થ ભરૂઅચ્છ રંજનં,
સુવ્રત જિનનું તીર્થ મોટું, ભવિક દુઃખ સવિ ભંજનં,
તુજ આણ જીવ જે આચરે તસ કર્મ હ્રાસકરં વરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં મુનિ સુવ્રત જિનેશ્વરં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૧) શ્રી નમિનાથ પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ

[૪૦૪]

અનંત કેવલ જ્ઞાન સુંદર, અમિત બલગુણ સાગરં,
અમિત રૂપ સરૂપ જિનવર, અમિત દર્શન સાગરં,
પગ નમત સુરનર નાગ કિન્નર, નમિનાથ જિનેશ્વરં,
સબ ભવિક જન મિલ કરો પૂજા, જપોનિત પરમેશ્વરં,

[૪૦૫]

બુડયો ભવસાગરે હું પ્રવહણ સમ છો નાથ આધાર તારો,
ભૂલ્યો શુભ માર્ગ હું તો ભવરૂપ વનમાં નાથ આપો સહારો,
વ્યાપ્યું અતિ ઝેર દેહે વિષય ઉરગનું નાથ કાસ ઉગારો,
માંગ્યું મમ આપશો તો નમિ જિનવરજી પાડ માનીશ તારો.

[૪૦૬]

ટળે દૂરે મારા તુજ દરિસને નાથ કરમો,
રમું ના સંસારે શિવસુખ ચહું નાથ અરપો,
પડી જંજીરો જે મમ ચરણમાં નાથ ખટકે,
તમે તોડો તેને નમિ જિનવરા આત્મ ઝળકે.

[૪૦૭]

જેના જન્મે ક્ષિતિતલ પરે સૌમ્ય છાયા છવાઈ,
જેના જન્મે દરદ જનનાં દૂર જાતાં ધવાઈ,
જેણે દીધી તરૂણ વયમાં અંગના સર્વ ત્યાગી,
તેવા વંદુ નમિ ચરણને નિત્ય હું પાય લાગી.

[૪૦૮]

શીર્ષે રમે છે નમતાં નરોના, ને શુદ્ધિ માટે શુભ હેતુભૂત,
પાણી તણાપૂર સમાન એવા રક્ષો નમિ પાદ નખાંશુ ઓરે.

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

[૪૦૯]

ઈન્દ્રો સુરો નરવરો મલી સર્વ સંગે,
જન્માભિષેક સમયે અતિ ભક્તિ રંગે,
વિદ્યાધરી સુરવરી શુભ શબ્દ રાગે,
સંગીત નાટક કરે નમિનાથ આગે.

[૪૧૦]

સુણી તારી વાણી ભવભય હરી ચિત્ત વિકસે,
અને દેખી મૂર્તિ અમિય ઝરતી પાપ વિણુસે,
ભમ્યો છું સંસારે તુજ વિણવિભો ચાર ગતિમાં,
મહાપુણ્યે આજે નમિજિન હું આવ્યો શરણમાં.

[૪૧૧]

જે સંભારે જિનગુણ દિલે કે ધરે ધ્યાન તેનું,
જે સ્પર્શે કે નયન નિરખે કે નમે અંગ જેનું,
પુણ્યો કેરી અનુપમ નદી તે જનોમાં વહે છે,
સેવા સ્વામી નમિ જિનતણી ભાગ્યથી એ મળે છે.

[૪૧૨]

વેરી વૃંદ નમ્યો પ્રભુ જનકને ગર્ભ પ્રભાવે કરી,
કીર્તિ ચંદ્ર કરો જવલા દિશિ દિશિ આ વિશ્વમાં વિસ્તરી,
આપી બોધ અપૂર્વ આ જગતને પામ્યા પ્રભુ શર્મને,
પુણ્યે શ્રી નમિનાથ આપ ચરણે પામ્યો ખરા ધર્મને.

[૪૧૩]

જેહના પ્રભાવે અરિદલ સવિ નમે ભયથી પગ પડી,
વિણુ કહે જેહની સેવનામાં, અમરગણુ કોટિ ખડી,
તુજ વાણી જાણી આદરી લહે જીવ અનંતા નિજઘરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં નમિનાથ જિનેશ્વરં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૨) શ્રી નેમિનાથ પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ

[૪૧૪]

જિન લાખ જીવન બંધ છોડી ભયે દયા વિશાલજી
તિય ત્યાગ રાજીમતી ધાર દીક્ષા હુવે શિવપુરલાલજી,
બાલ બ્રહ્મચારી ગણાયે નેમિનાથ જિનેશ્વરં,
સબ ભવિક જન મિલકરો પૂજા જપોનિત પરમેશ્વરં.

[૪૧૫]

સુણ્યાં રડતાં મૃગોના કરુણ વચનને નાથ લેજો ઉગારી,
કીધો રથને સુપંથે તરત જ વળતો પ્રીત જુની વિસારી,
ત્યાગી નવયૌવનાને દુઃખકર વનમાં સંચર્યા બ્રહ્મચારી,
પીધું કર્મો ખપાવી શિવસુખ ઝરણું ગોરનારે પધારી.

[૪૧૬]

તરી ભવ્યો જાવે ભવજલધિને મોક્ષ ઘરમાં,
ગમે વાણી તારી હૃદય પલટે એક પળમાં,
ભજે ગુણો તારા વિશદ હૃદયે નિત્ય રસના,
અનંતા લેવાને સુખ શિવતણા નેમ ભજના.

[૪૧૭]

જોયા સામે હરિણ રડતાં વેદના ચિત્ત જાગી,
વાળ્યો પાછો રથ તુરત તે રાજુલા નાર ત્યાગી,
આંખે આંસુ દડ દડ પડે તોય જોયું ન સામું,
લીધી દીક્ષા સુરગિરિ સમા નેમિને શીર્ષ નામું.

[૪૧૮]

છે યાદવોના કુલ સાગરેન્દુ, ને કર્મના જંગલ બાળવામાં
છે અગ્નિનાતુલ્ય અરિષ્ટનેમ, હોજો અરિષ્ટો હણવા તમારા.

[૪૧૯]

રાજિમતી ગુણવતી સતી સૌમ્યકારી,
તેને તમે તજી થયા મહા બ્રહ્મચારી,
પૂર્વભવે નવ લગે તુમ સ્નેહ ધારી,
હે નેમિનાથ ભગવંત પરોપકારી.

[૪૨૦]

પ્રકાશી છો સ્વામી શશિ રવિ થકી આપ અધિકા,
અભિષ્ટોને આપી અધરિત કરી કલ્પલતિકા,
થયા સૌથી મોટા શીયળધર રાજીમતી તજીને,
નમું નિત્યે પાયે પ્રણયથી તે નેમિ જિનને.

[૪૨૧]

આવીને પરણ્યા વિના યદુપતિ શાને તજી રાજુલા,
જાણીશું પશુઓ તણા હૃદયની કેવી હશે વેદના,
કે સંકેત હતો પ્રભુ પરણવા જે મુક્તિ નારી તણો,
હા જાણ્યું પરવા નતી વિષયની સંકેત એ ત્યાગનો.

[૪૨૨]

લોભાવે લલના તણા લલિત શું ત્રિલોકના નાથને,
કમ્પાવે ગિરિભેદી વાયુ લહરી શું સ્વર્ણના શૈલને,
શું સ્વાર્થે જિન દેવએ પશુ તણા પોકારને સાંભળે,
શ્રી મન્નેમિ જીનેન્દ્ર સેવન થકી, શું શું જગે ના મળે,

[૪૨૩]

નેમિ જીન તુજ ગુણ ગાતા, ગુણ પ્રગટે મુજ ઘણા,
મંદિર બિંબો દેખી હરખું નેમિ જીન હે તુજ તણા,
તિહું લોકમાં અપ્રતિમ ભાસે દાતા નેમિ ગુણકરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં, નેમિનાથ જીનેશ્વરં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી પાર્શ્વનાથ પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ

[૪૨૪]

સુર નાગ નાગન સેવ કર તે સીસ ફન વર સાત હીં,
ફૂલ અલસી સરસી તનુજ વરણું, ભણિત જગ વિખ્યાતહી,
પારસ તે તુમ અધિક સ્વામી, પાર્શ્વનાથ જીનેશ્વરં,
સબ ભવિક જન મિલ કરો પૂજા, જપો નિત પરમેશ્વરં.

[૪૨૫]

જોયો સરિતા તટે તેં ભડ ભડ બળતો કાષ્ટમાં નાગ મોટો,
આજ્ઞા મલતાં જ દાસે ઝટ ખડગધરી કાષ્ટ ફાડી બચાવ્યો,
ક્રોધે તપસી મરીને, કમઠ જીવનમાં દુષ્ટ ભાવો જ ભાવે,
નાથી જલધાર ઈન્દ્રે શિર છત્તર ધરી પાર સંસાર થાવે.

[૪૨૬]

નભેથી નાંખીરે તવ શિર પરે રેત કમઠે,
છતાં આણ્યો નાહીં કમઠ ઉપરે રોષ મનથે,
ગયો તે તો દેવા દુઃખ તનુ તણી કાંતિ હણુવા,
નમુ પાર્શ્વે લાગ્યો કરમ રજથી તેજ બળવા.

[૪૨૭]

ગંગા તીરે ફણિ અનલમાં દાઝતો તેં નિહાળ્યો,
આપી આજ્ઞા! ઝટ અનુગને કાષ્ટ ફાટી બચાવ્યો,
આપ્યો જે તેં નવપદ સુણી, સ્થાન નાગેંદ્ર પાયો,
એવું પ્રેમ અમૃત ઝરણું પાર્શ્વ નિત્યે વહાવો.

[૪૨૮]

કર્મસ્વને યોગ્ય કરી રહેલાં નાગેન્દ્ર સાથે કમઠા સુરે યે,
આનંદ ધર્તા સમચિત્ત વાળા, પાર્શ્વપ્રભુ શ્રી કરહો તમોને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૪૨૯]

સમ્મેત શૈલ શિખરે પ્રભુ પાર્શ્વ સોહે,
શંખેશ્વરા અમીજરા કલિકુંડ મોહે,
શ્રી અશ્વસેન કુલદીપક માતુ વામા,
નિત્યે અચિંત્ય મહિમા પ્રભુ પાર્શ્વનામા.

[૪૩૦]

ફળે જેના ધ્યાને સકળ મનમાં ઇષ્ટ પળમાં,
ગવાયેલો જેનો અતુલ મહિમા વિશ્વભરમાં,
કરે જેની સેવા ધરણપતિ પદ્માવતી સદા,
હરો પાર્શ્વસ્વામી મુજ હૃદયની સર્વવિપદા.

[૪૩૧]

તાર્યો સ્વામી ભડભડ થતા અગ્નિથી નાગ જ્યારે,
સ્થાપ્યો તેને સુરવર કરી ના મને કાં ઉગારે,
ડુબાડે છે કમઠ જલમાં ઇંદ્ર ભક્તિ બતાવે,
તો એ પાર્શ્વ તુજ હૃદયમાં રાગ કે દ્વેષ નાવે.

[૪૩૨]

ધૂણીમાં બળતો દયાનિધિ તમે જ્ઞાને કરી સર્પને,
જાણી સર્વ જનો સમક્ષ ક્ષણમાં આપી મહામંત્રને,
કીધો શ્રી ધરણેન્દ્રને ભવ થકી તાર્યા ઘણા ભવ્યને,
આપો પાર્શ્વ જિણંદ નાશરહિતા સેવા તમારી મને.

[૪૩૩]

દશ ભવતણો વૈરી કરે કમઠ અતિ સંતાપને,
ધરણેન્દ્ર ભક્તિ ભાવ કરતો ટાળતો સંતાપને,
રાગી દ્વેષી બેઉ નિરખે સમ નજર પરમેશ્વરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં પાશ્વર્નાથ જિનેશ્વરં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૨૪) શ્રી મહાવીર પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિ

[૪૩૪]

સહસ્ર સત ગુણ શોભતે પ્રભુ સહસ્ર નામ ભણંતજી,
અપર જગમેં વીર ભણિતો મહાવીર કહંતજી,
બધંત બધતે સુખ બધે કુલ, વર્ધમાન જિનેશ્વરં,
સબ ભવિક જન મિલ કરો પૂજા, જપો નિત પરમેશ્વરં.

[૪૩૫]

જાશો પ્રભુના તમે ત્યાં જનગણ વિનવે આવશે દુઃખ ભારે,
તોયે ચરણો જ માંડચા ભયજનક વને આપ જ્યાં દેહ બાળે,
દેખી વિષ નાગ ડંસ્યો તુમ ચરણકજે આંખ ક્રોધે તપાવી,
આપી ઉપદેશ મીઠો મધુર વચનથી દેવ દીધો બનાવી.

[૪૩૬]

ઝુકાવું છું પ્રેમે તુજ ચરણમાં શીશ મુજનું,
થઈ ભૂલો જે છે ગત જનમમાં માફ કર તું,
વળી વંદી યાચું ભવ ભવ મને આપ મળજો,
થશે ભૂલો આગે અબુધ શિશુની વીર ખમજો.

[૪૩૭]

લાગે મીઠી ગુણગણ ભરી વીર તારી જ વાણી,
પામી ભવ્યો ભવજલતરી પામતા મુક્તિ રાણી,
વેઠચાં કષ્ટો દુઃખકર ઘણા નાથ તે એક ધ્યાને,
બાળી આઠે કરમમલને મોક્ષ પામી ગયા રે.

[૪૩૮]

આશ્ચર્યકારી વિભવે સુયુક્ત રૂડા મહાનંદ સરે સુહંસ,
શ્રીમદ્ મહાવીર જિનેશનેરે, હો વંદના ભાવભરી ત્રિકાલ.

[૪૩૯]

સિદ્ધાર્થરાય ત્રિશલા સુત નિત્ય વંદો,
આનંદકારક સદા ચરણારવિંદો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જે શાસનેશ્વર તણો ઉપકાર પામી,
પૂજું પ્રભુ ચરણ શ્રી મહાવીર સ્વામી.

[૪૪૦]

મળ્યા આજે મારા, ભવ ભવ તણા પુણ્ય ઉદયે,
સમુદ્ધર્તા સ્વામી ત્રિજગ જગના કંઈક સમયે,
મને આપી જ્ઞાના–દિક ગુણ ગણી કિંકર નકી,
મહાવીર સ્વામી ચરમ જિન તારો ભવ થકી.

[૪૪૧]

પીધાં છે ઉપસર્ગના વિષ તુમે તો એ અમીને દીધાં,
ડંખે નાગ પ્રચંડ એ ચરણમાં આપી ક્ષમા તારતા,
મુઠી ચંદન બાલાના અડદને તેને ઉગારી તમે,
તાર્યા કૈંક જનો દઈ સદ્‌ગુણો તે વીર ! તારો મને.

[૪૪૨]

શ્રી સિદ્ધાર્થ નરેન્દ્રના કુલનભે ભાનુ સમા છો વિભુ,
મારા ચિત ચકોરને જિન તમે છો પૂર્ણ ચંદ્ર પ્રભુ,
પામ્યો છું પશુતા તજી સુરપણું હું આપના ધર્મથી,
રક્ષો શ્રી મહાવીર દેવ મુજને પાપી મહાકર્મથી.

[૪૪૩]

સંગમ તણા ઉપસર્ગ સુણતા ભવ્યના હૈયા સુના,
તસ કર્મનો વિપાક દેખી વીરને આંસુ ઉના,
કરૂણાં નિધાન વીર નિત નમું જે કરે મુજ અઘહરં,
વંદન કરું ધરી ભાવ દિલમાં વર્ધમાન જિનેશ્વરં,

નેમિનાથ પસાયથી સ્તુતિ રચી શુભ બંધ મેં જે કર્યો,
તે શુભ બંધ થકી પ્રભુજી કરજો, દર્શન સમાધિ ભર્યો,
તિહુ કાલે જે ભવ્ય ભાવ ધરીને, તુજ ભક્તિ માંહે રમે,
ત્રિવિધે તસ અનુમોદતો ફરી ફરી, સાગર સુધર્મ નમે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## જ્ઞાન વિમલ સૂરિ કૃત ચોવીશ જિનના છંદ

[૪૪૪]

આદિ જિણંદ નમે નરઈંદ સપુતમચંદ સમાન મુખં,
શમામૃત કંદ ટાળે ભવફંદ મરૂદેવી નંદ કરત સુખં,
લગેજસ પાય સુરિંદ નિકાય ભલા ગુણ ગાય ભવિકજનં,
કંચનકાય નહિ જસ માય નમે સુખ થાય શ્રી આદિજિનં.

[૪૪૫]

અજિત જિણંદ દયાલ મયાલ વિશાલ કૃપાલ નયન જુગં,
અનુપમ ગાલ મહામૃગ ચાલ સુભાલ સુજાનગ બાહુ જુગં,
મનુષ્યમેં લીહ મુનીસરસિંહ, અબીહ નિરીહ ગયે મુગતિ,
કહે નયચિત્ત ધરી બહુ ભત્તિ નમે જિનનાથ ભલી જુગતિ.

[૪૪૬]

એહ સંભવનાથ અનાથનાથ મુગતિકો સાથ મિલો પ્રભુ મેરો,
ભવોદધિ પાજ ગરીબ નિવાજ સબે શિરતાજ નિવારત ફેરો,
જિતારિકો જાત સુસેના માતનમે નર જાત મિલિ બહુ ઘેરો,
કહે નય શુદ્ધ ધરી બહું બુદ્ધ જીતાવનનાથ હું સેવક તારો.

[૪૪૭]

અભિનંદન સ્વામ લીધે જસ નામ, સરે સવિ કામ ભવિક તણો,
વિનીતા જસ ગામ નિવાસકો ઠામ, કરે ગુણગ્રામ નરિંદ ઘણો,
મુનીસર ભૂપ અનુપમ રૂપ, અકલ સ્વરૂપ જિણંદ તણો,
કહે નય એમ ધરી બહુ પ્રેમ, નમે નર પાવત સુખ ઘણો.

[૪૪૮]

મેઘ નરિંદ મલ્હાર વિરાજીત, સોવન વાન સમાન તનુ
ચંદ સુચંદ વદન સુહાવત, રૂપ વિનિર્જીત કામ તનુ,
કર્મકી કોડ સવિદુઃખ છોડ, નમે કર જોડ કરી ભગતિ,
વંશ ઇશ્વાકુ વિભૂષણ સાહિબ, સુમતિ જિણંદ ગયે મુગતિ.

Jain Education International        For Private & Personal Use Only        www.jainelibrary.org

[૪૪૯]

હંસ પાદ તુલ્ય રંગ રતિ અર્ધ રંગ,
અઢીશેં ધનુષ ચંગ દેહકો પ્રમાણ હૈ,
ઉગતો દિણંદ રંગ લાલ કેસુ ફૂલ રંગ,
રૂપ હે અનંગ ભંગ અંગ કેરો વાન હૈ,
ગંગકો તરંગ રંગ દેવનાથ હિ અભંગ,
જ્ઞાનકો વિશાલ રંગ શુદ્ધ જાકો ધ્યાન હૈ,
નિવારીએ કલેશ સંગ પદ્મપ્રભુ સ્વામિ ધિંગ,
દીજીએ સુમતિ સંગ મધ્ય કેરો ભાણ હૈ.

[૪૫૦]

જિણંદ સુપાસ તણા ગુણ રાસ ગાવ ભવિ પાસ આણંદ ઘણે,
ગમે ભવિ પાસ મહિમા નિવાસ પૂરે સવિ આસ કુમતિ હણે,
ચિહુ દિસે વાસ સુગંધ સુખાસ ઉસાસ નિસાસ જિણંદ તણો,
કહે નય ખાસ મુણિંસ સુપાસ તણો જસ વાસ સદૈવ ભણો.

[૪૫૧]

ચંદ્ર ચંદ્રિકા સમાન, રૂપ શૈલસે સમાન,
દોઢસો ધનુષ માન દેહકો પ્રમાણ હૈ,
ચંદ્રપ્રભ સ્વામી નામ લીજીએ પ્રભાત જામ,
પામીએ સુઠામ ઠામ ગામ જસ નામ હૈ,
મહાસેન અંગ જાત લક્ષ્મણાભિધાન માત,
જગમાં સુવાસ વાત, ચિહું દિશે થાત હૈ,
કહે નય છોડી તાંત, ધ્યાઈએ જો દિનરાત,
પામીએ તો સુખ સાત, દુઃખકો મીરાત હૈ.

[૪૫૨]

દુધ સિંધુ ફેન પિંડ, ઉજલો કપૂર ખંડ,
ધેનુ ખીરકો સુખંડ, શ્વેત પદ્મખંડ હૈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગંગકો પ્રવાહ પિંડ, શુભ શૈલ શુદ્ધ દંડ,
અમૃત સરસ કુંડ, શુદ્ધ જાકો તુંડ હૈ,
સુવિધિ જિણંદ સંત કીજીએ કુકર્મ અંત,
શુભ પંક્તિ જાસ દંત શ્વેત જાકો વાન હૈ,
કહે નય સુણો સંત, પૂજીએ જો પુષ્પદંત,
પામીએ તો સુખ સંત, શુદ્ધ જાકો ધ્યાન હૈ.

[૪૫૩]

શીતલ શીતલ વાણી ઘનાઘન ચાહત હૈ ભવિ કોક કિશોરા,
કોક દિણંદ પ્રજા સુનરિંહ વલી જિમ ચાહત ચંદ ચકોરા,
વિંધ ત્રયંદ શચિ સુરઇંદ સતી નિજ કંત સુમેઘ મયૂરા,
કહે નય નેહ ધરી ગુણ ગેહ, તથા લહુ ધાવત સાહિબ મેરા.

[૪૫૪]

વિષ્ણુ ભૂપકો મલ્હાર જગ જંતુ સુખકાર,
વંશ કો શ્રૃંગાર હાર રૂપકો અગાર હૈ,
છોડી સવિ ચિત્તકાર માન મોહકા વિકાર,
કામ ક્રોધકો સંચાર સર્વ વેરિવાર હૈ,
આદર્યો સંજમ ભાર પંચ મહાવ્રત સાર,
ઉતારે સંસાર પાર જ્ઞાન કો ભંડાર હૈ,
ગ્યારમો જીણંદ સાર ખડગી જીવ ચિન્હધાર,
કહે નય વારોવાર મોક્ષકો દાતાર હૈ,

[૪૫૫]

લાલ કેશુ ફૂલ લાલ રતિ અર્ધ રંગ લાલ,
ઉગતો દિણંદ લાલ લાલચોળ રંગ હૈ.
કેશરીકી જીહ લાલ કેશર કો ઘોળ લાલ,
ચુંદડીકો રંગ લાલ. લાલ પાન રંગ હૈ.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

લાલ કીર ચંચુ લાલ, હીંગળા પ્રવાહ લાલ,
કોકિલાકી દૃષ્ટિ લાલ, લાલ ધર્મ રંગ હૈ,
કહે નય તેમ લાલ, બારમો જિણંદ લાલ,
જયાદેવી માત લાલ લાલ જાકે અંગ હૈ.

[૪૫૬]

કૃતવર્મ નરિંદ તણો એહ નંદ નમંત સુરેંદ્ર પ્રમોદ ધરી,
ગમે દુઃખ દંદ દીયે સુખ વૃંદ, જાકો મદ સોહત ચિત્ત ધરી,
વિમલ જિણંદ પ્રસન્ન વદન, જાકે શુભ અંગ સુગંગ પરી,
નમે એક મન્ન, કહે નય ધન્ન નમો જીનરાજ સુપ્રીત ધરી.

[૪૫૭]

અનંત જિણંદ દેવ, દેવમાં દેવાધિદેવ,
પૂજો ભવિ નિત્યમેવ, ધરી બહુ ભાવના,
સુરનર સારે સેવ, સુખ દીયો સ્વામિ હેવ,
તુજ પાખે ઓર દેવ ન કરૂં હું સેવના,
સિંહસેન અંગ જાત, સુજસાભિધાન માત,
જગમાં સુજશ ખ્યાત, ચિહું દિશે વ્યાપતો,
કહે નય તાસ વાત, કીજી એ જો સુપ્રભાત,
નિત સોય સુખ સાત, કીર્તિ કોડ આપતો,

[૪૫૮]

જાકે પ્રતાપ પરાજિત નિર્બલ, ભૂતલ થઈ ભળે ભાનુ આકાશે,
સૌમ્ય વદન વિનિર્જીત અંતર, શ્યામ વાસી વેન હોય પ્રકાશે,
ભાનુ મહીપતિવંશ કુસેસય, બોધક દીપત ભાનુ પ્રકાશે,
નમે નય નેહ નિતુ સાહિબ એહ, ધર્મ જીણંદ ત્રિજગ પ્રકાશે.

[૪૫૯]

સોળમા જિણંદ નામે, શાંતિ હોય ઠામોઠામે,
સિદ્ધિ હોય સર્વ કામે નામકે પ્રભાવથે,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કંચન સમાન વાન, ચાલીશ ધનુષ માન,
ચક્રવર્તી કોભિધાન દીપતો તે સૂરથે,
ચઉદરયણ શાન દીપતા નવ નિધાન,
કરત સુરેદ્ર ગાન પુણ્ય કે પ્રભાવથે,
કહે નય જોડી હાથ અબ હું થયો સનાથ,
પાઈ ઓ સુમતિ સાથ શાંતિ કે દેદારથે.

[૪૬૦]

કહે કુંથુ જિણંદ મયાલ દયાનિધિ, સેવકની અરદાસ સુણો,
ભવ ભીમ મહાર્ણવ પૂર અગાહ અથાહ ઉપાધિ સુનીર ઘણો,
બહુ જન્મ જરા મરણાદિ વિભાવ નિમિત્ત ઘણાદિ કલેશ ઘણો,
અબ તારક તાર કૃપા કર સાહિબ, સેવક જાણી છે આપણો.

[૪૬૧]

અર દેવ સુદેવ કરે નર સેવ સવિ દુઃખ દોહગ દૂર કરે,
ઉપદેશ ઘનાઘન નીર ભરે ભવિ માનસ માનસ ભૂરી તરે,
સુદર્શન નામે નરેશ્વર અંગજ ભવ્ય મને પ્રભુ જાસ નિવાસે,
તસ સંકર સોગ વિયોગ કુયોગ દરિદ્ર કુસંગતિ નાવત પાસે.

[૪૬૨]

નીલ કીર પંખ નીલ નાગવલ્લી પત્ર નીલ,
તરૂવર રાજી નીલ નીલ નીલ દ્રાક્ષ હૈ,
કાચકો સુરંગ નીલ પાચકો સુગોલ નીલ,
ઈંદ્ર નીલ પત્ર નીલ રત્ન નીલ ચાસ હૈ,
જમુના પ્રવાહ નીલ, ભૃંગરાજ પંખ નીલ,
જેહવો અશોક વૃક્ષ નીલ નીલ રંગ હૈ,
કહે નય તેમ નીલ, રાગ થે અતીવ નીલ,
મલ્લિનાથ દેવ નીલ જાકો અંગ નીલ હૈ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૪૬૩]

સુમિત નરિંદ તણો વરનંદ સુચંદ વદન સોહાવત હૈ,
મંદર ધીર સવિ નર હીર સુશામ શરીર વિરાજીત હૈ,
કજ્જલવાન સુકચ્છપ ચાન કરે ગુણગાન નરિંદ ઘણો,
મુનિ સુવ્રત તણો અભિધાન લહેનય માન આનંદ ઘણો.

[૪૬૪]

અરિહંત સરૂપ અનોપમ રૂપકે સેવક દુઃખને દૂર કરે,
નિજવાણી સુધારસ મેઘ જળે ભવિ માનસમાનસ ભૂરિભરે,
નમિનાથ કો દર્શનસાર લહી કુણ વિષ્ણુ મહેશ ઘરેજ કરે,
અબ માનવ મૂઢ લહી કુણ સક્કર છોડ કે કંકર હાથ ધરે.

[૪૬૫]

જાદવ વંશ વિભૂષણ સાહિબ નેમિ જિણંદ મહાનંદ કારી,
સમુદ્રવિજય નરિંદ તણો સુત ઉજ્વળ શંખ સુલક્ષણ ધારી,
રાજુલ નાર મૂકી નિરાધાર ગયે ગિરનાર કલેશ નિવારી,
કજ્જલ કાય શિવાદેવી માય નમે નય પાય મહાવ્રતધારી.

[૪૬૬]

પારસનાથ અનાથ કો નાથ સનાથ ભયો પ્રભુ દેખત થે,
સવિ રોગ વિજોગ કુજોગ મહાદુઃખ દુર ગયે પ્રભુ ધાવત થે,
અશ્વસેન નરેશ સુપુત્ર વિરાજિત ઘનાઘન વાન સમાન તનુ
નય સેવક વંછિત સાહિબ અભિનવ પૂરણ કામ શરીર મનુ.

[૪૬૭]

સિદ્ધારથ ભૂમ તણા પ્રતિરૂપ નમે નર ભૂપ આનંદ ધરી,
અચિંત સરૂપ અનુપમ રૂપ લંછન સોહત જાસ હરી,
ત્રિશલાનંદ સમુદ્ર મુકુંદ લઘુપણે કંપિત મેરૂગિરિ,
નમે નય ચંદ વિરાજીત વીર જિણંદ આણદસું પ્રીત ધરિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સામાન્ય જિન સ્તુતિ

[૪૬૮]

છે પ્રતિમા મનોહારિણી દુઃખહરી શ્રી વીર જિણંદની,
ભક્તોને છે સર્વદા સુખકરી જાણે ખીલી ચાંદની,
આ પ્રતિમાના ગુણભાવ ધરીને જે માણસો ગાય છે,
પામી સઘળાં સુખ તે જગતમાં મુક્તિ ભણી જાય છે.

[૪૬૯]

ઈહ જગત સ્વામી મોહવામી મોક્ષગામી સુખકરુ,
પ્રભુ અકલંક અખંડ નિર્મળ ભવ્ય મિથ્યાત્વહરુ,
દેવાધિ દેવા ચરણ સેવા નિત્ય મેવા આપીએ,
નિજદાસ જાણી દયા આણી આપ સમોવડ થાપીએ.

[૪૭૦]

આવ્યો શરણે તમારા જિનવર કરજો આશપુરી અમારી,
નાવ્યો ભવપાર મારો તુમ વિણ જગમાં સાર લે કોણ મારી,
ગાયો જિનરાજ આજે હરખ અધિકથી પરમ આનંદકારી,
પાયો તુમ દર્શ-નાસે ભવભવ ભ્રમણા નાથ સર્વે અમારી.

[૪૭૧]

યાચના એકજ કરૂં ભવોભવ મળો તારું શરણ,
તાહરું શાસન મળો ને રહું સદા હું તુમ ચરણ,
ચિત્તમાં જો તું રમેતો દૂર જાયે ભવ ભ્રમણ,
સદા રત રહું હું ધ્યાનમાં ત્રણ રત્નમાહે કરું રમણ.

[૪૭૨]

શા કારણે સ્વામી તમે નવિ સાર સેવકની લઈ,
તે કારણે ભવમાંહે ભમતાં ચઉગતિ મુજનવિ ગઈ,
આજ નમતાં તુજ ચરણમાં મુજ મતિ નિર્મલ થઈ,
હું માનું છું કે આજથી મુજ દુર્ગતિ દૂરે ગઈ.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

[૪૭૩]

જે દૃષ્ટિ પ્રભુ દર્શન કરે તે દૃષ્ટિને પણ ધન્ય છે,
જે જીભ જિનવરને સ્તવે તે જીભને પણ ધન્ય છે,
પીએ મુદા વાણી સુધા તે કર્ણયુગને ધન્ય છે,
તુજ નામ મંત્ર વિશદ ધરે તે હૃદયને પણ ધન્ય છે.

[૪૭૪]

જેની મૂર્તિ અમૃત ઝરતી ધર્મનો બોધ આપે,
જાણે મીઠું વચન વદતી શોક સંતાપ કાપે,
જેની સેવા પ્રણય ભરથી સર્વ દેવો કરે છે,
તે નિર્મોહી જિનચરણમાં ચિત્ત મારું ઠરે છે.

[૪૭૫]

આત્મા તણા આનંદમાં મશગુલ રહેવા ઇચ્છતો,
સંસારના દુઃખ દર્દથી ઝટ છુટવાને ઇચ્છતો,
આપો અનુપમ આશરો પ્રભુ દીનબંધુ દાસને,
હું શરણે આવ્યો આપને તારો પ્રભુ તારો મને.

[૪૭૬]

સુણ્યા હશે પૂજ્યા હશે નિરખ્યા હશે પણ કો ક્ષણે,
હે જગત બંધુ ચિત્તમાં ધાર્યા નહીં ભક્તિપણે,
જન્મ્યો પ્રભુ તે કારણે દુઃખ પાત્ર આ સંસારમાં,
હા ! ભક્તિ પણ ફળતી નથી. મુજ ભાવ શુન્યાચારમાં.

[૪૭૭]

નમીએ શ્રી જિનરાજ આજ તમને દેવો તણા દેવને,
વિનવીએ તુમ આગળે કરગરી આપો પ્રભુ સેવને,
તુમ દર્શન વિણ મેં લહ્યા દુ:ખ બહુ ચારે ગતિને વિષે,
પૂરણ ભાગ્ય ઉદય થકી પ્રભુ મળ્યા ધ્યાવું તને અહનીશે.

૭

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૪૭૮]

જે પ્રભુના અવતારથી અવનીમાં શાંતિ બધે વ્યાપતી,
જે પ્રભુની સુપ્રસન્ન ને અમીભરી દૃષ્ટિ દુઃખો કાપતી,
જે પ્રભુએ ભર યૌવને વ્રત ગ્રહી ત્યાગી બધી અંગના,
તે તાદૃશ જિનદેવના ચરણમાં હોજો સદા વંદના,

[૪૭૯]

બારે વર્ષદા મધ્યમાં પ્રભુ તમે જ્યારે દીધી દેશના,
ત્યારે હું હતભાગી દૂર વસીયો, તે મેં સુણી લેશના,
પંચમ કાળ કરાલમાં પ્રભુ તમે મૂર્તિ રૂપે છો મળ્યા,
મારે તો મન આંગણે સુરતરુ સાક્ષાત્ આજે ફળ્યા.

[૪૮૦]

પાપો મેં બહુ આચર્યા નરભવે રામા રમા કારણે,
રાખી નહિ દીલમાં દયા અનુમતિ દીધી જીવો મારણે,
ચોરી ને પરદાર લંપટ બની સાચું ન બોલ્યો જરા,
દુઃખી હું જિનરાજ તાજ શિરના સામું જુઓ તો ખરા.

[૪૮૧]

ભક્તિ તારી ભૂલી જઈ અરર હું હારી ગયો જીંદગી
વાણી આગમની સુણી નહીં કદા જે છે સુધા વાનગી,
યાત્રાઓ તીરથે જઈ પગ વડે કીધી નહીં આ ભવે,
તપથી દેહ દમ્યો નહિ પરભવે મારું શું થાશે હવે.

[૪૮૨]

ગાયા નહિ જિનરાજ ગુણ જીભથી નિંદા કીધી મેં ઘણી,
ધ્યાયા નહિ અરિહંતને હૃદયમાં ધર્મે નહિ લાગણી,
પૂજ્યા નહિ પ્રભુ આપને પ્રણયથી શુદ્ધિ ધરી ચિત્તની,
આપી દાન સુપાત્રમાં સફળતા કીધી નહિ વિત્તની.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

[૪૮૩]

પ્રભુ આજ તારા બિંબને જોતાં નયન સફળાં થયા.
પાપો બધાં દૂરે ગયાને ભાવ નિર્મળ નીપજ્યા,
સંસાર રૂપ સમુદ્ર ભાસે ચુલ્લક સરખો નિશ્ચયે,
આનંદ રંગ તરંગ ઉછળે પદ કમલને આશ્રયે.

[૪૮૪]

અરિહંત હે ભગવંત તુજ પદ પદ્મ સેવા મુજ હજો,
ભવ ભવ વિષે અનિમેષ નયને આપનું દર્શન થજો,
હે દયાસિંધુ દીનબંધુ દિવ્ય દૃષ્ટિ આપજો,
કરી આપ સમ સેવક તણા સંસાર બંધન કાપજો.

[૪૮૫]

દાદા તારી મુખ મુદ્રાને અમિય નજર નિહાળી રહ્યો,
તારા નયનોમાંથી ઝરતું દિવ્ય તેજ હું ઝીલી રહ્યો,
ક્ષણભર આ સંસારની માયા, તારી ભક્તિમાં ભૂલી ગયો,
તુજ મૂર્તિમાં મસ્ત બનીને આત્મિક આનંદમાણી રહ્યો.

[૪૮૬]

અંતરના એક કોડીયામાં દીપ બળે છે ઝાંખો,
જીવનના જ્યોતિર્ધર એને નિશદિન જલતો રાખો,
ઊંચે ઊંચે ઉડવા કાજે પ્રાણ ચાહે છે પાંખો,
તમને ઓળખું નાથ નિરંજન એવી આપો આંખો.

[૪૮૭]

વીતરાગ આપ જ એક મારા દેવ છો સાચા વિભુ,
તારો પ્રરૂપ્યો ધર્મ તે હિજ ધર્મ છે સાચો વિભુ,
એવું સ્વરૂપ વિચારીને કિંકર થયો છું આપનો,
મારી ઉપેક્ષા નવ કરો ને ક્ષય કરો મુજ પાપનો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૪૮૮]

દયાસિંધુ દયાસિંધુ દયા કરજે દયા કરજે,
મને આ જંજીરોમાંથી હવે જલ્દી છુટો કરજે,
નથી આ તાપ સહેવાતો ભભૂકી કર્મની જવાળા,
વરસાવી પ્રેમની ધારા હૃદયની આગ બુઝવજે.

[૪૮૯]

મોહની માયા કરી છાયા તમારી નવિ લહી,
કાયા મે પાપે ભરી પણ પુન્ય કરણી નવિ કરી,
સુકૃતની અનુમોદના દુષ્કૃત ગર્હા નવિ કરી,
કુગુરુ તણા મેં સંગથી સદ્‌ગુરુ સેવા નવિ લહી.

[૪૯૦]

વીતરાગ યાચના તુજ પાસે ભવોભવ તુજ શાસન મળજો,
સાદિ અનંત ભાગે આતમથી રાગદ્વેષ અળગા ટળજો,
કાળ અનાદિ દુઃખ દેનારા કર્મો આઠ મારા બળજો,
સમ્યગ્ દર્શન જ્ઞાન ચરણના જૂથ મને આવી મળજો.

[૪૯૧]

આ સંસાર મહા વને ભવકૂપે ભૂલો પડી હું ભમ્યો,
અંધારૂ ઘનઘોર છે દશદિશે તેમાં અહોનિશિ રમ્યો
આપ એકજ તેજ રેખ ભગવંત સન્માર્ગને શોધવા,
તો છોડું નવ નાથ સાથ કહિએ સંસાર પારે જવા.

[૪૯૨]

ઉત્તમ ગણું હું તેજ મનને જેહ ધ્યાવે આપને,
ઉત્તમ ગણું તુજ સ્તવન કરવામાં રસિક તે જીભને,
ઉત્તમ ગણું તે નયન નિરખે જે નિરંતર આપને,
વંદન કરી કરું પ્રાર્થના તું તાર તાર હવે મને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૪૯૩]

ધન ભાગ્ય મારાં આજ પાવન થઈ ગયો મુજ આતમા,
પ્રભુ દરિસણે આનંદ ઉપન્યો અસંખ્યેય પ્રદેશમાં,
ગુણ શ્રેણિએ ચઢાવનારા ભાવ પ્રભુ દેખાડશે,
પ્રભુ આપનું દર્શન અમોલું મુક્તિ ઠાણ પમાડશે.

[૪૯૪]

સંસારના વિસ્તારને વિણસાવનારા આપ છો,
ત્રણ ભુવનમાં મુકુટ સમા દેવાધિ દેવ તમે જ છો,
આ ઘોર ભવ જંગલ વિષે છો સાર્થવાહ પ્રભુ તમે,
ભવ સાગરે બૂડનાર મુજને તારનારા પણ તમે.

[૪૯૫]

આજે પામ્યો પરમપદનો પંથ તારી કૃપાથી,
મિથ્યા આજે ભ્રમણ ભવના દિવ્ય તારી કૃપાથી,
દુઃખો સર્વે ક્ષય થઈ ગયા જિન તારી કૃપાથી,
ખૂલ્યા ખૂલ્યા સકળ સુખના દ્વારા તારી કૃપાથી.

[૪૯૬]

જેનો પ્રબોધ પ્રસરે જગમાં પવિત્ર,
જેનું સદા પરમ મંગલ છે ચરિત્ર,
જેનું જપાય જગમાં શિવરૂપ નામ,
તે જીનને પ્રણયથી કરીએ પ્રણામ.

[૪૯૭]

રાગી બન્યો હું નિજનો પણ રાગી જીનનો નવિ બન્યો,
ગુલામ બન્યો વાસનાનો દાસ તાહરો નવિ બન્યો,
વીતરાગી એવો તું મળ્યો અનુરાગી હું તારો બન્યો,
અભાગી હું હોવા છતાં પણ તુજથી બડભાગી બન્યો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૪૯૮]

દીક્ષા ગ્રહી પ્રથમ તીર્થ તમે જ સ્થાપ્યું.
કે ભવ્યનું કઠણ દુઃખ અનંત કાપ્યું,
એવા પ્રભુ પ્રણમીએ પ્રણયે તમોને,
મેવા પ્રભુ શિવતણા અર્પો અમોને.

[૪૯૯]

સકલ કરમ વારી મોક્ષ માર્ગાધિકારી,
ત્રિભુવન ઉપકારી કેવલ જ્ઞાન ધારી,
ભવિજન નિત સેવો,દેવ એ ભક્તિ ભાવે,
એહીજ જીન ભજંતા શીવસંપત્તિ આવે.

[૫૦૦]

કરુ ધ્યાનથી ભાવથી નાથ આપો,
સુબુદ્ધિ અને સર્વ કુબુદ્ધિ કાપો,
પ્રભુ વિશ્વમાં આશરો છે તમારો,
ભવાંભોધિમાં ડૂબતાને ઉગારો.

[૫૦૧]

સ્તુતિ ના કરી કદીયે આપની મેં
કરી ગોઠડીઓ સદા પાપની મેં,
વિચાર્યો નહીં મેં કદી સુવિચારો,
ભવાંભોધિમાં ડૂબતાને ઉગારો.

[૫૦૨]

રચી જાળ મેં તુચ્છ આશા ધરીને
ધર્યો હર્ષ મેં મુગ્ધને છેતરીને,
કર્યા છે પ્રપંચો પ્રભુ મેં હજારો,
ભવાંભોધિમાં ડૂબતાને ઉગારો.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

[૫૦૩]

વિભો માનની જાળ માંહિ ફસીને,
કરી મેં અવજ્ઞા તમારી હસીને,
કર્યા લોભને ક્રોધના કારભારો,
ભવાંભોધિમાં ડૂબતાને ઉગારો.

[૫૦૪]

જપ્યો જાપ તો નહિ વિભો આપનો મેં
કર્યો સાથ છે શોક સંતાપનો મેં,
કર્યો પાપ માંહિ પ્રભુ મેં વધારો,
ભવાંભોધિમાં ડૂબતાને ઉગારો.

[૫૦૫]

યમગર્જનાની ઉપેક્ષા કરી મેં,
દુરાચારની સેવના આદરી મેં,
તજ્યોમેં પવિત્રાઇનો માર્ગ સારો,
ભવાંભોધિમાં ડૂબતાને ઉગારો.

[૫૦૬]

નિવાર્યું નહીં ચિત્તને પાપથી મેં,
લગાડ્યું નહીં ચિત્તને યોગથી મેં,
ગયો રાગ માંહિ સહુ જન્મ મારો,
ભવાંભોધિમાં ડૂબતાને ઉગારો.

[૫૦૭]

રડાવ્યા ઘણા રંકને કષ્ટ આપી,
પ્રભુ આપની આણ છે મેં ઉથાપી,
નહિં વાંક મારો પ્રભુ ઉર ધારા
ભવાંભોધિમાં ડૂબતાને ઉગારો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫૦૮]

ભૂલાવી પ્રભુ ભાન પોતાતણું મેં,
ગુમાવ્યું સહુ હે પ્રભુ આપણું મેં,
વિપત્તિ તણો મેં ન જોયો કિનારો,
ભવાંભોધિમાં ડૂબતાને ઉગારો.

[૫૦૯]

વંધ્યા વૃક્ષની જેમ આ જન્મ જાય,
નહીં કૃત્ય સારા પ્રભુ તોયે થાય.
મને મૃત્યુ દેખી છુટે છે ધ્રુજારો,
ભવાંભોધિમાં ડૂબતાને ઉગારો.

[૫૧૦]

દયા લાવીને દીનને સુખ આપો,
વળી જન્મ-મૃત્યુતણા કષ્ટ કાપો,
ગ્રહયો છે પ્રભુ હાથ મેં આજ તારો,
ભવાંભોધિમાં ડૂબતાને ઉગારો.

[૫૧૧]

સાક્ષાત્ શ્રી જિનદેવને નિરખશું, ક્યારે અહો નેત્રથી,
ને વાણી મનોહારિ ચિત્ત ધરશું, ક્યારે કહો પ્રેમથી,
શ્રદ્ધા નિશ્ચલ ધારશું જિનમતે શ્રેણિકવત્ કે સમે,
ને દેવેન્દ્ર વખાણ પાત્ર થઈશું ક્યારે સુપુણ્યે અમે ?

[૫૧૨]

ક્યારે દેવ ચલાયમાન કરવા મિથ્યામતિ આવશે,
સમ્યક્ત્વ સુરરત્નની અમ વિષે સાચી પરીક્ષા થશે,
ક્યારે પૌષધને ગ્રહી પ્રણયથી, સદ્ભાવના ભાવશું,
ને રોમાચિંત થઈ તપસ્વી મુનિને ક્યારે પડિલાભશું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫૧૩]

સદ્વૈરાગ્ય રસે રસિક થઈને દીક્ષેચ્છુ ક્યારે થશું,
ને દીક્ષા ગ્રહવા મુનીશ્વર કને ક્યારે સુભાગ્યે જશું,
સેવા શ્રી ગુરૂદેવની કરી કદા સિદ્ધાંતે શિખશું,
ને વ્યાખ્યા વડે સમસ્ત જનને ક્યારે પ્રતિબોધશું.

[૫૧૪]

ગામે કે વિજને સુરેન્દ્ર ભવને, ને ઝુંપડે કયે સમે,
સ્ત્રીમાં ને શબમાં સમાન મતિને ક્યારે ધરિશું અમે,
સર્પે કે મણિમાળામાં કુસુમની શય્યા તથા ધૂળમાં,
ક્યારે તુલ્ય થશું પ્રફુલ્લિત મને શત્રુ અને મિત્રમાં.

[૫૧૫]

યોગાભ્યાસ રસાયણે હૃદયને રંગી અસંગી બની,
ક્યારે અસ્થિરતા ત્યજી શરીરને, વાણી તથા ચિત્તની,
આત્માનંદ અપૂર્વ અમૃત રસે ન્હાઈ થશું નિર્મળા,
ને સંસાર સમુદ્રના વમળથી ક્યારે થશું વેગળા.

[૫૧૬]

હે વીતરાગ પ્રભુજી તારી, સેવા ભવોભવ મુજ મળજો,
શાસન પણ તારું મને મળજો કર્મ સમૂહ મારા ટળજો,
શરણું તારું સાચું જગમાં તે પણ પ્રભુ મુજને મળજો,
સમાધિ સદ્ગતિ પ્રાંતે સિદ્ધિ ભવ ફેરા મારા ટળજો.

[૫૧૭]

શુદ્ધ નિરંજન પૂર્ણાનંદી, અલખ અગોચર અવિકારી,
આવ્યો છું દાદા તુજ શરણે બોધિબીજ દ્યો સુખકારી,
પર પરિણતમાં હું પ્રભુ ભમીયો, કાળ અનંતો બહુભારી,
દેહાધ્યાસથી છોડાવવાને આપ મલ્યા છો ઉપકારી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫૧૮]

કરુણાસિંધુ ત્રિભુવનનાયક, તું મુજ ચિત્તમાં નિત્ય રમે,
ચાકરી ચાહું અહર્નિશ તારી ભવથી મન મારું વિરમે,
વીતરાગ જગતગુરુ જિનવર તુજ ચરણે સુરનર પ્રણમે,
સમ્યગ્ દર્શન અમને આપો વિશ્વના તારણહાર તમે.

[૫૧૯]

શક્તિ મળે તો મુજને મળજો જિન શાસન સેવા સારું,
ભક્તિ મળે તો મુજને મળજો જિન શાસન લાગે પ્યારું,
મુક્તિ મળે તો મુજને મળજો રાગ દ્વેષ અજ્ઞાન થકી,
તવ શરણું મુજ મળો ભવોભવ એવી શ્રદ્ધા જાય ટકી.

[૫૨૦]

અનંત સુખની શીતલ છાંયડી મૂકી ભમ્યો હું ભવવને,
અનંત દુઃખની વાટ મેં લીધી શું કહું પ્રભુજી ત્હને,
કરુણા સાગર હે વીતરાગી માગું એક જ તારી કને,
ભવોભવ તારું શરણું હોજો ભવસાગરથી તાર મને.

[૫૨૧]

મુક્તિ દાયક બિરૂદ છે તારું મુક્તિ સુખડા ને આપો,
અભયદાતા છો સહુ જગના અભયદાન તમે આપો,
ત્રણ ભુવનના સ્વામી પ્રભુજી આણા તારી શિર ધરું,
અર્પો એવી શક્તિ મુજને ભવોભવના દુઃખડા ટાળું.

[૫૨૨]

તુજ વાણીના પ્રભાવથી સૌ વૈરભાવ ભૂલી જતા,
શત્રુતાને દૂર કરીને મિત્રતા પ્રગટાવતાં,
એકતાથી અમી સુધારસ કર્ણપટ પર ધારતા,
કઠીન કાળા કર્મો જે ક્ષણ વાર સૌ દૂરે થતા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫૨૩]

સંસાર તરણી પાપ હરણી વાણી ભાવથી નવિસુણી,
ઉપકાર અગણિત તાહરા વાળી શકું નહીં હું ઋણી,
હે નાથ ગુણઠાણાને ચડવા યાચું સંયમ નિસરણી,
દૂરે કરીને કર્મો માહરે પહોંચવું મુક્તિ ભણી.

[૫૨૪]

આનંદ દાતા વિશ્વના વળી મુક્તિ કેરા પંથને,
બતલાવનારા નાથ મારા તારનારા ભવ્યને,
ભંડાર ભાવરયણુ તણા છો એહ ભાવ ધરી અમો,
ઈમ બોલીએ પ્રતિદિન પ્રભાવે આપને જ નમો નમો.

[૫૨૫]

પ્રભુજી માહરા પ્રેમથી નમું મૂર્તિ તાહરી જોઈને ઠરું,
અરર એ પ્રભુ પાપ મેં કર્યા, શું થશે હવે માહરી દશા,
માટે હું પ્રભુ તમને વિનવું તારજો મને પ્રભુજીને સ્તવું,
દીનાનાથજી દુઃખ કાપજો ભવિક જીવને સુખ આપજો.

[૫૨૬]

હે ત્રણ ભુવનના નાથ મારી કથની જઈ કોને કહું,
કાગળ લખ્યો પહોંચે નહીં ફરિયાદ જઈ કોને કરું,
તું મોક્ષની મોઝારમાં હું દુઃખભર્યા સંસારમાં,
જરા સામું પણ જુઓ નહીં પોકાર જઈ કોને કરું ?

[૫૨૭]

જન્માંતરો કરી ઘણાં પ્રભુ કાળ ખોયો.
તો યે હજી સુધી નથી ભવ અંત જોયો,
ક્યારે થશો તુજ સમો પ્રભુ આત્મા મ્હારો,
બોલો હવે ઘણું તમે નહીં મૌન ધારો,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫૨૮]

દુઃખ ગમે ના મુજને જરીયે પાપ અધિકા કરતો,
સુખ ગમે મુજને નિરંતર ધર્મ ધ્યાન ના ધરતો;
અહો પ્રભુજી હું કેવો અવળો મુજ હિતને કેમ કરશો,
અપાત્ર હું અધમાધમ ભારી કૃપા હૃદયમાં ધરશો.

[૫૨૯]

ચિંતા ચિત્ત તણી મમત્વ મનમાં કયારે સમુલ્લાજશે
આ મારું નથી એમ મુઝ મનમાં હે ઈશ કયારે થશે,
તારા ચરણ વિશે નિઃશંક લગની કયારે મને લાગશે,
ક્રોડા બાળકની સમાન ભવ આ કયારે બધો ભાસશે.

[૫૩૦]

શું કર્મ કેરો દોષ આ અથવા શું મારો દોષ છે,
શું ભવ્યતા નથી માહરી હત કાળનો શું દોષ છે,
અથવા શું મારી ભક્તિ નિશ્ચલ આત્મમાં પ્રગટી નથી,
જેથી પરમપદ માંગતા પણ દાસને દેતા નથી.

[૫૩૧]

બહુકાળ ભવ અટવી વિષે ભમતા અહીં આવી ચડયો,
નરભવ મળ્યો ને નાથ તું પણ પુણ્ય યોગે સાંપડયો,
ભાગ્યે મળ્યું એકાન્ત હિતકર સ્વામી શાસન તાહરુ,
હે નાથ દૂરે ના થજો હું પ્રાર્થના એક જ કરૂ.

[૫૩૨]

કર જોડીને વિનંતી કરૂં સ્વીકારજો આ માહરી,
સર્વે સુરેન્દ્રો સેવના કરતા અહર્નિશ તાહરી,
હું પણ તમારા પદકમલ મકરન્દમાં મધુકર બની,
કયારે પ્રભો ભૂલીશ ભ્રમણા સર્વથા ભવવન તણી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫૩૩]

ઇચ્છું નહીં સામ્રાજ્ય કે સુરસૌખ્ય કે ચક્રીપણું,
ને કીર્તિ નિર્મળ દુઃખ કારણ નાથ સુખ સંસારનું,
ઇચ્છું સદા તુજ પદ કમલની સેવના મળજો મને,
સ્વામી મને નિજ દાસ ગણજો શું કહું બહું આપને

[૫૩૪]

શ્રેણી ક્ષીણ કષાયની ગ્રહી અને ઘાતી હણીશું કદા,
પામી કેવળ જ્ઞાન કોણ સમયે દેશું કદા દેશના,
ધારી યોગ નિરોધ કોણ સમયે જાશું અહો મોક્ષમાં,
એવી નિર્મળ ભાવના પ્રણયથી ભાવું સદા ચિત્તમાં.

[૫૩૫]

હે દેવ તારક ! વિશ્વનાયક સૌખ્ય દાયક જિનપતિ,
વંદન કરું ચરણે તમારા એક સુણજો વિનતિ,
નવિ માગું સુરપણું ચક્રવર્તી રાજ્ય કે સુત વિતને,
પણ માગું તુજ પદ પદ્મ સેવા સર્વદા મળજો મને.

[૫૩૬]

પ્રભુ પ્રાર્થના એવી કરું હું પ્રમાદ ક્યારે નવિ કરૂં,
પ્રતિ કૂળતા આવે ભલે પણ પ્રસન્નતા રાખી ફરું,
ભક્તિભાવથી તાહરી ભગવાન હું સ્તવના કરું,
સરલતા સમતાના શિખરે ચડી ભવ સાગર તરૂં.

[૫૩૭]

જીત્યો મોહ મહારિપુ પલકમાં, જેણે ક્ષમા આદરી,
ઘાતી કર્મ વિનાશ ખાસ કરવા, જેણે તપસ્યા કરી,
પામી કેવળ જ્ઞાન ધ્યાન બળથી, સિદ્ધિ ગતિને વરી,
વંદુ તે પ્રભુને સદા હૃદયથી બે હાથ જોડી કરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫૩૮]

અદ્‌ભુત તારી મૂર્તિ નીહાળી, અમૃત રસના ઝરણા વહે,
ચાંદશી સોહે સૂરત તારી, સંચિત કર્મોના બંધ હરે,
તેજ ભરેલા નયનો તારા, જુગ જુગ જૂના ભાવ કહે,
એ જિનવરના દર્શન કરવા, અંતર મારુ નિત્ય ચહે.

[૫૩૯]

ઓ કૃપા સાગર તાહરી કૃપા ભવોભવ મુજ મળો,
ઓ અભયદાતા માહરી ભવ અટવીનો તુમ ભય હરો,
ઓ દયાસાગર દાસના દુઃખ દારિદ્રને દૂરે કરો,
ઓ સુખ સાગર સામું જોઈ દાસને સુખી કરો.

[૫૪૦]

હું સ્પષ્ટ બોલું તુજ કને છે આપનું શરણું મને,
આ લોકમાં ને સ્વપ્નમાં પણ ચાહતો નથી અન્યને,
હે નાથ મારા પ્રાણના મુજ માત તાત ખરા તમે,
મુજ સત્ય જીવન બંધુ ગુરુ સ્વામી પણ સાચા તમે.

[૫૪૧]

સંસારકારી રાગદ્વેષ ને વસ પડી ફરું ભવ બહું,
ભવ અટવીમાં ભમતા થકાં ક્ષણવાર શાંતિ નવિ લહું,
પાપના ફળ રૂપ પ્રભુજી દુઃખને હું નિત સહું,
તાર મુજને તાર બસ હું એટલું તુજને કહું.

[૫૪૨]

ભવ સાગરે રખડી રહેલા જીવને હોડી સમા,
વળી સાર્થવાહ સમા તમે સંસાર રૂપ કાંતારમાં,
અનંત પૂર્ણાનંદ પુરે પૂર્ણ નિર્વાણે રહ્યા,
પ્રત્યક્ષ નિરખું ભક્તિથીહું આપને મુજદિલ વસ્યા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫૪૩]

તારા શરણને દેવ હે હું એક મારું ધન ગણું,
વળી ભક્તિમાં જે દિન જાતા તેહ જીવન હું ગણું,
આજ્ઞા જીવનમાં પાળતા કાયા સફળ મારી ગણું,
દર્શન થકી સ્થિરતા મળે તે મન સફળ મારું ગણું.

[૫૪૪]

નથી કોઈ ક્યારે જગતભરમાં અન્ય શરણું,
ખરે મારે સાચું તવ શરણ છે એક જ વરં,
પ્રભો તેથી લાવી હૃદય કરુણા ભાવ મુજને,
કહું રક્ષો રક્ષો ભવજલધિથી આજ મુજને.

[૫૪૫]

સ્વામી તમારી સેવનાથી હું બહું સુખીયો થયો,
ઈન્દ્ર સુર કે ચક્રી સૌખ્ય તેહથી ઝાંખો કહ્યો,
અનંત ભ્રમણનો અંત ભગવંત આજ તુજ થકી લહ્યો,
અર્ધપુદ્ગલ પરાવર્તન કાળ મુજ બાકી રહ્યો.

[૫૪૬]

ભમું લેવા જ્યાં ત્યાં મૃગજળ સમા વિશ્વ સુખને,
ભરું બાથો ખાલી અણ સમજથી માત્ર ઘુમને,
નથી દુઃખી તેથી મુજ સમ વિભો વિશ્વ ભરમાં,
દયા લાવી તારો ભવજલ થકી અલ્પ પળમાં.

[૫૪૭]

કરૂણા નિધાન પ્રભુજી માહરી ઉપરે કરણા કરો,
નિરાગી છો પ્રભુજી તમે આ રાગીને પણ ચિત્ત ધરો,
તાહરી કૃપા થકી મુજ ભવ તણા ફેરા ટળો,
ભાવુ એવા ભાવના તુમ સેવના મુજ નિત મળો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫૪૮]

પ્રભુ હું અનાથ બન્યો હવે તુજ ચરણુનો લહીં આશરો,
જર જમીન જોરૂ તુચ્છ લાગે કાચમણિનો આંતરો,
મોહે બગાડયું માહરૂં તેથી ન જાણ્યા આપને,
સાચો મણિ પરખ્યો હવે હું ના થઈશ વશ મોહનો.

[૫૪૯]

સંસાર સાગરને તરેલા પૂજ્ય પ્રભુજી આપને,
જોતાં ભવે વસવા મતિ જરીના રહેઆ દાસને,
પણ શું કરું આ ઘોર આંતર શત્રુઓ કનડે મને,
મુક્તિ અહિથી પામવા હું શરણ આવ્યો તુજકને.

[૫૫૦]

કયારે પ્રભુ તુમ સમવસરણ નાથ નયણે નિહાળશું,
ભવ તરણી આણ તુમારી નતમસ્તક બની શીર ધારશું,
ભવ માંહિ ભમતા રાત્રે રમતા કયારે સમતા સાધશું,
કુમતિ કયારે દૂર કરીને સુમતિ સંગે મહાલશું.

[૫૫૧]

દિનદિન તુજ પ્રત્યે પ્રભુ મુજ ભાવની હોજો વૃદ્ધિ,
ભરતી હોજો મુજ ભાવમાં પણ ઓટ આવો નહિ કદી,
સુર–અસુર પણ તુજ ચરણુ ચુમે જોઈ તાહરી સમૃદ્ધિ,
જીવાડનારો જગતને તુજ સમ નહિ કોઇ ઔષધિ.

[૫૫૨]

નવિ માંગુ તાહરી પાસ હું તો રાજ વૈભવ સિદ્ધિઓ,
સુર નર ચક્રી કેરી પદવી કે નહિ કો સિદ્ધિઓ,
પણ એક માંગુ તાહરા પદ કમળ કેરી સેવના,
દેજો ભવોભવ નાથ મુજને એહ મારી ખેવના.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫૫૩]

તુજ પૂર્ણતા સ્વાભાવિક વર રત્ન કાંતિ પ્રભા સમી,
મુજ પૂર્ણતા પરભાવની માગ્યા ઘરેણાંની સમી,
એવું વિચારી ચિત્ત મારૂં સ્થિર બન્યું તુજ ગાનમાં,
નિર્મળ સ્વરૂપે શોભતા પ્રભુ વાત સુણજો કાનમાં,

[૫૫૪]

હું રાગથી રંગેલ છું ને દ્વેષથી ઉભરાવું છું,
મોહ કેરા પાસમાં હું પાપથી પીડાવું છું,
કરણી કરી મેં પાપની પણ પ્રભુ હવે પસ્તાવું છું,
શરણું સ્વીકાર્યું તાહરૂં, હે નાથતુજ ગુણ ગાવું છું.

[૫૫૫]

નિર્મમ કૃપાળુ આપ છો નિર્ગ્રંથ મોટા તે છતાં,
છો ઋદ્ધિવાળા નાથ મારા સૌમ્ય તેજસ્વી છતાં,
સંસારથી ભય રાખનારા આપ ધીરવડા છતાં,
પૂજે ઘણાંએ દેવ પ્રેમે આપને માનવ છતાં.

[૫૫૬]

પુણ્ય ગણના કણ સમી તુજ ચરણ રજ હું માનતો,
તે જસ શિરે લ્યે સ્થાન તેને મોહનો ડર ભાગતો,
જિમ લોહચુંબક લોહ ખેંચે ભક્તિ ખેંચે મુક્તિને,
મળજો ભવોભવ સાત્ત્વિકી ભક્તિ હું વિનવું આપને.

[૫૫૭]

આનંદ આજે ઉપન્યો પ્રભુ મુખ જોતા આપનું,
ક્ષણવારમાં નીકળી ગયું જે મોહ કેરા માપનું,
પ્રભુ નયન તારા નીરખતાં અમીધારાને વર્ષી રહ્યા,
મુજ હૈયા માંહે હર્ષ કેરી વેલડી સીંચી રહ્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫૫૮]

વાણી તારી સ્તુતિ કરતી, મનડું મારું કયાંય ભમે,
ધન્ય ધન્ય છે એ જીવોને તુજ ભક્તિમાં ચિત્ત રમે,
તેહથી પણ અધિકા છે તેઓ જીનઆણામાં મસ્ત રહે.
જન્મ મરણના ફેરા ટાળી શાશ્વત સુખને તે જ લહે,

[૫૫૯]

આંખડી તારા દર્શન કરતી, ચિત્તડું તો ચકડોળ ફરે,
એ રીતે તુજ ધ્યાન ધરંતા કર્મો મારા ક્યાંથી ખરે,
શિવનગરમાં જાવું મારે, બેઠો દુર્ગતિ નાવરે,
કરૂણાસિંધુ કરુણા કરીને નૈયા પાર લગાવ રે.

[૫૬૦]

ભવમાં ભમ્યો ભવમાં ભૂલ્યો મુજમાં રહેલા દોષથી,
જીવોની સાથે વૈરભાવ મેં રાખીયો બહુ રોષથી,
મુજ જીવનની એ કાળી કથની સ્પષ્ટ તુજને હું કહું,
એ દોષમાંથી મુક્ત કર સમ-મૈત્રી ભાવે હું રહું.

[૫૬૧]

પ્રસન્નતા કંઈ એવી આપો ધ્યાન તમારું ધરવું,
જ્ઞાન દૃષ્ટિ કંઈ એવી આપો જીનવર દર્શન કરવું,
શક્તિ ભાવના એવી આપો ભવસાગરને તરવું,
અંતર્યામી હું છું અભાગી તુમ ચરણે શું ધરવું.

[૫૬૨]

આંખડી દેખી અમૃત ઝરતી હૈયું મારું હર્ષ ધરે,
મુખડું દેખી મલપતું તારું થનગન મનડું નાચ કરે,
મૂરતિ તારી નજરે નિહાળું વીતરાગતા મનમાં કરે,
દર્શન વંદન સ્તવના કરતાં ભવભવ સંચિત દૂર કરે.

Jain Education International　For Private & Personal Use Only　www.jainelibrary.org

[૫૬૩]

કર્મનો ક્ષય કરવો મારે દુઃખનો ક્ષય પણ કરવો,
સમાધિ મૃત્યુ માંગુ જીનવર ભવોદધિને તરવો,
યોગ્ય નથી હું કરું યાચના તો પણ રોષ ન ધરવો,
કોની પાસે જઈને માંગુ બોધિ લાભને વરવો,

[૫૬૪]

તવ ચરણ કેરી સેવના ભવભવ પ્રભુ મળજો મને,
માર્ગાનુ સારી પણું અને સદ્ગુરુ કેરા યોગને,
પામી શકું એહી જ વિનતી ભાવથી કરું આપને,
મુજ નાશ કર પ્રભુ ચિર સંચિત જન્મજન્મના પાપને.

[૫૬૫]

દ્વેષીજનો કરી શું શકે જો ચિત્તમાં શાંતિ વસે,
શું પ્રેમ ધરનારા કરે જો ખેદ મનથી ના ખસે,
તુજ વાણીએ મુજ ચિત્તમાં પ્રભુ દર્શને સ્થિરતા કરે,
તો કર્મ કેરા ભાર શું છે મુજ હૃદયથી ના ખરે.

[૫૬૬]

સંકલ્પ ચિંતા ને વિષયથી ચિત્ત વ્યાકુળ માહરૂં,
સંસારના દુઃખથી દબાતું શોકમાં મન માહરું,
હું તત્ત્વને જાણું નહીં નથી જ્ઞાન સમ્યગ્ માહરૂં,
સમાધિમય તો કેમ થાશે નાથ મરણ મહારૂં.

[૫૬૭]

જેની મૂર્તિ અમૃત ઝરતી સૌમ્ય તેજે પ્રકાશે.
જેની મૂર્તિ નિરખી હરખે તેહના દુઃખ નાસે,
જેની મૂર્તિ પ્રશમ રસમય દેખતા શાંતિ આપે,
તે વીતરાગી ચરણે વંદુ કરમના ફંદ કાપે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫૬૮]

મન હરણ કરનારી પ્રભુ જે મૂર્તિ દેખે તાહરી,
સંસાર તાપ મીટાવનારી મૂર્તિ વંદે તાહરી,
ચારિત્ર લક્ષ્મી આપનારી મૂર્તિ પૂજે તાહરી,
ત્રણ જગતમાં છે ધન્ય તેહને વંદના પ્રભુ માહરી.

[૫૬૯]

હે નાથ નેત્રો મીંચીને ચળ ચિત્તની સ્થિરતા કરી.
એકાંતમાં બેસી કરીને ધ્યાન મુદ્રાને ધરી,
તુજ સર્વ કર્મ વિનાશ કારણ ચિંતવું જે જે સમે,
તે તે સમે તુજ મૂર્તિ મનહર માહરે ચિત્તો રમે.

[૫૭૦]

તુજ મૂર્ત્તિ દર્શનને ચહું, રોગી દવાને જિમ ચહે,
તુજમાં રહો મન માહરૂં, મુજ આતમા એહિ ચહે,
થાકી ગયો છું બોલતા, જડબુદ્ધિ બોલું કેટલું ?
કરૂણા કરીને તારજો, જીનરાજ માંગુ એટલું.

[૫૭૧]

બહિરાત્મ ભાવે હે પ્રભુ થયું ભ્રમણ ભ્રાંતિમાં ઘણું,
ઈન્દ્રિય ખાડીમાં ખૂચ્યો જળ ડહોળું જ્યાં વિષયો તણું,
કાદવ કષાય ગળા સુધી કંટાળતાં પણ ના ટળે,
આપના ચરણે વસીને માંગુ મુક્તિ મુજ મળે.

[૫૭૨]

શાસન તમારું પામીયો સેવા પ્રભુ તવ ના કરી,
દર્શન તમારું પામીયો નવિ આત્મદર્શ થયું જરી,
સદ્‌ગુરુના સંયોગમાં પણ બોધ હૈયે નવિ વસ્યો,
ધર્મ તમારો પામીયો પણ પાપથી દૂર નવિ ખસ્યો.

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

[૫૭૩]

લોકાગ્રે સ્થિત ઉર્ધ્વગન તેથી ધર્મ દ્રવ્ય વિણ જાતાજી,
જે ચિન્મૂર્તિ અમલ સહજ સ્થિર દર્શન જ્ઞાન સુહાતાજી,
ત્રિભુવન મંગળકર્તા નિરુપમ જિન કૃતાર્થી સુણજોજી,
નિત્યાનંદ સુધારસ નિર્ભર શરણ સદા અમ બનજોજી.

[૫૭૪]

ક્રૂર કર્મ દુશ્મન દળજીતોને શાશ્વત પદ જે પામ્યાજી,
જન્મ જરા મરણાદિ અઢારે દોષો દૂર વિરામ્યાજી,
નિજ ઐશ્વર્ય અચિંત્ય અનુપમ જ્ઞાનાદિકયુત રાજેજી,
તે ત્રૈલોક્ય શિરોમણિ થાજો. જિન સદાહિત કાજેજી.

[૫૭૫]

સૌ કર્મબંધન ક્ષય કરીને સર્વદર્શી જે થતા,
સર્વત્ર વસ્તુ સમસ્ત જ્ઞાયક બોધ તેજે દીપતા,
સર્વત્ર પ્રગટિત ઉત્તરોત્તર સદાનંદે સુખી પૂરા
નિશ્ચળ નિરાકુળ જિનતે શિવ સૌખ્ય દ્યો અમને જરા.

[૫૭૬]

છે તે જ સુગતિ તે જ સુખ તે જ્ઞાન દર્શન જિનનાં,
જે સ્વરૂપ જિનનું તે વિના નહિ પ્રિય મુજને અન્યનાં,
તે સિદ્ધ મેં ચિત્તે ધર્યા નિત્યે સુદૃઢ શ્રદ્ધા કરી,
દેજો પરમપદ પ્રાપ્તિ મુજને ભીષણ ભવ મનથી હરી.

[૫૭૭]

પરમાત્મ જયોતિ અચિંત્યમનથી વચનની ગતિ ત્યાં નહી,
વળી શરીરથી છે ભિન્ન કેવળ રૂપ પણું એનું નહીં,
ચિદ્રૂપ અનુભવ ગમ્ય કેવલ રક્ષજો અમ અજ્ઞ ને,
દેજો પરમ પદ પ્રાપ્તિ મુજને એહ અરજી ઉર ધરું,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫૭૮]

તન ધન સ્વજન સૌ પર પદાર્થો મોહ તેનો ત્યાગીને,
આનંદ સાગરમાં બને મન મગ્ન જ્યારે જાગીને,
પરમાત્મ જ્યોતિ તે સમે ભાસે અનુપમ ત્યાં અહો,
દેજો પરમપદ પ્રાપ્તિ મુજને એહ અરજી ઉર ધરું.

[૫૭૯]

શશીસૂર્યના કિરણો કદી જે મોહતમને ના હણે,
તે મોહતમ નિર્મળ વચન કિરણો વડે જ ઝર હણે,
જિનરાજ જગ શિરતાજ તું શિવસાજ જગજયવંત રે,
દેજો પરમપદ પ્રાપ્તિ મુજને એહ અરજી ઉર ધરુ.

[૫૮૦]

સંસારમાં સૌ જન્મ મરણાદિ દુઃખોને દુઃખ કહે,
પણ સુજ્ઞ જન તો વિષય સુખ પણ દુઃખ જાણી દૂર રહે,
મુક્તિ વિષે છે સૌખ્ય સાચું વિરલ મોક્ષાર્થી વરે,
દેજો પરમપદ પ્રાપ્તિ મુજને એહ અરજી ઉર ધરું.

[૫૮૧]

સંસારવૃદ્ધિ કારણો સૌ કામ ભોગ કથાદિ તો,
ચિરકાલ પામ્યા શ્રવણ પરિચય ને અનુભવ પૂરતો,
પરમાત્મ જ્યોતિ મુક્તિ હેતુ સ્વાનુભૂતિ ના કરી,
દેજો પરમપદ પ્રાપ્તિ મુજને એહ અરજી ઉર ધરુ.

[૫૮૨]

અતિ ગહન આતમતત્વ તેનો બોધ પણ દુર્લભ ઘણો,
વળી વચનથી વર્ણન સુલભ તેનું જરાયે ના ગણો,
સુજ્ઞાની શરણે આત્મલક્ષે સુગમ તોય અવશ્ય એ,
દેજો પરમપદ પ્રાતિ મુજને એહ અરજી ઉર ધરું,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫૮૩]

અજ્ઞાની જનને બોધવા વ્યવહાર નય ઉપકારી છે,
પણ કર્મ શત્રુ નાશ કરવા શુદ્ધ નય બળ ભારી છે,
તે કર્મ ક્ષય કરી મુક્તિ વરવા પ્રબળ ઇચ્છા છે મને,
દેજો પરમપદ પ્રાપ્તિ મુજને એહ અરજી ઉર ધરું.

[૫૮૪]

જે પણ પ્રકાશે જ્ઞાન નિજનું જ્ઞાન સમ્યક્ તે કહો,
તેની પ્રતીતિ અચળ વર્તે શુદ્ધ દર્શન તે લહો,
સદ્જ્ઞાન દર્શન સહ સ્વરૂપે સ્થૈર્ય ચારિત્ર કરું,
દેજો પરમદ પ્રાપ્તિ મુજને એહ અરજી ઉર ધરું.

[૫૮૫]

સદ્જ્ઞાન દર્શન ચરણ આદિ બાણ અનુપમ ધારીને,
જડરૂપ બાહ્ય પદાર્થ સર્વે વેદ્યરૂપ નિર્ધારીને,
શુદ્ધાત્મરૂપ સમરાંગણે સૌ કર્મ અરિ જ્યારે હણું,
દેજો પરમપદ પ્રાપ્તિ મુજને એહ અરજી ઉર ધરું.

[૫૮૬]

હિંસા તજું એકાકી થઈ વિચરું ગિરિ ગહ્વર વિષે,
બહું વિકટ સંકટ પણ સહું મરણાંત દુઃખ પણ ધીર દિસે,
વનમાં વળી સ્થિત વૃક્ષ સદંશ ઘોર તપમાં રત રહું.
દેજો પરમપદ પ્રપ્તિ મુજને એહે અરજી ઉર ઘરું.

[૫૮૭]

આત્મારૂપી ભૂમિ વિષે જ્યાં કર્મ બીજ ઉગે અહો,
મનરૂપ વૃક્ષ વિશાળ ત્યાં ભવ દુઃખ ફળ તેના ગ્રહો,
જન્માદિ દુઃખ ફળો થકી મુક્તિ મુમુક્ષુ હું ચહું
દેજો પરમપદ પ્રાપ્ત મુજને એહ અરજી ઉર ધરું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫૮૮]

નિંદા કરુ નહીં કોઇની પાપી મહા હો પાપમાં,
ભવ સ્થિતિનું ચિંતન કરી વિચાર વાળું આપમાં,
જ્ઞાનાદિ ગુણે ગુણવંતા ગુરુ તણી સેવા કરું,
દેજો પરમપદ પ્રાપ્તિ મુજને એહ અરજી ઉર ધરું.

[૫૮૯]

શુચિ રાખતો વ્રત શુદ્ધિથી ધીરજ વિપદમાં ધારતો,
માયા મૂકી નિર્દંભ થઈ વૈરાગ્ય ધરી મન વારતો,
તન ધન કુટુમ્બને સ્ત્રી સગાં તે સર્વને હું પરિ હરું.
દેજો પરમપદ પ્રાપ્તિ મુજને એહ અરજી ઉર ધરું.

[૫૯૦]

સિદ્ધાંતનો પરમાર્થ લહું સત્સંગ શ્રવણ વિચારથી,
લોક રૂઢિ મૂઢની ત્યાગું પ્રથમ પુરુષાર્થથી,
સત્ય શ્રદ્ધા સંગ્રહું સર્વજ્ઞ વાણી આદરું,
દે જો પરમપદ પ્રાપ્તિ મુજને એહ અરજી ઉર ધરું.

[૫૯૧]

ભગવંતની ભક્તિ ધરું ઉરમાં અતિ બહુ માનથી,
એકાંત એવા સ્થાનમાં શય્યા સ્થિતિ કરુ હું મથી,
શુદ્ધ શ્રદ્ધા રૂપ સમક્તિમાં અચળ સ્થિતિ કરું,
દેજો પરમપદ પ્રાપ્તિ મુજને એહ અરજી ઉર ધરું.

[૫૯૨]

જનમન રંજન સિદ્ધ નિરંજન પાતક ખંડન દુઃખ હરો,
શિવપુર મંડન કર્મ નિકંદન પાલક બંધન મુક્ત કરો,
જીન તન કંચન વેણુ સુચંદન વંદ્ય સબંધન મોક્ષ વરું,
ભવભય ભંજન નેન સુ અંજન તારક વંદન કોટિ કરું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫૯૩]

સેવું તારા સદા હું ચરણ કમલને વિશ્વને તારનારા,
સેવું તારા સદા હું અમલ વચનને શાંતિને ચાહનારા,
સેવું તારા સદા હું શુભ ગુણ ગણને આત્મને પોષનારા,
સેવું તારા સદા હું સુકર ધરમને પાપને શોષનારા.

[૫૯૪]

નેત્રો ને હર્ષકારી ભવજલધિ હરી દુઃખ વલ્લી વિદારી,
હર્ષોત્કર્ષિ પ્રભાવી શિવતરુવરની મંજરી ચિત્તહારી,
શ્રેષ્ઠ શ્રી ધર્મરૂપી નરવર નગરી રાગને દ્વેષ વારી,
લોકોને શ્રેષ્ઠ એવી જીનવર પડિમા થાય કલ્યાણકારી.

[૫૯૫]

ભલે પાઉં ના હું સુરનગરના દિવ્ય સુખને,
ભલે આવે તોયે સહન કરયું નર્ક દુઃખને,
ભલે તૂટે નહિં ભ્રમણ ભવનું તોય દુઃખના,
મળો સેવા તારી ભવ ભવ વિભો એ જ શમણા.

[૫૯૬]

પ્રભુ ક્રોધ દાવાનળ મહીં બળતો મને અટકાવજો,
હે નાથ મારા માન રૂપી નાગને તમે નાથજો,
વીતરાગ તમને વિનવું માયા થકી ઉદ્ધારજો,
વિભુ લોભના સાગર થકી નૈયા કિનારે લાવજો.

[૫૯૭]

કરતો પ્રભુ વંદન તમોને ભાવથી સ્વીકારજો,
ભવોભવ તણાં જે કર્મ બંધન નાથ મારા કાપજો,
બનું ભક્તિમાં મશગૂલ એવી શક્તિ મુજને આપજો,
વીતરાગ તવ ચરણો તણાં સેવન થકી મુજ તારજો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૫૯૮]

થયાં નેત્રો મારાં સફલ વિભુનાં દર્શ કરતાં,
થયાં ગાત્રો મારાં પુનિત જિનને ચિત્ત ધરતાં,
થયો આત્મા શુદ્ધ પ્રભુનમનથી પાપ ટળતાં,
થયો રોમે રોમે હરખ અતિશે નાથ મળતાં.

[૫૯૯]

દુષ્કર્મ ભાર વડે ભરેલો નાથ ઉત્સુક સર્વદા,
ભવ જલધિ તરવા શીઘ્ર વરવા મુક્તિની સુખ સંપદા,
પણ કેમ કરતા તરી શકું તેથી કહું હું આપને,
હે નાથ નાવિક થઈ ઉતારો પાર ભવથી દાસને.

[૬૦૦]

બસ એક તાહરી આણ જો હું ભાવથી હૃદયે ધરૂં,
તો ઘોર આ ભવસાગર નિશ્ચે હું જલ્દીથી તરૂં,
સ્વાર્થ વૃત્તિ છોડીને પરાર્થમાં હું નિત રહું,
બસ ચાહું તાહરી ચાકરી એ ભાવ તુમ ચરણે ધરૂં.

[૬૦૧]

મન વચ કાયા કેરી શુદ્ધિ મળજો ભવોભવ હે ભગવંત,
તારી વાણી ઝીલવા સમ મળજો તન ને મન હે ગુણવંત,
ક્ષમા સમાધિ વિરાગ ભાવ તે વ્યાપો ભવોભવ અંતરમાં,
રત્નત્રયી સુવિશુદ્ધ સાધના પ્રતિભવ મળજો ભવવનમાં.

[૬૦૨]

પરાર્થવ્યસની પ્રભુજી માહરી સ્વાર્થવૃત્તિ દૂર કરો,
નિઃસ્વાર્થ ભાવે હું રહું મુજ હૃદયને નિર્મળ કરો,
અનાદિના મળ દૂર કરી. મુજ આત્મ શત્રુને હરો,
ચાહું પ્રભુ તુમ ચરણને મુજ ચિત્તમાં આપી રહો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૬૦૩]

કયારે પ્રભુ પામીશ હું સમ્યક્ દરિશન ઉજ્જવલું,
ને કર્મના મર્મોને ભેદી સ્થાન પામીશ નિર્મલું,
નિર્મળ દરિશન પામવા દેજો મને શક્તિ વિભુ,
ભવ ભ્રમણને ભાંગી રમું મુક્તિ મહીં હું તો પ્રભુ.

[૬૦૪]

કલ્યાણના મંદિર અને ઉદાર વાંછિત પૂરવા,
કરે અભય ભય પામેલને સમરથ દૂરિત સૌ ચુરવા,
સંસાર રૂપ સમુદ્ર માંહે જહાજ બુડતા પ્રાણીના,
તે જિનવરોના ચરણ કમળ વિષે કરું હું વંદના.

[૬૦૫]

હે નાથ ચરણ કમળ તમારા ભક્તિએ કરી સેવતા,
પરંપરાના સંચયે ફળ હોય, કિંચિત આપતા,
હે શરણ કરવા યોગ્ય એક જ શરણ છે મુજ આપનું,
તો માંગુ આ લોકે ભવોભવ આપનું સ્વામીપણું.

[૬૦૬]

હે જિન સુરેન્દ્રો વંદનિક સહુ વસ્તુસાર પિછાનતા,
ભવસિંધુ તારણહાર હે પ્રભુ નાથ હે ત્રણ જગતના,
ભયભીત સંકટ સાયરે હમણા સીદાતા મુજને,
રક્ષણ કરો હે દેવ કરુણાદ્રહ પવિત્ર કરો મને.

[૬૦૭]

વીતરાગ દેવ તમે જ સાચા દેવ જગમાં વિભુ,
ત્રિકાળ સેવા તાહરી મુજને સદા મળજો પ્રભુ,
ભવ વિરહ દુઃખને કર્મ ક્ષય બોધિ સમાધિ આપજો,
તવ દર્શ સેવા ભક્તિથી થી જ મુજ કર્મબંધ ન કાપજો

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૬૦૮]

શાસ્ત્ર તણો અભ્યાસને સમ્યગ્દરિશન આપજો,
સન્મિત્ર કેરી મૈત્રીને શુભ ભાવ દિલે વધારજો,
કરુણા સભર ઉરમાં સવિ જીવ સાથે મૈત્રી થાપજો,
ભવોભવ વિષે હે નાથ તારી ચરણ સેવા આપજો.

[૬૦૯]

સામ્રાજ્ય મહાયોગો તણાં તેમા સદા જે રત રહે,
કાઉસ્સગ ધ્યાને તત્ત્વ ચિંતન કેરી જેને લત રહે,
ઉપસર્ગને પરિષહ વિષે જેઓ સદા અણનમ રહ્યા.
એ વિશ્વના ઉપગારી શ્રી અરિહંત ચરણો મેં ગ્રહયા.

[૬૧૦]

ક્રોધ અનલે હું બળ્યોને માન શિખરે હું ચડયો,
તિર્યંચગતિમાં લઈ જનારી માયામાં હું રળવળ્યો,
લોભ પિપાસા થકી અગ્યારમેં જઈ હું પડયો,
તવ વાણી સુર સંવેદને કષાય મુક્તિ પથ જડયો

[૬૧૧]

હે નાથ આપ ચરણ કમળની નિત્ય સંચિત જે કદી
તે ભક્તિ કેરી સંતતિનું હોય ફળ કદી જો જરી,
તો શરણ કરવા યોગ્ય માત્ર આપને શરણે રહ્યો,
તે અહીં અને ભવ અન્યમાં પોતે જ મુજ સ્વામી થજો.

[૬૧૨]

સુખકારી શરણાગત પ્રભુ હિતકારી જન દુઃખિયા તણા,
હે યોગીઓમાં શ્રેષ્ઠ સ્થળ કરુણા અને પુણ્ય જ તણા,
નમતો પ્રભુ હું ભક્તિથી મહા-ઈશ મારા ઉપરે,
તત્પર થશો દુઃખ અંકુરોને ટાળવા કરુણા વડે.

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

[૬૧૩]

સન્માર્ગ દર્શી બોધદાતા કૃપા અતિ વર્ષાવતા,
આશ્રય અને આદર થકી અમ રંકને ઉદ્ધારતા,
વર ધ્યેય મૂર્તિ જ્ઞાન ઘન ગતદોષ ગુણે દીપતા,
જિનરાજજી તુમ ચરણમાં દીનભાવથી હો વંદના.

[૬૧૪]

મિત્રો અને પરિવારને સંપત્તિ સર્વે ત્યાગીને,
ના શોધુ હું સંસારના સ્નેહો તણા સંબંધને,
પ્રીતિ તણા પ્રતિબંધ તોડી પ્રવજ્યા પંક્તિ મંહીં,
પ્રમાદ ના હો સમય પણ હું નાથ વિનવું આપને.

[૬૧૫]

મિથ્યાત્વ આદિ વિવિધ વિઘ્નો વ્યાપ્ત પથ પરિવર્જીને,
મુક્તિ તણો વિશાળ ધોરી માર્ગ ધાર્યો મેં હવે,
સંપુર્ણ ને દઢ નિશ્ચયે સમ્યક્ પથે ગતિ માહરી,
પ્રમાદ ના હો સમય પણ હું નાથ વિનવું આપને.

[૬૧૬]

ગંભીરને અગાધ આ ભવસિંધુ તટને પામીને,
હું ના ફરી અટકી રહું ઉતાન તીરે આવીને,
શીઘ્રતાથી પાર ઉતરું ધારું હું ગતિ મોક્ષને,
પ્રમાદના હો સમય પણ હું નાથ વિનવું આપને.

[૬૧૭]

છોડી હું ભવજાલ અંતર-રિપુ મોહાદિને તો કસું,
દીક્ષા મોક્ષ પમાડનારી લઈ હું જ્ઞાની સમીપે વસું.
આત્મજ્ઞાન વિષે થઈ સ્થિર પછી કૈવલ્ય પામું અને,
પામું મુક્તિ તણું અનંત સુખ હું પ્રાર્થું પ્રભુ તુજને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૬૧૮]

સમય સમયે સાત કર્મ બંધાય છે મુજને પ્રભુ,
પાપ કરણી મેં કરંતા પાછું નવ જોયું પ્રભુ,
મેરૂ સમ મુજ પાપ કર્મ પુન્ય મુજ સરસવ સમું,
રડે આતમા પ્રભુ માહરો હું કેમ સંસાર તરૂં.

[૬૧૯]

ભવિતવ્યવતા પ્રભુમાહરી ક્યારે પરિપકવ થશે.,
કલ્યાણકારી માર્ગ તારો ક્યારે ફરી ફરી મળશે,
નાથ નિર્મળ તારી સેવા ક્યારે મુજ ફળી ભૂત થશે,
અનાદિના કર્મ મળો મુજથી દુર કયારે જશે.

[૬૨૦]

તાહરા વિણ શી ગતિ મુજ આપજે તું સન્મતિં,
તુજ શાસને રહેજો રતિ દૂર કરો મુજ ભવ ભીતિ,
અનંતગુણના સ્વામીતાહરી ભકિત કરવા મુજ મતિ,
પરમપદની પ્રાપ્તિ કરવા મનડું મુજ થાયે અતિ.

[૬૨૧]

ચઉગતિ માંહે રખડતા ના અશરણુતા અનુભવી,
તિર્યંચ આદી ગતિ માંહે અનાથતા મેં બહુ સહી,
નરકના દુઃખો સહેતા કારમી ચીસો પડી,
મહામૂલી સેવા પ્રભુ તુજ આજ મુજને સાંપડી.

[૬૨૨]

પૂર્ણ અશુચિ દેહની મેં રાત દિન સેવા કરી,
સ્વાર્થમય સુખોની ખાતર પરને મેં પીડા કરી,
ઈર્ષ્યા અસૂયા નિંદા કરતા જીંદગી વ્યતીત કરી,
છોડાવ તું મુજ દુર્ગુણોથી પ્રાર્થના અંતિમ કરી.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

[૬૨૩]

અષ્ટકર્મ નિવારવા નવ અંગી પૂજાને રચું,
ભાવના ભાવી કરી તુમ ચરણમાં અંજલી રચૂં,
તુમ દર્શને તૃપ્તિ ન થાયે દૂર પળભર નવિ ખસું,
સંસારમાંથી મુકત થઈ હુ મુકિત પુરીમાં જઈ વસું.

[૬૨૪]

વીતરાગ તુજને વંદના નહી વેદ નહી કોઈ વેદના,
દર્પ નહિ કંદપ નહિ કોઈ જીવની ન કદર્થના,
આ છે મારુ આ છે તારૂં એ ભાવ નહિ જરી ભેદના,
તુજ ચરણ કમળમાં હાથ જોડી ભાવથી કરૂ વંદના,

[૬૨૫]

આત્મ શલ્ય નવિ ખૂંચે પણ દેહ શલ્ય બહુ ખૂંચે,
દિન દિન દુર્ગતિમાં જતાં હું શી રીતે આવું ઉંચે,
વિશ્વાસ તારામાં મુકી મુજ આતમા તુજને પૂછે,
મળજો ભવોભવ તું પ્રભુ બસ તાહરો ધર્મ જ રૂચે.

[૬૨૬]

પાપનો બંધ મેં કીધો કીધો અનુબંધ આકરો,
ઉદયમાંએ આવ્યો જ્યારે હું થયો તવ રાંકડો,
તારનારો તું પ્રભુ ત્રિલોક માંહે છે વડો,
એવું જાણી દાસ આ તુજ દ્વાર આવીને ખડો.

[૬૨૭]

આરાધનાનો ભાવ મુજ મનમાં પ્રભુ પ્રગટો સદા,
વિરાધનાના માર્ગમાં ડગ માંડુ નહિ પ્રભુ હું કદા,
નમન કરી નિર્ણય કરૂ હવે જીંદગીને સુધારવી,
કૃપા કિરણ તુજ ઝીલતો હું નાશ કરું અંતર અહિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૬૨૮]

પરમ પુન્યે પામીયો હું પ્રભુજી શાસન તાહરૂં,
મહા પુન્ય યોગે આ મળેલો ભવ મનુજ નવિ હારું હું
નિર્મલ ચિત્ત કરી પ્રભુજી ધ્યાન તુજ હૃદયે ધરું,
આલંબન બસ તાહરુ લઇને હું ભવસાગર તરૂં,

[૬૨૯]

સવિ જીવ કરૂં શાસન રસી એ ભાવ તુજ હૈયે રમે,
એ ભાવથી ભાવિત થઇને તિર્થંકર પદ તુ લહે,
શિરચ્છત્ર છો ત્રણ જગતના તુજ ચરણે સુરનર સૌ નમે,
જે આણ તાહરી શીર ધરે તે પ્રાણી ભવમાં નવ ભમે,

[૬૩૦]

ઇચ્છા રહી મુજ એહવી સ્વભાવમાં હું નિત રમું,
પણ શકિત નહિ પ્રભુ માહરી વિભાવમાં હુ જઈ ચડુ,
આસકિત માહરી દૂર કરો આત્મ સ્વરૂપ હું અનુભવું,
કાબૂ વિણ આ ઇન્દ્રીઓ સંયમ લગામે હું દમું.

[૬૩૧]

વ્રતનિયમે શૂરના બન્યો પણ શિથિલ હું બનતો ગયો,
સ્વભાવ સાધી નવિ શકયો વિભાવમાં રમતો રહ્યો,
વેષ તાહરો મેં લીધો આવેશ છોડી શકયો નહીં,
પ્રાર્થું પ્રભુ હું એટલું ક્ષણક્ષણ વિતે સંયમ મહીં.

[૬૩૨]

મોહ ઘેલો બની રહું સંસારના રંગ રાગમાં,
બળતો સળગતો નિત રહું હું રાગ દ્વેષની આગમાં,
તુજ દર્શને ક્ષણવાર મનડું રત બને વૈરાગ્યમાં,
સિદ્ધપણું હું માંગુ નહિ બસ મન રહે વીતરાગમાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૬૩૩]

પ્રભુ જન્મ તાહરો આપતો આનંદ જીવ સૃષ્ટિને,
પંચમી ગતિ સાધવા તમે લોચ કરો પંચ મુષ્ટિને,
પારણું પ્રભુ આપ કરતા દેવ કરે પંચવૃષ્ટિને
અતિ તિમજ અના પ્રભુ દૂરે કરી તમે વૃષ્ટિને.

[૬૩૪]

ત્રણ છત્ર શીરે શોભતાં વળી અતિશયોથી ઓપતા.
વિબુધો રચે નવ પદ્મ જીનજી આપ પગલા ધારતા,
ધન્ય છે તે ગામ નગર પ્રભુ તમે જ્યાં વિચરતાં,
ધન્ય તે ભવિલોકને જેઓ પ્રભુજી નિહાળતા,

[૬૩૫]

અહો તાહરી કરૂણા પ્રભુજી સ્વયંભૂ સાગર સમી,
કરૂણા હું ઝીલવા તાહરી આવ્યો છું દુર્ગતિ બહુ ભમી,
દાનેશ્વરી તું મુજ મળ્યો કોઈ પુન્યની ન રહી કમી,
સન્માર્ગમાં હું રહું સદા કરું વિનંતી ભાવે નમી.

[૬૩૬]

દિવ્ય દ્રષ્ટિ છે મળી મુજને પ્રભુ તુજ દર્શને,
પુલકિત થયા રોમાંચ મારા આજ પ્રભુ તુજ સ્પર્શને,
ભવની ભાવઠ ભાંગી મારી આજ તુજ ભજતા પ્રભુ,
વિતરાગ તારા વંદને મુજ રાગ દ્વેષ ગયા વિભુ.

[૬૩૭]

આયુષ્ય માહરૂં અલ્પ પણ અનલ્પ મુજ ઈચ્છા બની,
સંકલ્પ ને વિકલ્પની મેં હારમાળાઓ રચી,
અસારમાં મેં સાર માન્યો મર્મથી બુદ્ધિ ખસી,
માંગુ પ્રભુ હવે એટલું જિનશાસને હું બનુ રસી.

૯

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૬૩૮]

વિષયના વડ વૃક્ષને મૂળમાંથી જેઓ કાપતા,
રાગ દ્વેષને મોહમાયા માંહિ અગ્નિ ચાંપતાં,
દાન શીલ તપ ભાવનાદિ ધર્મ જગને આપતા,
શરણે રહે જે સ્વામિના શિવપુરે તેહને સ્થાપતા.

[૬૩૯]

ધરૂ છું દીપ તુજ ચરણે તું જ્યોતિ જ્ઞાનની ધરજે,
ને ચામર ઢાળું છું તુજને, ગતિ મુજ ઉચ્ચરિ કરજે,
દીસે દર્પણ મહિ તું જેમ મુજ આતમ મહિ વસજે,
ત્યજુ 'હું' પદ તુજ દ્વારે, તું મુજને સિદ્ધિ પદ દેજે.

[૬૪૦]

પ્રભુ તુજ નયનની સમતા તણો હું અંશ જો પામું,
પ્રભુ તુજ મન તણી વીતરાગતાનો અંશ જો પામું,
પ્રભુ તુજ ભવ તણી કૃતાર્થતાનો અંશ જો પામું,
પ્રભુ મુજ ભવ અનાદિના ભ્રમણનો અંત હું પામું.

[૬૪૧]

પ્રભુ તુજ અક્ષ, અમ દૃષ્ટિ તણા વિકારને દમતી,
પ્રભુ તુજ વક્ષ અમ કૃતઘ્નીઓના ઘાવને ખમતી,
પ્રભુ તુજ કંઠના ઉદ્દગારમાં દેવી શ્રુતા રમતી,
પ્રભુ તુજ ગુણનિધાનોને સકળ જીવસૃષ્ટિઓ નમતી,

[૬૪૨]

ધરી નરદેહ પુણ્યભૂમિ મહિ પામ્યો હું કુળ ઉત્તમ
મેળવીયો તુજ સરીખો દેવ ને ગુરૂ ધર્મ પણ ઉત્તમ,
જીવનમાં જે મળ્યું મુજને તે વણમાંગ્યુ તે આપ્યું છે,
પ્રભુ શિવસુખ તણા દાને કૃપણ રૂપ શાને ધાર્યું છે.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

[૬૪૩]

જગે ભટક્યો બહુ આંખે હું આંજી ગર્વનું કાજળ,
વિતેલા વર્ષમાં સંચિત કર્યા ગાઢા કરમના દલ,
શિથિલ સૌ અંગ છે મારા હવે ગાત્રો બન્યા નિર્બળ,
મિંચાતી આંખને દેજો પ્રભુ દર્શન તમે નિર્મળ...

[૬૪૪]

પ્રભુ શૂરવીર સિંહ સમ તું છતાં પણ છે ક્ષમાસાગર,
જીત્યા છે અષ્ટરીપુ તેં, મદે છલકી ના તુજ ગાગર,
પૂજે સૌ સુર-અસુર તુજને દશે દિશા ધરે ચામર,
વિનવતો ઝાલવા મુજ કર, પ્રભુ હુ માનવી પામર...

[૬૪૫]

નથી હું ચંડકૌશિક સર્પ, કોઇ ક્રોધ વિષ ઝરતો,
નથી અર્જુનમાળી સમ હું કોઈ ઉગ્રતા ધરતો,
અભાગી હું જ કેમ રહું ? રહું હું કેમ નોંધારો,
પ્રભુ નિર્દોષતા મારી જ શું છે દોષ કો' મારો ?

[૬૪૬]

પ્રભુ મેં આ જગે આવી ને કોઈ પાશ ના તોડયા,
જીવન પામીને અણમોલું નવા કોઈ પુણ્ય ના જોડયા,
ગુમાવી કર્મની મૂડી, બચાવી જે હતી થોડી,
છતાં યે પામ્યો પ્રભુ તુજને, છે જીવન ધન્યતા કોડિ.

[૬૪૭]

પ્રભુ વિતરાગી આતમ તું અને હું રાગથી ભરીયો.
હું મૂઢતા પ્યાસથી તડપું અને તું જ્ઞાનનો દરિયો,
ભવોના સાગરે ઉઠતાં પ્રલયથી હું પ્રભુ ડરીયો,
કૃપા નિધાન, તારક દેવ ! તુજને મન મહિં ધરીયો...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૬૪૮]

અહીં છે માળ પ્રતિહાર્યો તણી તેં અષ્ટ ફુલોની,
મને બંધન પડ્યુ છે. જંજીરોનું આઠે કર્મોની....
ફસ્યો હું ચઉ કષાયો મહિં, અને તેં ચઉગતિ ચૂરી,
ત્રિભુવન નાથ હું યાચું રતનત્રય ને ઝૂરી ઝૂરી.

[૬૪૯]

ભીંજાયો હું સદા પ્રભુજી તારા સ્નેહ વારિમાં,
જીવનભર મેળવી શાતા પ્રભુ મેં તારી વાણીમાં,
વસ્યો જેમ શ્વાસ માંહિ સદા, પ્રભુ તેમ સાથમાં રહે જે,
ત્યજુ હું દેહ આ જ્યારે પરમમિત ! હાથ તું ધરજે...

[૬૫૦]

ગુમાવ્યા વ્યર્થ કૈંક ભવો પામ્યો હું તુજ કરૂણા,
ખીલી છે ભક્તિ કેરી એક કલિકી મારા ભવરણમાં,
પ્રભુ તું રક્ષજે એને વહે છે વાયરા ઉના,
કે ધરવુ છે એ મારે પુષ્પને તારે ચરણ સલુણા...

[૬૫૧]

મુજ મનગતિ શી થાશે પ્રભુ જો સમરણ નવ ધરું ?
મુજ વાચગતિ શી થાશે પ્રભુ જો તારી સ્તવના નવ કરું ?
મુજ કાયગતિ શું થાશે પ્રભુ જો તારે ચરણે નવ નમું ?
મુજ ભવગતિ શું થાશે પ્રભુ જો તારું શરણું નવ ગ્રહું ?

[૬૫૨]

મારા નયનના આંગણે આવી બિરાજે જો પ્રભુ,
ને કર્ણદ્વારે રણકે ઝાલર તારી વાણી વિભુ,
મારા હૃદયની ઉર્મિઓને જો મળે મને વાચા પ્રભુ,
ભવ અટવીના આ અનલ મહિં પામું મહા શાતા વિભુ.

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

[૬૫૩]

મારા તિમિર અજ્ઞાનના હણનાર દીપક તું જ છે,
ને બની તારક ધ્રુવ તણો પથ ચિંધનારો તું જ છે,
ભવ સાયરે મુજ નાવડી સંભાળનારો તું જ છે,
કરમો કપાવી ક્ષણ મહિં મને તારનારો તું જ છે.

[૬૫૪]

સદ્‌ભાવનાનું અર્ધ્ય મારૂ પ્રભુજી તું સ્વીકારજે,
ભાવિ પંથ નિર્મળ કરીને મુક્તિમાર્ગ બતાવજે,
જે જે અનીતિને અનાચારો કર્યા મેં જીવનમાં,
તે તે કુમાર્ગો દૂર કરવા આપજે સદ્‌ભાવના.

[૬૫૫]

જગદીશ હે વીતરાગ તારક માંગુ હું નતમસ્તકે,
વરમોક્ષ એ મુજ સાધ્ય હોજો રત્નત્રય મુજ મસ્તકે,
સળગી રહ્યો છું વિષયને સંસારવર્ધી કષાયથી,
એને સદા તું ઠારજે હું આવીયો એ આશથી.

[૬૫૬]

તારા કહેલા તત્ત્વ વિણ મુક્તિ નથી એમ જાણું છું,
વિવેક વિણ સંસારમાં રઝળી રહ્યો અજ્ઞાની છું,
અજ્ઞાનથી હું અંધ છું મુજમાં વિનય શક્તિ નથી,
હું મુઢ છું અનાથ છું અભિમાની છું અવિવેકથી.

[૬૫૭]

જો રેલાય ઉજાશ જ્ઞાનદીપનો અંધારથી શેં ડરૂં,
જો આતમ રંગાય નહિ કો' રંગે સંસારથી શે ડરૂં ?
જો પામું તુજ વેણ અમૃતસમા જગવિષથી શેં ડરૂં ?
જો સુકાન ધરે તું તારા કરમાં, ભવસાગરે શેં ડરૂં ?

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૬૫૮]

પ્રભુ મંદિરે વસીયો તું ને હું મારગનો પત્થર,
સકળ જંગ તુજ ચરણ ચુંમતુ ને હું સહેતો ઠોકર,
તું કોતરજે આ પત્થરને ને તવ હાથથી ઘડજે,
બનાવી નિર્મળ બિંબ તુજ સમુ મુજ દોષો સૌ હરજે.

[૬૫૯]

મુજ હોઠ ઝંખે પ્રભુ તારા રૂપનું કરવા કથન
ને મુખ નિરખી તાહરૂ, મુજ ચક્ષુઓ શોધે સ્તવન,
વિટંબના આ માહરી કેવી અકારી હે પ્રભુ,
દષ્ટિ મળી છે, અંધ ને વાચા મળી છે મૂક વિભુ.

[૬૬૦]

અમૃતરસના પ્યાલા પીતા સ્વાદ ન આવે મુજને પ્રભો,
તેથી અધકો સ્વાદ ભર્યોછે તુજ નયનોમાં અખૂટ વિભો
શીતળ તારી છાયા મારા અંતરને પલવીત કરે,
જુગ જુગ જૂના આઠ અનાદિ કર્મ કંટક દૂર કરે.

[૬૬૧]

દીસે છે ન્યુનતા મુજમાં તે કેવળ દોષ મારો છે,
હું પામ્યો ભવ ભટકતા તું અનુગ્રહ તેહ તારો છે,
પરમજ્ઞાની વલી વીતરાગી જે માલિક મારો છે,
ધર્યું છે શીશ તુજ ચરણે, પ્રભુ સેવક તારો છે.

[૬૬૨]

તમને વશ કરવાને માટે, લાખ ઉપાયો કીધા,
મિથ્યા સહુ ઈચ્છાઓ પૂરવા, પૂજા પાઠો કીધાં,
પણ ના તમને અનુસરવાની, કોઈ ભાવના જાગી,
હે પરમેશ્વર મુજ જીવનમાં, તૃષ્ણા આગો લાગી.

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

[૬૬૩]

સુંદર તારી આંગી દીપે મુખ મુદ્રા અનુપમ ચળકે,
મૂર્ત્તિ તારી મોહનગારી, શશી સમા તેજે ઝળકે,
મુખડું તારું અતિ સોહામણું, મલક મલક પ્રભુ મુખ મલકે,
નિર્વિકારી નયનોમાં તુજ કરૂણા રસના પુર છલકે.

[૬૫૪]

તું છે માતા તું છે પિતા, તું હિ જગતનો નેતા,
ઘોર ભયંકર કર્મો સામે, તું છે સફળ વિજેતા,
તું છે દાયક તું છે રક્ષક, તું શિવપુરનો સાથી,
ગુણ અનંતનો સાગર તું છે, પામી શકું હું કયાંથી ?

[૬૬૫]

પરમ કૃપાળુ હે પરમેશ્વર, પાવન કરજો સ્વામી,
ભવોભવમાં હું ભૂલો પડયો છું, શિવનગરીનો કામી,
માર્ગ બતાવો હે જગદીશ્વર, જીવન મારૂં જાતુ,
શરણું આપો, દુઃખડા કાપો, અંતર મારૂં ગાતુ.

[૬૬૬]

ઘણા પાપ કર્યા જીવનમાં, એક એકથી ભારે,
આંસુ ટપકે આંખોમાંથી યાદ કરૂં છું ત્યારે,
શું થાશે મુજ જઇશ પ્રભુ કયાં, ભવસાગર છે ભારે,
પશ્ચાતાપે રડી રહ્યું છે, અંતર તારે દ્વારે.

તે જિન પરમેષ્ઠિ વચન, ગોચર નહિ તેથી ખરે,
પ્રાયે વદુ તે વિષયમાં તે વ્યોમચિત્રામણ પરે,
તો પણ સ્મરણ પ્રભુ નામનું આનંદ કારણ નું ગણું,
ભક્તિ વશે વાચાળ થઈ, સ્તુતિ તવ તણી હું તો ભણું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૧] શ્રી સિદ્ધાચલજીની સામાન્ય સ્તુતિ

[૬૬૭]

શ્રી સિદ્ધાચલ નયણે જોતાં, હૈયું મારૂં હર્ષ ધરે,
મહિમા મોટો એ ગિરિવરનો, સુણતાં તનડું નૃત્ય કરે,
કાંકરે કાંકરે અનંતાસિધ્યાં, પાવન એ ગિરિદુઃખડાહરે,
એ તીરથનું શરણું હોજો, ભવોભવ બંધન દૂર કરે.

[૬૬૮]

જન્માંતરોમાં જે કર્યા, પાપો અનંતા રોષથી
તે દૂર જાયે ક્ષણ મહિ, નિરખે સિદ્ધાચલ હોંશથી
જીહાં અનંત જિવ મોક્ષે ગયા, અને ભાવિમાં જાશે વળી
તે સિદ્ધગિરિને નમન કરું હું, ભાવથી નિત લળી લળી.

[૬૬૯]

જે અમર શત્રુંજય ગિરિ છે, પરમજ્યોતિર્મય સદા
ઝળહળ થતી જેની અવિરત, મંદિરોની સંપદા
ઉત્તંગ જેના શિખર કરતા, ગગન કેરી સ્પર્શના
દર્શન થકી પાવન કરે તે, વિમલગિરિને વંદના.

[૬૭૦]

દુષમકાળે એ મહાતીરથ, ભવ્ય જીવોનો આધાર ખરે,
જુગ જુગ જુના સંચિત પાપો તે પણ જાવે દૂર દૂરે,
શિવમંદિરની ચડવા નિસરણી અનંત દુઃખની રાશી ચૂરે,
નિત્ય પ્રભાતે નમીયે ભાવે અનંત સુખની આશ પૂરે.

[૬૭૧]

દેશ વિદેશે ભવ ભવ ભટકે ગિરિવર દર્શન નવિ પાવે,
અનંત સિદ્ધનો ઠામ ગિરિવર જોવા મન બહુ લલચાવે,
ધન્ય મુનિવર ધન શ્રાવક ગણ શ્રી સિદ્ધાચલ નિત દેખે,
ભક્તિ કરે ગિરિવરની ભાવે જન્મારો તેનો લેખે.

Jain Education International   For Private & Personal Use Only   www.jainelibrary.org

## (૨) તળેટી સન્મુખ બોલવાની સ્તુતિ

[૬૭૨]

દૂર દૂર દેશાંતરથી આવ્યો, સિદ્ધાચલની શોધમાં,
તારક તીર્થ તળેટી સ્પર્શે મુક્ત થયાં પ્રતિશોધમાં,
મનડું મારૂં શાંત થયું ને, લાગ્યો જિનના ધ્યાનમાં,
તેહ તળેટી ફરી ફરી નમતાં, જીવ લાગ્યો જિન તાનમાં,

[૬૭૩]

અનંત સિદ્ધને વંદન કરતો, બેઠો તલાટી બાગમાં,
વિવિધ ભક્તના વિવિધ ભાવના ફૂલ ખીલ્યા જે બાગમાં,
કંઈક સમકિત પામે કંઈક નિરમલતા લહે બાગમાં,
આનંદ રસભર ભર મેં પીધો તેહ તલાટી બાગમાં.

[૬૭૪]

આગ બુઝી ગઈ અંતરની મુજ જય તલાટી સ્પર્શને,
નયણા મારા નાચી ઉઠતા જયતલાટી દર્શને,
કાયા મારી પુલકિત થાતી જયતલાટી વંદને,
જયતલાટી જોતાં જોયા મરુદેવીના નંદને.

[૬૭૫]

પ્રતિક્રમણાદિકથી પરિવારી હોડે જયતલાટીએ,
સાધુ સાધવી ગિરિવર ગાવે ભાવે જયતલાટીએ,
ચૈત્યવંદન ચોમાસામાં પાંચે જયતલાટીએ,
વિવિધ જાતિ તપને ઉચ્ચરતા ભવ્યો જયતલાટીએ.

[૬૭૬]

જીનવર મુનિવર નરવર ની જ્યાં આવે કોડાકોડિજી,
જય તલાટી ઉભા વાંદે હરખે હોડા હોડીજી,
ચૈત્ય વંદન પરિપાટી જ્યાંથી જય તલાટી તે સોહે,
દર્શન વંદન સ્પર્શન કરતાં ભવિયણના મનડા મોહે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૬૭૭]

## (૩) રાયણ પગલાં સન્મુખ બોલવાની સ્તુતિ

આનંદ આજે ઉપન્યો, પગલા જોયા જે આપના
અંતરતલેથી ભાગતા જે સુભટો રહ્યા પાપના
જે કાલને વિષે પ્રભુજી આપ આવી સમોસર્યા
ધન જીવ તે, ધન જીવ તે, દર્શન લહી. ભવજલ તર્યા...

[૬૭૮]

પુરવ નવાણું વાર પધારી, પાક કીધું જે ભૂમિતળને
દર્શન કરતાં ભવ્ય જીવોના, દુર કરે અંતરમલને
ત્રીજે આરો સમરણ કરતાં ઋષભદેવ સાક્ષાત્ ધરે
પ્રણમું ભાવે તે પગલાને, પાતિક મારા દુર કરે....

[૬૭૯]

રાયણ રૂખ તળે બિરાજી જગને, સંદેશ જે આપતાં
આદિશ્વર જિનરાયના જે પગલા, પાપો સવિ કાપતા
ઋષભસેન પ્રમુખ સેવી પગલા, શાશ્વત સુખે મહાલતા
વંદુ એવા ઋષભ જિન પગલાં, જંજાળ જાળ જે ટાળતા...

[૬૮૦]

રાયણ મનોહર જિહાં પ્રભુ પાય સોહે
પૂજન કરી ભવિજન આંખ મોહે,
નિત ભક્તિ ભાવે નમતાં જેને દુધ ઝરતુ
આતમ પ્રદેશ થકી પાપ અનંત ખરતુ

[૬૮૧]

રાયણ તરૂવરમહીં તિહાં વાસ કરતા,
દેવો અનેક પ્રભુ પાયના ભક્તિ કરતા
જે ભવ્ય ભાવે પ્રભુ પાયને શીષ ધરતાં,
કર્મો ખપાવી ભવિ દુર્ગતિ દૂર કરતાં.

Jain Education International　　For Private & Personal Use Only　　www.jainelibrary.org

## [૪] શ્રી પુંડરીક સ્વામી સન્મુખ બોલવાની સ્તુતિ

[૬૮૨]

ભાવોલ્લાસ ભરીને મુજ મનમાં આવી ઉભો તુજ કને,
ઉછળે ભાવતરંગ રંગ હૃદયે, મૂર્તિ વસી મુજ મને,
પામ્યા ભાવિક ભક્ત ભાવ ધરીને, વિમુક્તિ જે નામથી,
એવા શ્રી પુંડરીક સ્વામી, ચરણે, વંદુ સદા ભાવથી....૧.

[૬૮૩]

પુંડરીક તારું દર્શન કરતાં, હૈયું મારું અતિ હરખાય,
પુંડરીક તારું મુખડું જોતાં આનંદ હૈયે અતિ ઉભરાય,
પુંડરીક તારું નામ જપંતા, પાપકર્મ સવિ દૂર પલાય,
પુંડરીક તારે ચરણે વંદુ, શાશ્વત સુખને જેમ વરાય... ૨.

[૬૮૪]

દર્શન પ્રભુ કરવા ભણી, તુજ પાસે આવીને રહ્યો,
પુંડરીક એહવા નામથી, શાસ્રો તણે પાને કહ્યો
પુંડરીક વત્ પુંડરીક બન્યા કોડિ પાંચને સાથે લહ્યા
પુંડરીક નમું પુંડરીક જપું એ ઓરતા મનમાં રહ્યા... ૩

[૬૮૫]

ચૌદશે બાવન ગણપતિમાંહે, આદિ ઉપકારી છે જેહ,
દ્વાદશી માંહે આગમ રચના સૂત્રબદ્ધ કરનારા જેહ,
ગિરૂઓ ગિરિવર શ્રી સિદ્ધાચલ, પાવન કરતો નામે જેહ,
પંચ કોડ સાથે લઈ સિદ્ધ્યા, વંદુ ગણધર પુંડરીક તેહ

[૬૮૬]

ઈણ અવસર્પિણી ભરતક્ષેત્રમાં દેશના ઝીલતો જે ગુણવંત,
પ્રભુ ચરણે નિજ શીષ ઝુકાવી, ચઉનાણી થયા જે ભગવંત,
પંચ કોડિ મુનિ જેહના સંગે, સુખીયા ભાગે સાદિ અનંત,
એવા પુંડરીક સ્વામી વંદુ, સકલ કરમનો આણે અંત...૫.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## (૫) ઘેટી પગલાં સામે બોલવાની સ્તુતિ

[૬૮૭]

શ્રી સિદ્ધાચલ નિરખી હરખે, આંખડી એની પાવન થાય,
પગલે પગલે આગળ વધતા, કાયા એની નિરમલ થાય,
ઘેટી જઈને પગલાં પૂજે, આનંદ હૈયે અતિ ઉભરાય,
સુષમ દુષમ આરે રહેલા, આદિ પ્રભુનું સમરણ થાય....૧

[૬૮૮]

આતપરની તળેટીથી, જે ભવિ યાત્રા કરે,
ઘેટી પગલે શિશ નમાવી, સિદ્ધગિરિ પર ફરે,
નવાણુંની યાત્રા કરતાં, નવ વખત નિશ્ચે કરે,
ઘેટી પગલે ભાવ ભક્તિ, પુણ્ય ભાથું તે ભરે.૨

[૬૮૯]

આદિ પ્રભુનું દર્શન કરીને, ઘેટી પાયે જે નર જાય,
તન મન કેરા જે સંતાપો, પ્રભુ પગલે સવિ દૂર જ થાય,
એવા પગલે આવી પ્રભુજી, અરજ કરૂં છું હે જીનરાય,
આદિશ્વર તુજ ધ્યાન ધરંતા, જન્મમરણના ફેરા જાય.૩

[૬૯૦]

ઘેટી ગામને નામે પ્રભુના પગલા ઘેટી પગલા કહાય,
દર્શન કરતાં ભવ્ય જીવોનું સમક્તિ દર્શન નિર્મલ થાય,
ધન્ય ધન્ય તે મહામુનીસર ઋષભદેવ સાથે અહિં આય,
ભાવ સહિત પૂજુ પગલાને અંતરમલ દૂર દૂરે જાય.૪

[૬૯૧]

તીરથ વિવિધ જોતા જોયા, મૂર્તિ પગલા સાથમાં,
એક જ ઘેટી પગલા જોયા આદિ જિનેસર નાથના,
ભૂખ તરસ તો કદિ ના જાગે, તન મન તાપો દૂર થયા,
ઘેટી પાયે દરિશન કરતાં, જન્મ મરણ ભય ભાગી ગયા.૫

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પૂજ્ય મુનિરાજ શ્રી સુધર્મસાગરજી રચિત સ્તુતિઓ


| વિષય | સંખ્યા |
|---|---|
| (૧) ચોવિશ જિન સ્તુતિ [શ્રી આદિનાથ આદિ ૨૪ જિનની સ્તુતિમાં પ્રત્યેક દશમી સ્તુતિ | ૨૪ |
| (૨) શ્રી સીમંધર જિન સ્તુતિ–દશક | ૧૦ |
| (૩) ખામણા રૂપ સ્તુતિ– | ૨૧ |
| (૪) અતિચાર આલોચના રૂપ સ્તુતિ | ૧૨ |
| (૫) શુભ ભાવના રૂપ સ્તુતિ–પંચાશિકા | ૫૦ |
| (૬) શ્રી નેમિનાથ ભગવંતની સ્તુતિ | ૨૨ |
| (૭) શ્રી સિદ્ધ ચક્રની સ્તુતિ | ૧૦ |
| (૮) સમાધિમરણના ૧૦ અધિકારની સ્તુતિ | ૧૧ |
| (૯) અષ્ટાપદજીની સ્તુતિ | ૫ |
| (૧૦) નંદીશ્વર–સહસ્રકુટ–ગિરનાર–શીખરજી–આબુની | ૫ |
| (૧૧) ગૌતમ સ્વામીની સ્તુતિ | ૫ |
| (૧૨) સામાન્ય જિન સ્તુતિ | ૫ |


## દાનાદિ શુભ ભાવના રૂપ શ્રી સીમંધર જિન સ્તુતિ

[૯૯૨]

જીઅભયાણું પદથી ધ્યાવે દાન અભય જે દેતા,
ધન્નાદિકને ગાવે જ્ઞાની દાન સુપાત્ર દેતા,
એવા દાનો કદિ દઈને, કાપશું કર્મકીલા,
સીમંધર જીન નજરે દેખો, જીમ લહું મોક્ષ લીલા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૬૯૩]

નેમિ જંબૂ વિજય શેઠ સ્થુલીભદ્ર સંભારી.
જીનદાસને સોહાગ દેવી તેહની બલિહારી,
તેવું પાળી શીલ સુરંગી, પામીયે લચ્છી લીલા,
સીમંધર જિન નજરે દેખો, જિમ લહું મોક્ષ લીલા.

[૬૯૪]

ચૌદ હજારે ચડતે ભાવે, વીર ધન્નો વખાણે,
એહવા તપને કદિ કરીશ હું તેહ જ્ઞાની જ જાણે,
બાહ્ય અભ્યંતર તપથી કરું હું કર્મના બંધ ઢીલા,
સીમંધર જિન નજરે દેખો, જિમ લહું મોક્ષ લીલા.

[૬૯૫]

ભરતાદિક જે ભાવ ધરીને, હુઆ કેવલ નાણી,
ભાવો આવે દુરગતા સમ, લાવે તે મુક્તિ તાણી,
એવા ભાવો મલજો મુજને, વાગે દુર્ગતિ ખીલા,
સીમંધર જિન નજરે દેખો, જિમ લહું મોક્ષ લીલા.

[૬૯૬]

ધન ધન તે જીવ જનમ લઈને પ્રભુ નજરે નિહાળે,
ભક્તિ કરતા જીન ગણિની, વાણીથી પાપ ટાળે,
ભક્તિ કરશું કદિ વિહરતા, વીશ જે જીન પીલા,
સીમંધર જીન નજરે દેખો જીમ લહું મોક્ષ લીલા.

[૬૯૭]

**(પંચ પરમેષ્ઠી સુકૃત અનુમોદના રૂપ પંચક)**

જિન નામ ગોત્ર નિકાચના ત્રીજે ભવે કરી જે સદા,
ઘાતી ખપાવી જાતના, પરમાર્થ ભાવે સર્વદા,
દેઈ દેશના ઉપકાર કરતા, ભવિક જન મન હિતકરં,
અરિહંત ગુણ અનુમોદતો હું વંદતો સીમંધરં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૬૯૮]

દર્શનાદિ ચાર અનંતા, જેહ જીવ જગ પામતા,
નિજ દેહના તૃતીય ભાગે, જે રહ્યા અવગાહતા,
સિધ્ધિ ગતિમાં સિદ્ધ થઈ બેઠા જે જીન અવિનશ્વરં.
સિદ્ધ ગુણ અનુમોદતો હું વંદતો સીમંધરં.

[૬૯૯]

શુદ્ધ પ્રરૂપકતાદિ ગુણ, આચાર જ સુવિહિત તણા,
સારણ વારણ ચોયણા, પડિચોયણા કરતા ઘણા,
સમવસરણમાં ઈમ પ્રકાશે, આચાર જ ગુણ ઈશ્વરં,
આચાર્ય જ ગુણ અનુમોદતો હું વંદતો સીમંધરં.

[૭૦૦]

વિવિધ ગામ નગર તણા, શિષ્ય સમુહ સમજાવતા,
પઠન પાઠન રત સદા, અનુમોદતા ગુણ આવતા,
ઉવઝાય ગુણ ઈમ કહે જિનવર દોષ હરે નિરંતરં,
ઉવઝાય ગુણ અનુમોદતો હું વંદતો સીમંધરં.

[૭૦૧]

નિજ પરતણા જે આત્મહિતની ભાવનામાં નિત રહે,
સહાય કરતા સાધુજી ઈમ આપ આગળ જિન કહે,
અઢીદ્વિપના સવિ નિત પ્રશંસુ સાધુવેશ મુદા ધરં,
સાધુ ગુણ અનુમોદતો હું વંદતો સીમંધરં.

## –: ખામણા રૂપ સ્તુતિઓ :–

[૭૦૨]

ગિરનાર મંડન નેમિ જિન વંદન કરી ચિત્તમાં ધરી,
તસ શાસને જે અધિષ્ઠાતા, અંબિકા સ્મરણ કરી,
સંસાર તરવા આજ કરતો, ખામણા હું દિલ ધરી,
હે નાથ કરૂણાવંત તે અવધારજો ચિત્તમાં ધરી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૭૦૩]

ભવમાં ભટકતા ભાન ભૂલી અરિહંત નવિ જાણિયા,
કુદેવ નાદે નાથજી મેં આપ મતને તાણિયા,
અવહેલના આશાતના મેં જે કરી થઈ મૂઢ મતિ,
જીનરાજ કરજે માફ મુજને, શી થશે મારી ગતિ?

[૭૦૪]

જિમ નદી સરવર ઉતરે, હરિફાઈ સામે સાગરે,
તિમ સિદ્ધ સિદ્ધગતિ લોપી, ઉંઘ વેચી ઉજાગરે,
અજ્ઞાનથી મેં હાંસી કરી જે, સિદ્ધની અતિ હોંશથી,
તે માફ કરજો નાથજી, રખડી રહ્યો નિજ દોષથી.

[૭૦૫]

અરિહંત મુક્તિ પામતા, આચાર્ય શાસન વરતતું,
આચાર્ય નિંદાદિક કર્યા તે પાપ હું કરતો છતુ,
મતિ ભ્રમ થકી મેં જે કરી, આચાર્યની વિરાધના,
તે માફ કરજો જગપતિ જિમ થાય મુજ આરાધના.

[૭૦૬]

અતિ કષ્ટ વેઠિ સાધુ ગણને જેહ નિત્ય ભણાવતા,
દેઈ દાન સૂત્રાદિક તણા જે મુક્તિ માર્ગ સુણાવતા,
ઉપકારી શ્રી ઉવઝાયની જે મેં કરી અપભ્રાજના,
અરિહંત કરજે માફ જિમ સુખ પામું હું શિવરાજના.

[૭૦૭]

મુક્તિ માર્ગને સાધતા, વાચક સૂરિ ગણિવર તણી,
જે ભક્તિ કરતા મુનિવરા તેની વર્ણના કરું શી ઘણી,
નિંદા ટીકા વર્તન કર્યા જે જે સવિ સાધુ પ્રતિ,
વીતરાગ મુજને માફ કરજે જિમ બનું પ્રવર યતિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૭૦૮]

શીલરતન પેટી ગુણ ગરિમા જે જગે છે સાહુણી,
અજવાળતી વીતરાગ શાસન જે વીચરતી સાહુણી,
અભિમાનમાં અક્કડ બની જે મેં વિરાધી સાહુણી,
તું માફ કરજે કૃપાસિંધુ ભક્તિ કરું તસ સાહુણી.

[૭૦૯]

દાનાદિક ગુણથી ભર્યા જે સાત ક્ષેત્ર સંભારતા,
દીન દુઃખી જન ઉદ્ધાર કરતા, નિજ કુટુંબ સંભારતા,
મદ આઠ વશથી તુચ્છ ગણતો શ્રાવકો ને હું અરે,
તું માફ કર જો દયાસાગર, મુક્તિ સુખ પામું ખરે.

[૭૧૦]

વિધ વિધ તપસ્યાને કરે, વળી સાધુજન પડિલાભતી,
જિનપૂજના ગુરૂવાણીને. આવશ્યકે મન ધારતી,
શીલવાન ને ગુણવાન એવી શ્રાવિકા થૂ થૂ કરી,
હે દયાનિધિ માફ કરજે, વિનંતિ કરતો ખરી.

[૭૧૧]

રત્નોતણી જે ખાણ છે એવા ચતુર્વિધ સંઘની,
જે ભવિક જન આધાર છે એવા ચતુર્વિધ સંઘની;
તે તુચ્છ ગણતાં કર્મ બાંધી હું ફર્યો સંસારમાં,
તું માફ કર હે જગધણી જિમ ભટકું નહિ સંસારમાં.

[૭૧૨]

ભવનપતિ વ્યંતર જ્યોતિષી, વૈમાનિક ચોથા કહ્યાં,
ચારે ગતિમાં ફેરા ફરતાં, ચારે દેવના ભવ લહ્યા,
મન વચન કાયાએ ફરી જે દેવ મેં દુઃખી કર્યા,
એવી ક્ષમા માગું પ્રભુ જેહથી જીવો ભવજલ તર્યા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૭૧૩]

રત્નપ્રભા પહેલી કહી અને સાતમી તમઃ તમ પ્રભા,
સાતે નરકના નારકી પામે નહીં દિનકર પ્રભા,
મન વચન કાયાએ કરી જે નારકી સંતાપિયા,
હે ક્ષમાસાગર દે ક્ષમા મેં ભવ ઘણા વિતાવિયા.

[૭૧૪]

અઢીદ્વિપમાંહિ વિવિધ જાતિના રહ્યા મનુષ્યને,
સંમૂચ્છિંમ આર્યો અનાર્યો યુગલિક મનુષ્યને,
દુર્ધ્યાનથી તિમ વચન કાયે દુઃખ અનંતા મેં દીધા,
તુજ સાખ માફી માંગતા પ્રભુ પુન્યકુંભો મેં લીધા.

[૭૧૫]

જલ સ્થલચરો તિમ ખેચરો જે અવનિમાંહે વિહરતા,
તે નાશ કીધા ભક્ષ કીધા ચિહું ગતિમાં વિહરતા,
વલી મન વચનથી જે હણી તિર્યંચની જાતિ ઘણી,
સર્વજ્ઞ માફી માંગતા મુજ ગતિ હો મુક્તિ ભણી.

[૭૧૬]

બિ તિ ચઉ ઇંદ્રીયના જીવ જગત માંહે છે ઘણા;
મુજ જીવનના આનંદ માટે તે વિનાશ્યા મેં ઘણા,
તિમ મન વચનથી નાશ કરતા લેશ પણ હું નવિ ડર્યો,
મહાગોપ માફ કરો મને સંસાર સાગર તો તર્યો.

[૭૧૭]

પૃથ્વી તણા પેટાળમાં ને બહાર પૃથ્વી જીવ જે,
ધાતુ અને પથ્થર વલી માટી વિગેરે જીવ જે,
ત્રિકરણ યોગે ત્રાસ દીધા પૃથ્વીકાયિક જીવ ને,
શાંતિ મિલે જો માફ કર મહામાહણ મુજ જીવ ને.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

[૭૧૮]

જલમાં જીવો સહુ જગ જુવે પણ જૈન જોવે જલને,
અપકાય નામે ઓળખે જીનશાસને જીવ જલને,
નિર્દયપણે હું નાશ કરતો, જગમહીં જીવ જલને,
મહા સાર્થવાહ તુજ પાસ માફી માંગતો જીવ જલને.

[૭૧૯]

સર્વભક્ષી અગ્નિકાય જીવના ભવ મેં કર્યા,
કંઈ જીવના લઈ પ્રાણ જગમાં ભવ અનંતા મેં કર્યા,
તિમ અન્ય ભવ આનંદ માટે અગ્નિકાય વિરાધિયા,
કરી ખામણા પ્રભુ આજ મેં જીનવચનને આરાધિયા.

[૭૨૦]

એકેંદ્રીમાંહે જે જણાવે જીવ જીનજી વાયુના,
વંટોળ સમ તીર્છા અને વૈક્રિય જીવ જે વાયુના,
નિજ સ્વાર્થ કે પ્રમાદથી જે જીવ હણ્યા વાયુના,
પ્રભુ માફ કરજે માફી માગું દુઃખ દીધા ભવ વાયુના.

[૭૨૧]

જીવ વનસ્પતિના પચન પાચન છેદન ભેદન ભેદથી,
નિઃશંકને નિષ્ઠૂર પણે મન વચન કાયા ભેદથી,
આનંદથી એમ પાપ બાંધ્યાં જે વિરાધી વનસ્પતિ,
તે માફ કરવા વિનતી કરતો નાથ સુણો જગત્પતિ.

[૭૨૨]

આ ભવ પરભવ ને ભવોભવ વિષે, નિગોદથી માંડીને,
જે મેં કીધી વિરાધના કહું તને, સંકોચને છાંડીને,
મહાનિર્યામક તારિયાજીવ ઘણા, કરૂણા હૃદિ આણીને,
ખમતો હું સહુ જીવ આ જગતના, હૈયે ધરી વાણીને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અતિચાર આલોચનાત્મક સ્તુતિઓ

[૭૨૩]

કાલાદિક નવિ સાચવ્યાં, ભણતા કીધો અંતરાય જે,
આશાતના ખમતા સવિ, શાશ્વત સુખ વરાય જે,
નોકારવાલી પાટી પોથી વિનય ને બહુમાન જે,
તસ ખમું વિરાધન હુઈ જિમ પામું મુક્તિ સ્થાન જે.

[૭૨૪]

જીન વચનમાં શંકા અને પરમત કીધો અભિલાષ મેં,
અવર્ણવાદ કર્યો ઘણો ભક્તિ પ્રભાવના નાશ મેં,
સાહમી થિરતા નવિ કરી દર્શન વિરાધ્યું જેહ રે,
આભવવળી ભવોભવ કહું મિચ્છામિ દુક્કડમ્ તેહ રે.

[૭૨૫]

પાંચે સમિતિ ત્રણ ગુપ્તિ આઠ પ્રવચન માય રે,
સાધુ તણે ધર્મે પ્રમાદે અશુદ્ધ મન વચ કાય રે,
સામાયિક પૌષધ વિષે શ્રાવક તણે ધર્મે કરી
આચરણા વિપરીત સવિ કરો માફ વિનંતિ દિલ ધરી.

[૭૨૬]

છતી શક્તિએ નવ આદર્યો તપ બાહ્ય અભ્યંતર તથા,
અંતરાય કીધો તપ કરતાં, મન વચન કાયે યથા,
પરમ પદ દેનાર તપની સદ્દહણા કીધી નહી,
સવિ માફ કર કિરતાર જિમ જાઉં હું શિવપુરી મહી.

[૭૨૭]

આવશ્યકાદિ ક્રિયા અને ગુરૂ દેવના વંદન વિષે,
છતું વીર્ય બલ મેં ગોપવ્યું શીલદાન તપ ધર્મ વિષે,
સંચિત કર્યાં વીર્યાંતરાય કર્મ મેં ભવોભવ વિષે,
ખમો આભવકે પરભવોના, રહું આરાધન વિષે.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

[૭૨૮]

હણું નહી ન હણાવું ને હણુતા અનુમોદન નહી,
જીવ ઘાત મનથી વચનથી કે કાયથી કરવો નહી,
પચ્ચક્ખાણ લઈ ભગવાન્ ગુરૂ તિમ સંઘ કેરી સાખરે,
જો માફ નહી કર વ્રત વિરાધ્યું જીવન મારૂં રાખરે.

[૭૨૯]

બીજું મહાવ્રત જે લહ્યું કે જુઠ નવિ બોલું કદિ,
ન બોલાવતો કે બોલતાને ભલો નવ જાણું કદિ,
હાસ્ય રતિભય શોકને વલી ક્રોધ લોભે ચિહુ ગતિ,
જે જુઠ બોલ્યો માફ કરજો જિમ હોવે મુજ સદ્ગતિ.

[૭૩૦]

ગામે નગર કે જંગલે થોડું બહુ મેં જે લહ્યું,
ત્રિકરણ શુદ્ધે વ્રત ત્રીજું તે, ભંગ અદત્તનું કહ્યું,
જીન સ્વામિ ગુરૂને જીવ ભેદે જે અદત્ત સંયોગ રે,
ભવવાટ કીધા તે ખમાવુ જિમ હોયે શુભ યોગ રે.

[૭૩૧]

દેવ મનુજતિર્યંચના મૈથુન તણા પરિણામ રે,
મન વચન કાયે જે હુઆ તે વિરાધક ગુણધામ રે,
અશુદ્ધ પરિણામે કરી જ્યારે ગયું ત્યાં ચિત્ત રે,
ફરી ફરી ખમાવું તે સવિ હે જગત ઈશ જગમિત્તરે.

[૭૩૨]

નવવિધ કહ્યા જે બાહ્ય પરિગ્રહ ભાન ભૂલી વિસારતો
વલી ચૌદ અભ્યંતર પરિગ્રહ મન નહી અવધારતો
પરિગ્રહ તણી મૂર્છા ખમાવું કરે કરમ ચકચૂર રે
તુજ આણમાં મસ્તાન રહું તો જ્ઞાનાનંદ ભરપૂર રે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૭૩૩]

તિક્ત કટુ કે આમ્લ આદિ રસ મહી લાલચ ભર્યા
આહાર કરતા રયણી ભોજન ભાવ દોષ સદા કર્યા
અશુભ રસ કરી નિંદના રહી કુમતિ મતિ કાચરે.
સવિ તે ખમાવું આજ હું ભાખું વયણ મુખ સાચ રે

[૭૩૪]

ભવસાગરે ભમતા મલ્યા તારક ભાવ નિર્ગ્રન્થ રે.
જેણે બતાવ્યો વિરતી ધર્મ સાધવા શિવપંથ રે,
બાર વ્રત લઈ ભાંગતા અતિચાર લાગ્યા આપ રે,
વીતરાગ તુજ પાસે ખમાવુ ટળે મોહ સંતાપ રે,

## શુભ ભાવના રૂપ સ્તુતિઓ

[૭૩૫]

વિકાર ભંજન બાલ બ્રહ્મચારી પ્રભુ નેમિ સ્મરુ,
અંબા મયાલીને સ્મરી શુભ યાચના સ્તુતિ કરુ,
ગુણવંતના ગુણ ગાવતાં પરિણામમાં શિવપદ વરુ,
તુજ પાદ પદ્મ પસાસથી હું એહ ધ્યાન સદા ધરુ,

[૭૩૬]

સ્થિરતાપણે જે જે કરે વૈયાવચ્ચ નિજ ચિત્તમાં,
ત્રણ જગતમાંહે તે સમું અણમોલ નહિ કો વિત્તમાં,
કેવલ લહ્યું વૈયાવચ્ચે જિમ સાધવી પુષ્પ ચૂલા,
પરિણામ એવા આપજો મુજ સરીખા ભવમાં ભૂલા

[૭૩૭]

સામાન્ય લાગે લોક માંહે નિયમ લેતો વંકચૂલ,
પરિણામની જે અડગતા સંસાર કાપે તેહ મૂલ
મરણાંત કષ્ટ પામતા પણ નિયમમાં મશગુલ રહે.
માંગુ પ્રભુ એવી અડગતા કર્મ રાશિ સવિ દહે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૭૩૮]

ગણધર માંહે પટોધરુ જે ગણિ ગૌતમ સ્વામ રે,
ચઉ જ્ઞાન પણ જે વિનય કેરા એક ઊત્તમ ધામ રે
પ્રભુ મુખ કમલમાં આવતુ એક ઈન્દ્રભૂતિ નામ રે,
જીન વિનય માંગુ એવો જીનજી જેમ સીઝે કામ રે.

[૭૩૯]

અતિ રિદ્ધિ સ્વામી જે હુવો ગુણવંત શાલીભદ્ર રે.
પેટી નવાણુ નિત દીએ તસ પિતા દેવ ગોભદ્ર રે.
એક જ નિમિતે છોડી રિદ્ધિ સંયમી અણગાર રે.
પ્રભુ નિત્ય માંગુ એવી રિદ્ધિ છોડતા નવ વાર રે.

[૭૪૦]

પ્રભુ વીરની જે પ્રથમ સાહુણી બાલા ચંદન ગુણવતી
શિષ્યા બને ભાણેજની સંસાર છાંડી મૃગાવતી
ઊત્તમ કરતા ખામણા ગુરૂ ચેલી કેવલ પામતી
તુજ કૃપા માંગુ થાય એવી ખામણાની મુજ મતિ

[૭૪૧]

સમવસરણમાં નેમિ જિનને પુછતો ગજસુકુમાલ
ઉપાય તું બતાવ જિમ ભાંગે સવિ કરમની જાલ
ધ્યાન બાહ્યા નલ દહે તિહાં કર્મ કાચા એ સમે.
જીનરાજ માંગુ એહવું બલ કાઉસગ્ગે મુજ મન રમે

[૭૪૨]

એક દિન ચારિત્રધારી શિષ્ય જેહ રૂદ્રાચાર્યનો
તાજા કરેલા લોચ મસ્તક ઘાવ રૂદ્રાચાર્યનો
સમભાવે સહેતો ગુરૂ વિનયે લહે કેવલ શિષ તે,
ગુરૂ વિનયને સમભાવ આપો માંગુ નમી નિશદિશતે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૭૪૩]

નેમિનાથને વંદન કરી, ઢંઢણ મુનિ અભિગ્રહ ધરે,
નિજલબ્ધિથી આહાર લેવો જો મીલે કોઈક ઘરે,
ષટ્માસ ફરતો લહે કેવલ, પાલતો અભિગ્રહ કડો,
એવા અભિગ્રહ ધારવા શીર નામી તુજ સામે ખડો.

[૭૪૪]

માસખમણને પારણે ઋષિ સોનીએ સંતાપિયો,
પૂરવ ઋષિ મનમાં સ્મરી ઘાતી અઘાતી કાપિયો,
એક કોંચ જીવ કરૂણાથકી નિસ્તાર આતમનો કીયો,
એવી કરૂણા જીનપતિ સેવક ગણી મુજને દીયો.

[૭૪૫]

પંચશત શિષ હિત સાધવા, ઉપસર્ગ જે સહતો કઠોર,
ઉપકાર કરવા પરતણો, નિજ જાત દુઃખ દેતો જે ઘોર,
નિર્યામણા સુંદર કરાવી, મોકલે સિદ્ધિ ગતિ,
ક્યારે કરીશ ઉપકાર ને નિર્યામણા હું જગપતિ.

[૭૪૬]

ચરર ચરર ચામડી ઉતરે સૂરિ ખંધક તણી,
નિજ કર્મ કાટવા મિત્ર મલીયો એવી મતિ ગંધક તણી,
શુકલ ધ્યાનમાં મગન થઈને સાધતા ગતિ પંચમી,
સહનશીલતા એવી આપો જિમ લહુ ગતિ પંચમી.

[૭૪૭]

જિનરાજને ઉપસર્ગ થાતા કરતી ભક્તિ ભાવથી,
પડિલાભી જીનપદ બાંધતી, સુપાત્ર દાન પ્રભાવથી,
ક્યારે પ્રભુ પામીશ ભક્તિ રેવતીની સારિખી,
વંદન કરું વિદેહે ભક્તિ કરતા રેવતી સારિખી.

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

[૭૪૮]

ધન ધન જનમ સુલસા તણો જિન મુખ સુણે આશીષને,
જે ચાર અક્ષર ધર્મલાભ પામે નમું શીસને,
શ્રદ્ધાહૃદય સુલસાતણું કયારે પ્રભો પામીશ કહો,
કરજોડીને હું વિનવું વિનતી અમારી ઉર લહો,

[૭૪૯]

નિશદિન શ્રુતને પામવા જે ચાર અક્ષર ધારતા,
મા રુષ મા તુષ શબ્દ ભૂલીને માસતુસ વિચારતા,
કેવલ લહે ષટ્ અક્ષરોના ભાવ મનમાં ધારીને,
આપો પ્રભુએ ભાવ અમને, વિનતી મારી વિચારીને.

[૭૫૦]

પ્રભુ ભક્તિ કરતા સ્થાન પામે શાસ્ત્ર પાને મુનિવરો,
વીર કાજે ગૌચરી લાવતો નિશદિન લોહજ્જો મુનિવરો,
કયારે પ્રભુ અવસર મલે જિન કાજ ગૌચરી લાવવા,
શ્રાવકપણે વહોરાવશું મુક્તિ પુરીમાં મહાલવા.

[૭૫૧]

કર્મોતણા કોઈ ઉદયથી જસ ક્ષુધા નિશદિન વાધતી,
તપ નવિ કરે પણ પરિણુતી તસ નિત્ય સમતા સાધતી,
અક્ષત લીયે ઘડો ભરી તેથી નામ પામે કુરગડુ,
કેવલ લહ્યું ભોજન કરંતા તે ભાવ ધરવા ચિત્ત ખડુ.

[૭૫૨]

ઉમશમ વિવેક ને સંવર એ પદમહીં ચિત્ત બાંધતો,
ઉપસર્ગ ઘોર હઠાવતો મન મોક્ષ માર્ગે સાંધતો,
ચિલાતી પુત્ર સમ લહીશ હું ચિત્તની સ્થિરતા કદિ,
તે શકય બનતું તે સમે, તારી કૃપા મલતી યદિ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૭૫૩]

કમ્મે શૂરા ધમ્મે શૂરા એ ઉક્તિને બતલાવતો,
પરિષહ લહે તબ દ્રઢ પ્રહારી જાતને બતલાવતો,
તારા કર્યાં તું ભોગવે તેમાં કશું જ ખોટું નથી,
કેવલ દીધું તિમ મુજ દીયે તો તાહરે ઓછું નથી.

[૭૫૪]

જીવ સાત હણતો નિત પ્રતે જે યક્ષના આવેશથી,
શ્રેષ્ઠિ સુદર્શન દેખી અર્જુન જ્ઞાન પામ્યો લેશથી,
પ્રભુ વીરના પસાયથી ઉપસર્ગ સહતો ભવ તર્યો,
એવો પસાય લીધા વિના ફોગટ અરે ફેરા ફર્યો.

[૭૫૫]

ત્રણ ખંડ રિદ્ધ મેળવી પણ છોડવા ઇચ્છુક સદા,
નેમિ જિનને પ્રશ્ન પુછે ચારિત્ર મળશે કદા,
નિજ કર્મને વિકરાળ જાણી સંયતિ કરે સંતતિ,
ચારિત્રના બહુમાનથી કયારે કરીશ ભક્તિ યતિ.

[૭૫૬]

સંપત્તિથી રાંક પણ લક્ષ્મીમતિ ભાવો થકી,
જીનદર્શન પામ્યા વિના આહાર નવ લેવો નકી,
જિનભક્તિથી જિન નામને તિહાં બાંધતા નૃપ દેવપાલ,
કયારે કરીશ જિન ભક્તિ એવી ભટકતા જગમાં ત્રિકાલ.

[૭૫૭]

ધારે અભિગ્રહ મુનિવરો અનેકવિધ તુજ શાસને,
ને પૂર્ણ કરતા દ્રઢ મનોબલ વચનને અનુશાસને,
અભિગ્રહ ધારી ત્રિકાલમાંહિ જે રહ્યા નમી મુનિવરા,
બડભાગી બનવા એહવો હું યાચતો તુજ જીનવરા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૭૫૮]

દીપ શીખા કેરો અંત હોતા કાઉસગ મુજ પૂર્ણતા,
તે નિયમ પાળી સદ્‌ગતિ લહે શી કરું તસ વર્ણતા,
સૂર્યયશા એ નામની સિદ્ધાંતમાં મલે વર્ણતા,
એવી અડગતા આપ જીનવર જેમ પામું પૂર્ણતા.

[૭૫૯]

એકાદશી એક તિથિ આરાધી મન વચન કાયે કરી,
સૂર દેવ સુવ્રત ત્રણ ભવે જેણે પૂર્ણતા અંગીકરી,
કેશવ કને સુવ્રત પૌષધ નેમિજિન વખાણતા,
પ્રભુ લાવજો એ ભાવ પૌષધ મુક્તિ લાવે તાણતા,

[૭૬૦]

શિવકુંવર લયલીન બની નવકાર ગણતો ધ્યાનથી,
આયુષ્યમાન હે જંબુ ઈમ બોલાવે ગણધર માનથી,
નિજ જાત સાથે માત તાતને આઠ પ્રિયા તારતો,
પ્રભુ જંબુ જેવું બલ આરોપો જેમ ભવભય વારતો.

[૭૬૧]

ગૌચરીમાં મેળવે મુનિ તુંબડુ કડવું ઘણું,
આદેશ થાતા મુનિ જાતા પારિષ્ઠાપન તણું,
જીવઘાત દેખી જીવદયાથી વાપરે ચડતે મને,
ધર્મરૂચિ સમ જીવદયા પરિણામ આપો પ્રભુ મને.

[૭૬૨]

વલ્કલચિરિ બની સંયમી પડિલેહણા પડિલેહતો,
ભાવનાઓ ભાવતો પૂર્વ ભવે મુનિ દેહતો,
ઉપકરણને ખંખેરતા જાતિ સ્મરણ કેવલી થયા,
પડિલેહણ એહવું પ્રભુજી, આપજો મુજ કરી દયા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૭૬૩]

અન્નપાણી લાવવા મુનિ પાંચસોને વિનવે,
સુમંગલા સુત ભરતજી ચક્રી બન્યા તૃતીય ભવે,
વર ભોગ ભોગવતા છતાં કેવલી બન્યા ગૃહસ્થીમાં,
એભાવ ઉત્તમ દ્રઢ બનો મુજ માંસ મજ્જા અસ્થીમાં

[૭૬૪]

સુબાહુ ભવ મુનિ પાંચસોની શરીરની કરે સુશ્રુષા,
આશ્ચર્યકારી ચક્રી હારે એહવું બળ સુશ્રુષા,
નિજ ભ્રાત ઘાત વિચારીને સંયમી બને બાહુબલી,
કેવલી બન્યા એ સુશ્રુષા દ્યો મુંજ કરી દષ્ટિ ભલી.

[૭૬૫]

સંયમ મલે તો રાજય લેવું એહ બુદ્ધિ અભયની,
ઔત્પાતિકી વૈનેયિકી કાર્મિકી બુદ્ધિ અભયની,
ત્રણ ત્યાગી ધરતો પારિણામિકી બુદ્ધિને શિવસુખ કાજ,
પારિણામિકી બુદ્ધિ નમી તુજ માંગતો વીતરાગ આજ.

[૭૬૬]

સમ્યક્ત્વથી શોભિત કરે ત્રિકાલ પ્રભુની પૂજના,
સુવર્ણ અક્ષતથી કરે નિત વીર વિભુની પૂજના,
જીનનામબંધ નિકાચતો શ્રેણિક થશે શ્રી પદ્મનાભ,
એકજ પ્રભુ હું માંગતો જિનરાજ કેરો ભક્તિ લાભ

[૭૬૭]

કલિકાલમાં તો એક તારક જિન તારું શ્રુત નાણ,
કલિકાલ સર્વજ્ઞ પ્રભુની સાંભળીને એવી વાણ,
રત્નો મઢી ઉપાશ્રયે પુસ્તક લખાવે પ્રેમથી,,
કુમાર પાલની શ્રુત ભક્તિ આપો પ્રભુજી પ્રેમથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૭૬૮]

નેમિ પ્રભુ દર્શન વિના આહાર ચારે છોડતા,
શુભ ભાવ ભરીયા વહાણુ દરિયા પવન ભારે તોડતા,
મતિ સુમતિ બેઉ બાંધવા આઠે કરમ ને તોડીને,
સિદ્ધિ વર્યા તે ભાવના પ્રભુ માંગતો કર જોડીને.

[૭૬૯]

ગૌતમ ગુરૂ દેખી બોલાવે વહોરણુ કાજે આવે રે,
પડિલાભી વીર પાસે દીક્ષા લે અઈમુત્તો ભાવે રે,
પાતરૂ નાવ વિરાધન યાદે ઇરિયાવહી પડિકમતો રે,
નવમે વરસે કેવલ પામ્યો કરો કેવલ મુજ અત્તો રે.

[૭૭૦]

અદ્ભૂત દેશના શક્તિ ભરીયો નંદિષેણુ નગીનો રે,
દશ પ્રતિબોધે નંદિષેણુ નિત નિજ તો ભોગમાં લીનો રે,
એક ચીનગારી શિવપદ પાવે સંયમમાં રસ ભીનો રે,
દેશના શક્તિ આપો પ્રીતે જીમ જળમાંહી મીનો રે.

[૭૭૧]

દુક્કર દુક્કરકારક ગુરૂજી કહેતા ત્રણુને બહુ ખુંચે,
સિંહ ગુફાવાસી અનુભવથી કહેતો સ્થુલિભદ્ર ઊંચે,
નિજ અનુરાગી કોશા તારી કલિયુગમાં એ મુનિ પવરો,
બ્રહ્મવ્રત એવું આપો મુજને કેવલ લહું તજી ભવ અમરો.

[૭૭૨]

શીલ પાળી કૃષ્ણુ શુકલ પક્ષે શેઠ વિજયને વળી,
એકત્ર સજ્જા શયન કરતા, પત્નિ તસ વિજયા મળી,
ચોરાશી સહસ સાધુ પારણું, દંપતિ તોલે સુઝે,
શીલ પાળું શીલવંત ભક્તિ માંગુ, જો રીઝે પ્રભુજી સુઝે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૭૭૩]

જીનદાસને સોહાગ દેવી આંતરે બ્રહ્મવ્રત લીધા,
એક કોડ શ્રાવક ભક્તિને એ યુગલ ભક્તિ સમ કીધા,
શ્રાવક પણામાં શીલવ્રત એ તો કસોટી આકરી,
તે પાર કરતો જીવ લઈ દેવાધિદેવની ચાકરી.

[૭૭૪]

પરદારા પરિહારમાં સુદર્શન નવ જોડી રે,
નિજ પતિ માથે આળ જાણી મનોરમા દોડી રે,
હે નાથ તુજ કૃપા લહી જે શીલ પાળે દંપતિ,
કરી કર્મ મલ ચકચૂર તે સહેજે લહે શિવ સંપત્તિ.

[૭૭૫]

દશાર્ણ ભદ્ર જાણી વીરનું આગમન કરે ઘોષણા,
કરી સાજ પૂરા ચાલો વંદન એહવી ઉદ્ઘોષણા,
સામૈયું કરતો માન ધરતો ઈંદ્ર દેખી બુઝતો,
કેવલ લહ્યું તિમ પામવા પ્રભુ આપ પાસે ઝુઝતો.

[૭૭૬]

તજી સંપતિ સંયમી ઋષિ પ્રસન કાઉસગ ઉભા,
દુર્મુખ દુત વચન સુણતા, યુદ્ધ માનસમાં ઉભા,
પળવારમાં ચિત્ત સ્થિર કરી, સંસારને કરતા દૂરે,
કેવલ લહ્યું તિમ પામવા પ્રભુ પાસ મારૂં મન ઝૂરે.

[૭૭૭]

જિન પડિમા દર્શન થકી દર્શન લહી આર્દ્ર કુમાર,
તજી રાજને સજી સાજ સંયમ તોડી પડતા આ સંસાર,
જાગૃત બન્યાને નવ ફસાતા, મોહ કેરા વમળમાં,
હિત સાધ્યું તિમ હું સાધુ વિનતિ નાથ તુજ પદ કમળમાં,

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૭૭૮]

જીનવાણી સજીવન રાખવા કોઈ ઉપાયો ના સુઝે
દેવર્દ્ધિગણિ વલ્લભીપુરે મુનિ પાંચસો લઈને ઝુઝે,
મુખપાઠનું શ્રુત પત્ર માંહે જે કરાવ્યું તે નમી,
શ્રુતમાં રમું એવું દીયો જીનરાજ તારે શી કમી ?

[૭૭૯]

સાધુ દ્વેષથી સળગતો નૃપતિ નમુચી વેરથી,
સાધુ હણવા બહાનુ શોધી હુકમ કરતો ઝેરથી,
નમૂચિ હણી વિષ્ણુ મુનિ સંઘ આપત્તિને ટાળતા,
મળજો મને બળ એહવું પ્રભુ આણ તારી પાળતા.

[૭૮૦]

નિજ કુલ છાંડી નટ થયો ઈલાચી નટડી કારણે,
પૂરવ ભવના સ્નેહ વશ થઈ નાચતો નૃપ બારણે,
નૃપ મોહને વૈરાગ સાધુ, દેખી વૈરાગે ઝુલે
કેવલ લહ્યું તેહિજ દો, બીજી માંગણી કરતો ભૂલે.

[૭૮૧]

મુનિ દેહને વાઘણ વલોરે, વૈર કેરી આગમાં,
ઉપકારી આતમની સમજતા, મુનિ રમે વૈરાગમાં,
સવિ કર્મ તોડી ધ્યાન જોડી, ખેલે સંયમ બાગમાં,
સિદ્ધ થાતા તેમ બનવા, મન વસો વીતરાગમાં.

[૭૮૨]

ઋષભ દેવની વાણી સુણતા, સુંદરી શુભ ભાવમાં
ચારિત્ર લેતા રોકતા, ભરત ભોગ સ્વભાવમાં,
આયંબિલ કરતી દેખ દીક્ષા આપે ત્યાગ પ્રભાવમાં,
સુંદરી તરી તિમ નવિ તરૂં તુજ કૃપા અભાવમાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૭૮૩]

જબ રૂપ મોહે ઘાત કરતો નૃપતિ નિજ ભરથારનો,
નિર્યામણા સુંદર કરાવે પામવા ભવપારનો,
યુગબાહુ તારી નારી સારી મદન રેખા મહાસતી,
એ શીલ દૈર્ય આપજો તે માંગતો ત્રિભુવનપતિ.

[૭૮૪]

સમકિત લહી નવ ભવ લગે નેમિવિના સબ છોડતી,
રાજીમતિ સતી નેમ પહેલા, મુક્તિ પુરીમાં દોડતી,
શીલવંત નારી પ્રશંસતા, સંસાર બંધન તોડતી,
યાચુ કૃપા એવી પ્રભુ તુજમાં મતિ મુજ જોડતી.

## શ્રી નેમિનાથ ભગવંતની સ્તુતિઓ

[૭૮૫]

નેમિ જીનેસર સુણ મુજ વાણી મારી મતિ છે કાણી,
નેક નજરથી નાથ નિહાલો, થઈ જાયે તે શાણી,
શાણી મતિથી કરૂં સાધના, મુક્તિ લાવે તાણી,
તુજ માંહેલો એક અંશજ આપો, તું છે ગુણનો ખાણી.

[૭૮૬]

નેમ પ્રભુ હું પુછું પ્રેમે, કર્મો મારા કેટલા ?
જન્મ મરણના ફેરા કરવા હજુ એ મારે કેટલા ?
મોક્ષ પુરીમાં જાવા આડે આગળાઓ કેટલા ?
એક સમતા તુજ મીલે તો ભાર એના કેટલા ?

[૭૮૭]

પહાડોમાંથી નીકળે ત્યાર લાગે નાનું ઝરણું,
નેમિ પ્રભુનું મારે લેવું એવું સાચું શરણું
ઝરણું જ્યારે આગે જાતુ નદી બનંતી મોટી,
નેમિ પ્રભુનું શરણું એવું કાપે કર્મો કોટિ.

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

[૭૮૮]

શૌરિપુરીમાં ચ્યવન જન્મ લઈ, દીક્ષા લીધી સહેસાવને,
ચોપન દિનમાં ઘાતી ખપાવી, કેવલ પામ્યા સહેસાવને,
સકલ કરમને અંત કરીને, શિવ પામ્યા પ્રભુ ગિરનારે,
નેમિ પ્રભુનું શરણું લેતા, ગિરનારે તેને તારે

[૭૮૯]

સમવસરણમાં આપ બિરાજી, દીધી દેશના શુદ્ધ યદા,
ભવ્ય જીવો જે સાંભળી હરખે, હું ભટકતો કયાં તદા,
નેમિ પ્રભુ તુજ બિંબ નિહાળી, ભાવું ભાવના એહ સદા,
સમવસરણમાં બેસી સુણીશ હું જીનવાણી આકંઠ કદા.

[૭૯૦]

અધ્યાત્મ ગુણમાં જે રમે, તેને જ સાચું બ્રહ્મ છે,
વલી વિષય સંગથી જે પરે, તેને પ્રભુ પણ બ્રહ્મ છે,
નિર્મલ એવા બ્રહ્મથી, દ્વિવિધ જેના પક્ષ છે,
તે નેમ જિનના ચરણે વંદુ, એહ મારૂં લક્ષ છે.

[૭૯૧]

કૃષ્ણાદિક દશ જીવ થાશે, તીર્થપતિ તારા નિમિત,
એક કોડિ દેવો ભક્તિભાવે, નમન કરશે તસ વિનિત,
અવતાર દશમાંથી કોઇ, એક તીર્થપતિ કને આપજો,
ગિરનાર ગિરિ પર જયાં તર્યા ત્યાં નેમ મુક્તિ આપજો.

[૭૯૨]

ગિરનાર જે પાવન બન્યો છે, આજ નેમિ નામથી,
ચોવીશ જિનવર મુક્તિ થાશે, જે ગિરિવર ઠામથી,
એ ગિરિવર સંભારતા અમે નેમ નમતાં નિર્મળા,
નેમિ જિણંદ કૃપા કરો જેમ કર્મો થાયે વેગળા.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૭૯૩]

બ્રહ્મચારીમાં શિરદાર જીનવર નેમ મૂર્તિ તારનાર,
કળિયુગમાં એ કલ્પવેલી વિષય વાસના વારનાર,
દર્શન લહ્યુ જે તાહરૂં તે, પુણ્ય કેરા પ્રાગભાર,
તારા શરણુ વિણુ આ જગે બીજો નહિ ઉગારનાર,

[૭૯૪]

નેમિ પ્રભુ હું અવર ન યાચું, તારૂં દર્શન નિત મળજો,
કુદેવની સવિ વાસના સંગત, મિથ્યામતિ મારી બળજો,
શાસન તારૂં પામી પ્રભુજી, ભવભ્રમણુ મારૂં ટળજો,
અરિહંત દેવ સુસાધુ ગુરૂ, વીતરાગ કથિત ધરમ મળજો.

[૭૯૫]

સમુદ્રવિજય શિવાદેવી નંદન, શ્યામ વરણુ પડિમા દીઠી,
નહી જપમાલા નહી હથિયારો, સ્ત્રી વિના લાગે મીઠી,
નયણુા પાવન કરતી પ્રતિમા, જે ભવિયણુ ભાવે ભજતાં,
એક ભવિક થાવા ગતિ કરતા, દૂર ભવિયણુ દૂરે તજતા,

[૭૯૬]

ષડરસ ભોજન મેં કર્યા, તોય ના હટે જે દીનતા,
ગુણુગ્રામ કરતા તાહરા, આશ્ચર્ય રસના લીનતા,
વાજીંત્ર નાદ સુણ્યા ઘણા, તોયે ચિત્ત શાંતિ નવ જરી,
નેમિ પ્રભુ તુજવાણી સુણુતા, કર્ણયુગ શાંતિ ખરી.

[૭૯૭]

એકાદશી એક દિન દેખાડી કૃષ્ણુ બાંધવ કારણે,
ને નિમિત્ત બનતું ભવ્ય જનની દૂરગતિના વારણે,
નેમિ પ્રભુ દિન રાત ધ્યાવું, કર્મ કુટિલ વિદારણે,
ભટકી રહ્યો ગતિ ચારમાં, બોલો પ્રભુ કયા કારણે.

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

[૭૯૮]

પ્રાગભાર ઈષત પૃથ્વી પ્રહોંચે, કર્મ છોડિ ભવ્ય છે,
વ્યવહાર રાશિ પામવી બાકી રહી દૂર ભવ્ય છે,
વિણ મુક્તિ માને ભક્તિ કરતા જીવ તે અભવ્ય છે,
નેમિ પ્રભુ કૃપા મિલે તે જીવ આસન્ન ભવ્ય છે.

[૭૯૯]

ઠારક ક્રોધાનલ તણા હે નેમિનાથ જગત્પતિ,
કારક મુક્તિપુર તણા હે નેમિનાથ યતિપતિ,
નારક નર તિરિ દેવ ભવ મુકાવતા રાજુલ પતિ,
ધારક ગુણ સમુદાયના ગુણ આપજો મુજ યદુપતિ.

[૮૦૦]

ધન શૌરીપુરના માનવી, તુજ જન્મ કલ્યાણક જુવે,
ધન દ્વારિકાના માનવી, દીક્ષા કલ્યાણક ઉજવે,
ધન ધરા ગિરિ ગિરનારની, કલ્યાણક ત્રણ સંપજે,
ગુણ ગાન બાવીશ જિન ગાતા, પુણ્ય અંકુર નીપજે.

[૮૦૧]

સાંબ પ્રદ્યુમ્ન વલી વસુદેવની જે નારીઓ,
ગજસુકુમાલ ગુણે ભર્યો, આંતર વેરિ વારીઓ,
યદુકુલને સોહાવતા નર નારીઓ તેં તારીઓ,
તુજ કૃપા ભૂખ્યો તડપતો પ્રભુ કેમ મુજ વિસારીઓ.

[૮૦૨]

વિધિ જો ચૂકે તો શ્યામ હોવે, સરલ એ જગ ઉક્તિને,
તેં નાશ કીધી શ્યામ દેહે, પામી કેવલ મુક્તિને,
એ શામળા બાવીશમા, નેમિ જિનેસર છોડીને,
છે કોણ બીજો તારનારો, જાઉં હું ત્યાં દોડીને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૮૦૩]

કોઈ પૂર્વભવના પાપથી, જેની મતિ મૈથુનમાં,
તે પાપમતિ ભૂલવા રહે, બ્રહ્મચારી પ્રભુ તુજ ધૂનમાં,
વિકાર સૌ સળગી જતા, તે ધુનથી તસ ખૂનમાં,
નેમિ જિનેસર ધ્યાનથી, જીવ રમણ કરતો પુનમાં,

[૮૦૪]

ચોથે ભવે કેવલ લહે; ગિરનાર ગિરિવર ધ્યાનથી,
મંદિર નેમિ જિણંદનું, સોહાવે ગિરિવર શાનથી,
તીર્થપતિને તીર્થ સાથે, પ્રણમતો બહુમાનથી,
તરવો બધો સંસાર સાગર, નેમિનાથ સુકાનથી.

[૮૦૫]

વીચરતા જિન વેગળા, નથી પુન્ય કીધું પરભવે,
બંધન ઘણા મુંઝાવનારા, નથી સમરતો આ ભવે,
હું કેમ તુજ પામી શકીસ, તેથીજ આ પછીના ભવે,
સમાધિ મૃત્યુ યાચતો, નેમિ જિનેસર ભવેભવે.

[૮૦૬]

તુજ નામ લેતા વાંચતા ને સુણતા મન ઉલ્લસે,
જયાં મૂર્તિ દેખું તાહરી ત્યાં અધિક આનંદ ઉલ્લસે,
હું બેસતા ઉઠતા સૂતા, નેમિ સ્મરણ કરું તાહરું,
આ જીવન તુજ ચરણે ધર્યું, કલ્યાણ કરજો માહરું.

## સિદ્ધચક્રની સ્તુતિઓ

[૮૦૭]

ચોત્રીશ અતિશય ધારી જીનવર, પાંત્રીશ વાણી ગુણ રે,
અષ્ટ પ્રાતિહાર્યની શોભા, વર્ણવવા જગ કુણ રે,
સિદ્ધ ચક્રની મધ્ય બિરાજે, અરિહંત તારણહાર રે,
એહવા શ્રી સિદ્ધચક્રજી ને વંદુ વાર હજાર રે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૮૦૮]

અનંત દર્શન જ્ઞાન ચરણુને, ચોથું વીર્ય અનંત રે,
અગુરૂલઘુ સુખમયની સાથે અવ્યાબાધ મહંત રે,
બીજે પદે સિદ્ધ ને ધ્યાવો, રંગ રાતો સુખકાર રે,
એહવા શ્રી સિદ્ધચક્રજી ને વંદુ વાર હજાર રે.

[૮૦૯]

સૂર્ય સમા તીર્થંકર જાતા, ચંદા સમ જે સોહે રે,
શુદ્ધ પ્રરૂપકતા ગુણ કારણ, જગના જીવો મોહે રે,
ત્રીજે પદે આચારજજી, ગુણ છત્રીશ ઉદાર રે,
એહવા શ્રી સિદ્ધચક્રજી ને, વંદુ વાર હજાર રે.

[૮૧૦]

ભણે ભણાવે સિદ્ધાંતને, ઉપાધ્યાય ગુણવાન રે,
બ વના ચંદન રસ સમ વયણે, જીનવાણી દીયે દાન રે,
સૂત્ર દાન થકી જીનશાસન, આગમ રાખણહાર રે,
એહવા શ્રી સિદ્ધચક્રજી ને વંદુ વાર હજાર રે.

[૮૧૧]

નવવિધ બ્રહ્મ ગુપ્તિ પાલી આરાધન કરે જેહ રે,
સૂરિ વાચક ગણિની સેવા, અપ્રમત્ત કરે તેહ રે,
મોક્ષ માર્ગને સાધે સધાવે, તેહી જ રાડ વિહાર રે,
એહવા શ્રી સિદ્ધચક્રજી ને વંદુ વાર હજાર રે.

[૮૧૨]

દર્શન પદ છઠ્ઠા વિણ દેખો, જીવ કને જે લાખ રે,
જ્ઞાન ચારિત્ર મૂડી દેખાયે, ક્ષણમાં હોવે ખાખ રે,
એક વાર જીવ પ્રાપ્ત કરે તેનો થાયે બેડો પાર રે,
એહવા શ્રી સિદ્ધચક્રજી ને, વંદુ વાર હજાર રે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૮૧૩]

ભક્ષ્યાભક્ષ્ય કૃત્યાકૃત્ય ને ઉચીતાનુચીત વિવેક રે,
જાણપણું જે જીવમાં લાવે, સમ્યગ્ જ્ઞાન જ એક રે,
સપ્તમ પદ એકાવન ભેદે, ગ્રંથ તણે મોઝાર રે,
એહવા શ્રી સિદ્ધચક્રજીને, વંદુ વાર હજાર રે.

[૮૧૪]

અષ્ટમ પદ જ ચરણ કહ્યું તે, સાગર માંહે નાવ રે,
નિજ ગુણ સ્થિરતા તિમતિમ આવે, જિમ જિમ હૈયે ભાવ રે,
ક્ષાયિક ચારિત્ર એક જ ભવમાં, પહોંચાડે ભવપાર રે,
એહવા શ્રી સિદ્ધચક્રજી ને, વંદુ વાર હજાર રે.

[૮૧૫]

બાહ્ય અભ્યંતર ભેદે તપપદ, શલ્ય રહિત જે થાય રે,
રૂપ લીલા સુખ સાહ્યબી પામે, તીર્થંકર પદ થાય રે,
ઘાતી અઘાતી દૂર કરાવી મુક્ત બનાવણહાર રે,
એહુવા શ્રી સિદ્ધચકજી ને વંદુ વાર હજાર રે.

[૮૧૬]

અરિહંત સિદ્ધ આચાર જ વાચક પંચમ સાધુ પ્રકાશ રે,
દરિશણ નાણ ચરણ તપ નવ પદ પૂરતાં ભવિની આશ રે,
નવ પદ આરાધન થી થાયે જગમાં જય જયકાર રે,
એહવા શ્રી સિદ્ધચક્રજી ને વંદુ વાર હજાર રે.

## -: સમાધિમરણના ૧૦ અધિકારની સ્તુતિઓ :-

[૮૧૭]

ગતિ ચારમાં રખડી રહ્યો છું, આજ પામ્યો તુજને,
જોતાં અમીમય આંખ તારી, ભાવ ઉછળે મુજને,
તુજ પાદ પદ્મ પસાય યાચુ, નાથ સમાધિ વરં,
ગિરનાર વિભૂષણ દેવ વહાલા, નેમિનાથ જિનેશ્વરં.

Jain Education International  For Private & Personal Use Only  www.jainelibrary.org

[૮૧૮]

નાણ દંસણ ચરણ કેરા, અતિચારો જે કર્યા,
વિવિધ વ્રત વિરાધીઆ ને પાપ પંક ઉરે ધર્યા,
અતિચાર તે આલોચતો હું, કર કૃપા તું સુખકરં,
ગિરનાર વિભૂષણ દેવ વહાલા, નેમિનાથ જિનેશ્વરં....

[૮૧૯]

સમાધિ મરણને પામવા, બીજે પદે જે વ્રત કહ્યા,
પંચ મહાવ્રત સારભૂતને, બાર વ્રત છે ગુણ ગ્રહ્યા,
અંત સમયે માંગતો પ્રભુ, જીવન મહાવ્રત ધરં,
ગિરનાર વિભૂષણ દેવ વહાલા, નેમિનાથ જિનેશ્વરં....

[૮૨૦]

વિષય કષાય ને વશ બની, વૈરો પરસ્પર જે હુઆ,
ખમતો હું તેહને મુજ ખમો તે, જીવ છે જે જુજુઆ,
જીવ માત્ર ને ખમાવતા હું, પામું પદ જે અક્ષરં,
ગિરનાર વિભૂષણ દેવ વહાલા, નેમિનાથ જીનેશ્વરં...

[૮૨૧]

હિંસાદિ આશ્રવ પાંચને ક્રોધાદિ ચાર કષાય છે,
રાગાદિ નવ ભેળા કરંતા, પાપસ્થાન અઢાર છે,
વોસિરાવતો તે અઢારને હું, લહું પદ શિવંકરં,
ગિરનાર વિભૂષણ દેવ વહાલા, નેમિનાથ જીનેશ્વરં...

[૮૨૨]

મંગલકારી તેમ ઉત્તમ, જગમાંહે જે ભાખીયા,
અરિહંત સિદ્ધ સાધુ ધર્મ, ચાર શરણા દાખીયા,
સ્વીકારતો હું શરણ ચારે, આધિ વ્યાધિ દુઃખહરં,
ગિરનાર વિભૂષણ દેવ વહાલા નેમિનાથ જિનેશ્વરં....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૮૨૩]

મન વચન કાયાથી કર્યા, દુષ્કૃત તણા ડુંગર ખડા,
તિહું કાલમાં ભમતા થકા, મેં પાપના ભર્યા ઘડા,
દુષ્કૃત સવિ હું નિંદતો પ્રભુ, લહું પદ અજરામરં,
ગિરનાર વિભૂષણ દેવ વહાલા, નેમિનાથ જીનેશ્વરં...

[૮૨૪]

ત્રિકરણ યોગે જે કર્યા, ત્રિકાલમાં સુકૃત પ્રભુ,
અરિહંત આદિકના વલી જે, જે ગુણો ભાખ્યા વિભુ,
અનુમોદતો સુકૃત સવિ, સ્વ પરતણા જે ગુણકરં,
ગિરનાર વિભૂષણ દેવ વહાલા, નેમિનાથ જીનેશ્વરં....

[૮૨૫]

શાસન પ્રભાવના સ્વામી વચ્છલ, દેવ ગુરુ ભક્તિ ઘણી,
દાન શીલ તપ ભાવ ધર્મ, સેવના તીર્થો તણી,
ભાવનાઓ સોળ ભાવી, રત્નયત્રી પામુ પરં,
ગિરનાર વિભૂષણ દેવ વહાલા, નેમિનાથ જીનેશ્વરં....

[૮૨૬]

આહારની લાલચ મહીં, જીવ દુઃખ અનંતા પામતો,
પૂરવ ઋષિ સંભારતો, આહાર ત્યાગને કામતો,
તુજ શરણના પ્રભાવથી પ્રભુ, પામું હું અનસન વરં,
ગિરનાર વિભૂષણ દેવ વહાલા, નેમિનાથ જીનેશ્વરં,

[૮૨૭]

શિવકુંવર સુદર્શના તિમ, શ્રીમતી આરાધતા,
ચૌદ પૂર્વી અંત સમયે, એ જ મંત્ર વિચારતા,
સમાધિ મૃત્યુ પામવા નવકાર અંતે હિતકરં,
ગિરનાર વિભૂષણ દેવ વહાલા, નેમિનાથ જીનેશ્વરં....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## અષ્ટાપદની સ્તુતિઓ

[૮૨૮]

ભરત નૃપતિએ બિંબ ભરાવ્યા, સમ નાસાયે સોહે રે,
સૂર વિદ્યાધર જે જઇ વંદે, તેહના મનડા મોહે રે,
ગુરૂ મુખ તેહનો મહિમા સુણતાં વંદન મન લલચાય રે,
તે અષ્ટાપદ નમીયે ભાવે પાતિક દૂર પલાય રે.

[૮૨૯]

પૂરવ દિશિ ઋષભાદિક હોયે. સંભવ દક્ષિણ ચાર રે,
પશ્ચિમ આઠ સુપાસ વખાણું ધર્મ ઉત્તર દશ ધાર રે,
ચોવીશ જિન એ રયણુતણા તિહાં દેખત દિલ હરખાય રે,
તે અષ્ટાપદ નમીયે ભાવે, પાતિક દૂર પલાય રે.

[૮૩૦]

રાવણ રાયા તે અષ્ટાપદ, મંદોદરી સહ આવે રે,
મંદોદરી તિહાં નૃત્ય કરતી, રાવણ તાંત બજાવે રે,
તાંત તૂટી તવ નિજનસ સાંધે, ભક્તિમાં ચિત્ત લાય રે,
તે અષ્ટાપદ નમીએ ભાવે, પાતિક દૂર પલાય રે.

[૮૩૧]

નિજ લબ્ધે જે નર તિહાં જાવે, તેહનો ભવ છેલ્લો રે,
પુણ્યવંતા પુરૂષોમાંહે, જાણિયે તે પેલો રે,
વયરસ્વામિની શંકા ફેડે, ગૌતમ ગણધર રાય રે,
તે અષ્ટાપદ નમીએ ભાવે, પાતિક દૂર પલાય રે.

[૮૩૨]

આદિ જિનેસર મુગતે પહોંચા, સાથે બહુ અણગાર રે,
અષ્ટાપદ એ તીરથ મોટું, જીનશાસન શણગાર રે,
શાસનદેવ સહાય કરે તો, ભેટું તીરથરાય રે,
તે અષ્ટાપદ નમીએ ભાવે પાતિક દૂર પલાય રે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## [૮૩૩] નંદીશ્વર દ્વિપની સ્તુતિ

નંદીસર વર દહેરા દેખી, નયણા પાવન આજ થયા,
દધિમુખ રતિકર અંજન ગિરિએ નજરોમાં સાક્ષત્ થયા,
બાવન દેરી માંહિ બિરાજે જિન પડિમા જે રંગ ભર્યા,
ભરતે બેઠા વંદન કરતાં પુણ્ય તણા કુંભ ઢેર કર્યા.

## [૮૩૪] સહસ્ત્રકુટની સ્તુતિ

શ્રી સિદ્ધાચલ ઉપર સોહે, પાટણમાં મન મોહે રે,
સહસ્ત્રકુટને નામે જિનજી, ભવિયણને પડિબોહે રે,
ધન માતા ધન પિતા ગુરૂજી, જિન પડિમાને ભરાવે રે,
એક હજાર ને ચોવીશ જિનને, વંદન પાર કરાવે રે.

## [૮૩૫] ગિરનારની સ્તુતિ

ત્રણ કલ્યાણક દીક્ષા કેવલ નિર્વાણ જે વિભૂષીત છે,
અનંત ચોવીશીએ અનંત કલ્યાણકે જે ગિરિવર શોભીત છે.
ભાવિ ચોવીશી ચોવીશ જિનવર શિવમંદિર તિહાં જાશે રે,
એ ગિરિવર ગિરનારને વંદુ, જિમ મુજ બંધન નાશે રે.

## [૮૩૬] સમેતશીખરજીની સ્તુતિ

આદિ વીર નેમ વાસુપૂજ્યજી, ચાર તીર્થંકર છોડીજી,
સમેત શીખર પર વીશ જિનેસર, કર્મના બંધન તોડીજી,
સમેત ગિરિવર ફરશન આવે, માનવ હોડા હોડીજી,
ફરી ફરી વંદન કરવા કાજે, મનડું જાયે દોડીજી.

## [૮૩૭] આબુ તીર્થની સ્તુતિ

આદિજિન ને નેમિજિનની મૂર્તિ સુંદર જ્યાં વસે,
અદ્ભૂત કોરણી ઘોરણીને આંખ જોતાં નવિ ખસે,
વીર પાસ શાંતિ ચૌમુખ જિન દેખવા મન ત્યાં ધસે,
આબુ અચલ રળિયામણો જોતાં ભવિ પંકજ હસે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## શ્રી ગૌતમ સ્વામી સન્મુખ બોલવાની સ્તુતિ

[૮૩૮]

પ્રભુ વીરના અગીયારમાંહિ જેહ સૌથી છે વડા,
પ્રશ્નો કરંતા વિવિધ ભાતે સમોસરણે જે ખડા,
વિનયીમાં શિરદાર જે છે માંગુ તે ગૌતમ કને,
કૈવલ્ય દાનની લબ્ધિ ગુરૂ ગૌતમ તણી મળજો મને.

[૮૩૯]

અષ્ટાપદમાંહે બનાવ્યું જેણે જગચિંતામણી,
ચઉનાણે જાણી શંકા ફેડે વયરસ્વામિ જીવતણી,
છઠ્ઠ પારણુ નિત્ય કરંતા ગૌતમ વિનવું તને,
કૈવલ્ય દાનની લબ્ધિ ગુરૂ ગૌતમ તણી મળજો મને.

[૮૪૦]

ભવિક જીવ પ્રતિબોધ પામી ગૌતમ શરણું ધરે,
ઘાતી અઘાતી સર્વ વામી સિદ્ધિ સુખ સહેજે વરે,
એહવા ગુરૂથી વેગળા તે, નિત ભટકતા ભવ વને,
કૈવલ્ય દાનની લબ્ધિ ગુરૂ ગૌતમ તણી મળજો મને.

[૮૪૧]

સંથારા પોરિસી વિધિમાંહે, જેહનું સ્મરણ કહ્યું,
ચારે ગતિમાં ફેરા કરતાં, આજ મેં શરણું લહ્યું,
સંસાર પરિમિત થાય તો શરણું જ સાચું તે બને,
કૈવલ્ય જ્ઞાનની લબ્ધિ ગુરૂ ગૌતમ તણી મળજો મને.

[૮૪૨]

ઈન્દ્રભૂતિ ગૌતમ નિહાળી, આંખડી પાવન થઈ,
જન્મ સફલો માહરો ને દુરગતિ દૂરે ગઈ,
ગૌતમ ગણિના ગુણ ગણવા કોન શૂરા જગજને?
કૈવલ્ય દાનની લબ્ધિ ગુરૂ ગૌતમ તણી મળજો મને.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## સામાન્ય જિન સ્તુતિ

[૮૪૩]

અધ્યાત્મ ગુણ ભરેલી, મૂર્ત્તિ તમારી જોતા,
પીગળે નહી જે મનમાં, જનમ પોતાનો ખોતા,
જાણે નહીં તે જીવો ફરી મૂર્ત્તિ કયારે મળશે,
દુષમ કાલમાં તો એક મૂર્ત્તિ તારી ફળશે.

[૮૪૪]

જીનવાણી એમ ભાખે વિષમ કાલે જે છે,
એક જીન કેરી વાણી બીજી તો મૂર્ત્તિ તે છે,
તે મૂર્ત્તિને જોઇને, આનંદ જે ન પાવે,
તે જીવનું કલ્યાણ, માંગું હું આજ ભાવે.

[૮૪૫]

પ્રભુ આજ ઉછળે હરખ દિલમાં, બિંબને જોઈ રહ્યો,
જોતાં અમીમય આંખ તારી, રૂપમાં મોહી રહ્યો,
જે ખાન પાનને ભોગમાં ફોગટ વરસ વીતિ ગયા,
તે માફ કરજો નાથજી તમે લાવીને દિલમાં દયા.

[૮૪૬]

જીનરાજ આજ સનાથતા થઈ આવ્યો તારે આશરે,
ધન માલ સ્ત્રી પરિવાર લાગે કાચના કટકા ખરે,
આનંદના દેનાર જીનજી, આપના દર્શન કરે,
સંસારના સુખ તુચ્છ ગણતો, નિજાનંદમાં તે ફરે,

[૮૪૭]

ત્રણ જગતમાંહે ચૈત્ય છે જે તાહરા જીનરાજજી,
વાંદ્યા વિના તેહને જીનેશ્વર, કેમ સીઝે કાજજી,
અશાશ્વતા તિમ શાશ્વતા, જે જગતમાંહે પ્રકાશતા,
ત્રિકાલ વંદન તેહને, મુજ મન મયૂર વિકાસતા.

— x — x — x —

Jain Education International          For Private & Personal Use Only          www.jainelibrary.org

[૮૪૮]

તારા ચરણને શરણ રૂપે મૂઢ હું ન ભળી શકયો,
વાર્યો છતાં પણ વિષમ પંથથી નાથ હું ન વળી શકયો,
પામ્યા અમૂલા સાધને। નહિં સદુપયોગ કરી શકયો,
નવ ભક્તિના સ્વાદિષ્ટ જલને દીન હું ન ભરી શકયો.

[૮૪૯]

હે નાથ ગ્રહી અમ હાથ, રહીને સાથ માર્ગ બનાવજો
નવ ભૂલીએ કદી કષ્ટમાં પણ પાઠ એક પઢાવજો
પ્રભુ અસત્ આચરતાં ગણી નિજ બાળ સત્ય સુણાવજો
અન્યાય પાપ અધર્મ ના ગમે, સ્વરૂપ એ સમજાવજો.

[૮૫૦]

આત્મભાવથી હે પ્રભુ! વંચિત રહ્યો કંઈ કામથી,
સદ્બોધના વચને। ધર્યા મેં કાનમાં નહિ પ્રેમથી,
સત્સંગના પંથમા કદી પગલું ભર્યું નહિં ભાવથી,
પામીશ કયારે નાથજી! હું પાર આ ભવસિંધુથી.

[૮૫૧]

યથાસ્થિત વાદી છો દેવા ત્રણભુવનના દીવા,
કેવળજ્ઞાની હે વીતરાગી! કરે દેવતા સેવા,
શરણભાવને સાચા હૈયે સાચા ભાવે સ્વીકારું,
કરું સમર્પણ તનમન સહુનું મંગલ કરજો મારું.

— × — × — × —

[૮૫૨] પ્રાર્થના-૧

મારી છેલ્લી ઘડીએ પ્રભુજી આવજો રે,
વ્હાલા આજથી દઉં છું તમને નોતરૂ રે,
જો જો પ્રભુજી કદિએ ના ભૂલાય મારી૦...૧

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હલાશે ચલાશે નહિ નાથજી રે,
એ ઘડી એ મારો આવી પકડજો હાથ,    મારી૦...૨
વ્હાલા કંઠ રૂંધાશે નાડી તૂટશે રે,
એ ઘડીએ મારા જીવનનો રખેવાળ,    મારી૦....૩
ઝીણા સોયના નાકે શ્વાસ ચાલશે રે,
એ ઘડીએ મારો કેમ કરી જીવ જાય,    મારી૦....૪
માંગુ માંગુ છું પ્રભુજી હવે એટલું રે,
અંત સમયે દરિશનની અભિલાષ,    મારી૦...૫

## [૮૫૩] પ્રાર્થના-૨

પરમ આધાર છો પ્યારા, તમારો સ્નેહ સાચો છે,
ન થાશો નાથજી ન્યારા, તમારા સ્નેહ સાચો છે,....૧
જગત સઘળું થયુ ન્યારૂં, નથી અહિં કોઈપણ મારું,
પ્રભુ તુજ ધ્યાન ઉર ધ્યાવું, તમારો સ્નેહ સાચો છે.....૨
તમે માતા તમે પિતા સખાં, સ્નેહી તમે ભ્રાતા,
વિધાતા છો જીવન દાતા, તમારો સ્નેહ સાચો છે,...૪
તમે આધાર આશાના તમે રહેમ નિરાશાના,
દુઃખો હરતા દુરાશાના, તમારો સ્નેહ સાચો છે....૫

## [૮૫૪] પ્રાર્થના-૩

પ્રભુ જેવો ગણો તેવો, તથાપિ બાલ તારો છું,
તને મારા જેવા લાખો, પરંતુ એક મારે તું. ૧
નથી શક્તિ નીરખવાની, નથી શક્તિ પરખવાની,
નથી તુજ ધ્યાનની લગની, તથાપિ બાલ તારો છું. ૨
નથી જપ તપ મેં કીધા, નથી કંઈ દાન પણ દીધા,
અધમ રસ્તા સદા લીધા, તથાપિ બાલ તારો છું. ૩
અરિહંત દેવ હો પ્યારા, ગુન્હા કર માફ સહુ મારા,
ભૂલ્યો ઉપકાર હું તારો, તથાપિ બાલ તારો છું. ૪

Jain Education International    For Private & Personal Use Only    www.jainelibrary.org

દયાકર દુઃખ સહુ કાપી, અભયને શાંતિ પદ આપી,
પ્રભુ હું છું પુરો પાપી, તથાપિ બાલ તારો છું. ૫
કૃપા કર હું મુંઝાઉ છું, સદા હૈયે રિબાઉં છું,
પ્રભુ તુજ ધ્યાન ચાહું છું, તથાપિ બાલ તારો છું. ૬

## [૮૫૫] પ્રાર્થના-૪

ભલે દુશ્મન બને દુનિયા, તમે ના કોપશો વાલા,
અમીમય આંખ કચારીમાં, અકીણ ના રોપશો વાલા, ૧
તમારી જયાં દયા દૃષ્ટિ, અહાહા! ત્યાં અમી વૃષ્ટિ;
બને સ્નેહી સકલ સૃષ્ટિ, સદા હૃદયે વસો વાલા. ૨
કરો જો આંખને રાતી, થહો સઘળા બને ઘાતી,
થશે વૈરી હશે સાથી, નમેરા ના થશો વાલા. ૩
અમારા દોષ ના જોશો, દયાળુ દુર્ગુણો ધોશો,
અમે તો આપના છોરૂં, સુબુદ્ધિ આપશો વાલા. ૪
વિષયમાં વહાલથી ફરતાં કષાયે પ્રેમથી રમતા,
સમાધિ મરણ હું પામું, કૃપાથી તાહરી વાલાં. ૫
અમે આશા ધરી આવ્યા, ભક્તિને ભાવના લાવ્યા.
તમારા શરણને પામ્યા, કરમને કાપજો વાલા, ૬

## [૮૫૬] પ્રાર્થના-૫

આટલું તો આપજે ભગવન્ મને છેલ્લી ઘડી,
ના રહે પ્રભુ ના રહે માયા તણા બંધન મને છેલ્લી ઘડી. ૧
આ જીંદગી મોંઘી મળી પણ જીવનમાં જાગ્યો નહી,
અંત સમય રહે મને સાચી સમજ છેલ્લી ઘડી. ના. ૨
હાથ-પગ નિર્બલ બને ને શ્વાસ છેલ્લા સંચરે,
ઓ દયાળુ આપજે દરિશન મને છેલ્લી ઘડી. ના. ૩
જ્યારે મરણશય્યા પરે, મીંચાઈ છેલ્લી આંખડી,
તું આપજે ત્યારે પ્રભુમય, મન મને છેલ્લી ઘડી. ના. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

હું જીવનભર સળગી રહ્યો, સંસારના સંતાપમાં,
તું આપજે શાંતિભરી, સમાધિ મને છેલ્લી ઘડી. ના. ૫
અગણિત અધર્મો મેં કર્યા, તન મન વચન જોગે કરી,
હે ક્ષમાસાગર ક્ષમા મને, આપજે છેલ્લી ઘડી. ના. ૬
અંત સમયે આવી મુજને, ના દમે ઘટ દુશ્મનો,
જાગૃતપણે મનમાં રહે, સાચી સમજ છેલ્લી ઘડી, ના. ૭

## [૮૫૭] પ્રાર્થના-૬

આવી ઉભો છું દ્વારે, દર્શન દેશો ક્યારે,
અંતરની અભિલાષા, પ્રભુ પુરી કરશો ક્યારે આવી ૧
સળગી રહ્યો છું, આજે સંસાર કેરા તાપે,
શીતળ તુમારી છાંયા, પ્રભુ મુજને દેશો ક્યારે. આવી ૨
ભક્તિ ન કીધી ભાવે, શક્તિ વૃથા ગુમાવી,
યુક્તિ ન કોઈ ફાવી, પ્રભુ સંકટ હરશો ક્યારે આવી. ૩
દૃષ્ટિ ન દૂર પહોંચે, સૃષ્ટિ આ શૂન્ય ભાસે,
અંધારા ઘેર્યાં ઉરને,પ્રભુ ઉજ્જવળ કરશો ક્યારે.આવી. ૪
ભવોભવ ભમીને હુતો આવ્યો તુમારે શરણે,
સુના સુના જીવનમાં, પ્રભુ મુજને મળશો ક્યારે.આવી ૫

## [૮૫૮] પ્રાર્થના-૭

જય વીતરાગ જગત ગુરૂ જીનવર વર્ધમાન ભગવાનજી,
પુણ્યે હું તુજ શાસન પામ્યો, મોક્ષ સુખ નિદાનજી, ૧
તું મુજ સ્વામી હું તુજ સેવક, પ્રાણી ગણ પ્રતિ પાલજી,
કરૂણા કર કરૂણા કરી લીજે, સેવકની સંભાળજી. ૨
પ્રભુ મુજ હોજો તુજ પ્રભાવે, ભવ નિર્વેદ સહાયજી,
ધૃતિ શ્રદ્ધા આલ્હાદ જીજ્ઞાસા જ્ઞપ્તિ ધર્મ ઉપાયજી. ૩
અભ્યુત્થાન વિનયને ઓજસ, સદ્‌ગુરુ સેવા સારજી,
શુદ્ધ પ્રરુપકતા ગુણ સુંદર, આભવ અચલ ઉદારજી. ૪

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નિયાણું તુજ સમય નિવાર્યું, તો પણ દેવાધિદેવજી,
ભવોભવ મુજ તુજ ચરણની ભક્તિ, હોજો હિતકર હેવજી. ૫
ક્લિષ્ટ કર્મ ક્ષય સરસ સમાધિ બોધિ લાભ શિવ બીજજી,
એટલું તુજ પદ પ્રણમી યાચું નહી, અવર કોઈ ચીજજી. ૬

## પ્રાર્થના–૮ સંયમ ભાવના [૮૫૯]

જીનરાજ તુજ પાયે પડી હું, વિનંતી કરૂં એટલી,
સાધુજીનો વેશ મળે ક્યારે, માગું છું હું એટલું. ૧
કુમકુમ કેરાં છાંટણા અને કંકુ કેરાં સાથીયા,
સફેદ ઓઘો મળે ક્યારે, માગું છું હું એટલું. ૨
કાષ્ઠ કેરાં પાતરાં ને બેઉ કર ગ્રહણ કરી,
ઘેર ઘેર ગૌચરી ફરૂં ક્યારે, માગું છું હું એટલું. ૩
અડવાણે પાયે ચાલીને, ઉગ્ર વિહારે વિચરતા
પ્રવચન પ્રભાવના કરૂં ક્યારે, માગું છું હું એટલું. ૪
સંસારી ખોટાં સગપણને, જુઠાં સમજી મન થકી,
ભવ સાગરથી તરૂં ક્યારે, માંગું છું હું એટલું. ૫
દુઃખ ભરેલો સંસાર તજીને, સંયમ સજી હોંશથી,
શાશ્વત સુખને વરૂં ક્યારે, માગું છું હું એટલું. ૬

## પ્રાર્થના–૯ [૮૬૦]

અરિહંત દેવ સ્વામિ, શરણ તેરે આયે (૨)
દુઃખતી હે આતમ, કરમ કે સતાયે (૨) અરિ...૧
શક્તિ હૈ તુજમેં ઐસી, પ્રભુજી તારને કી (૨)
તારણ તરણ તુમ્હી હો, જીનવાણી બતાયે (૨) અરિ...૨
નિજ કર્મ કાટ કરકે, આપ સિદ્ધ હો ગયે હો (૨)
છોડકર તુમ્હે હમ, કીસકી શરણ જાયે (૨) અરિ...૩



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

મઝધાર મેં પડી હે, પ્રભુજી નાવ મેરી (૨)
ભવ પાર તુમ લગાદો, **આસ લેકે આયે** (૨) અરિ...૪
તારા હૈ તુમને ઉનકો, જીસને ભી પુકારા (૨)
**હમ ભી પુકારતે હૈ (૨), તુઝસે લૌ લગાયે(૨)અરિ...૫**
અરિહંત દેવ સ્વામી શરણુ તેરે આયે (૨)
દુ:ખતી હૈ આતમ, કરમ કે સતાયે (૨)
અરિહંત દેવ સ્વામી શરણુ તેરે આયે (૨)
શરણુ તેરે આયે શરણુ તેરે આયે

— × — × — × —

# સંસ્કૃત સ્તુતિ–વિભાગ

## મૂલ રત્નાકર પચ્ચીસી

[૮૬૧]

શ્રેયઃ શ્રિયાં મંગલકેલિસદ્મ નરેન્દ્ર દેવેન્દ્રનતાંઘ્રિપદ્મ,
સર્વજ્ઞ સર્વાતિશય જિનેન્દ્ર ચિરંજય જ્ઞાન કલાનિધાન

[૮૬૨]

જગત્ત્રયાધાર કૃપાવતાર દુર્વાર સંસાર વિકાર વૈદ્ય
શ્રી વીતરાગ ત્વયિ મુગ્ધ ભાવા–દ્વિજ્ઞપ્રભો વિજ્ઞપયામિ કિંચિત્

[૮૬૩]

કિંબાલ લીલાકલિતો ન બાલ : પિત્રોઃ પુરોજલ્પતિ નિર્વિકલ્પ
તથા યથાર્થં કથયામિ નાથ નિજાશયં સાનુશયસ્તવાગ્રે

[૮૬૪]

દત્તં ન દાનં પરિશીલિતં ચ ન શાલિ શીલં ન તપોભિ તપ્તં
શુભો ન ભાવોઽપ્યભવદ્ ભવેઽસ્મિન્વિભો મયા ભ્રાન્ત મહો મુધૈવ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

[૮૬૫]

દગ્ધોઽગ્નિના ક્રોધમયેન દ્રષ્ટો, દુષ્ટેન લોભાખ્ય મહોરગેણ
ગ્રસ્તોઽભિમાનાજગરેણમાયા જાલેન બદ્ધોઽસ્મિ કપંભજે ત્વામ્

[૮૬૬]

કૃતંમયાઽમૂત્ર હિતંન ચેહ લોકેઽપિ લોકેશ સુખ ન મેઽભૂત્
અસ્માદૃશાં કેવલમેવ જન્મ, જીનેશ જજ્ઞે ભવપૂરણાય

[૮૬૭]

મન્યે મનો યન્ન મનોજ્ઞવૃત્ત, ત્વદાસ્ય પીયુષમયુખલાભાત્
દ્રૂતં મહાનંદરસં કઠોર-મસ્માદ્રશાં દેવ તદશ્મતોઽપિ

[૮૬૮]

ત્વત : સુદુષ્પ્રાપ્ય મિદં મયાપ્તં રત્નત્રયં ભૂરિ ભવ ભ્રમેણ
પ્રમાદ નિદ્રાવશતો ગતંતત્, કસ્યાગ્રતો નાયક પુત્કરોમિ

[૮૬૯]

વૈરાગ્ય રંગ: પરવંચનાય, ધર્મોપદેશો જનરંજનાય,
વાદાય વિદ્યાઽધ્યયનંચ મેભૂત્, કિયદ્ બ્રુવે હાસ્યકરં સ્વમીશ

[૮૭૦]

પરાપવાદેન મુખં સદોષં, નેત્રં પરસ્ત્રીજન વિક્ષણેન,
ચેત : પરાપાય વિચિંતનેન, કૃતં ભવિષ્યામિ કથં વિભોઽહં

[૮૭૧]

વિડંબિતં યત્સ્મર ઘસ્મરાર્તિ, દંશાવશાત્સ્વં વિષયાંધયેન,
પ્રકાશિતં તદભવતો હ્રિયૈવ, સર્વજ્ઞ સર્વં સ્વયમેવ વેત્સિ

[૮૭૨]

ધ્વસ્તોઽન્યમંત્રૈ: પરમેષ્ઠિમંત્ર કુશાસ્ત્ર વાક્યૈર્નિહતાગમોક્તિ
કર્તું વૃથા કર્મ કુદેવ સંગા-દવાંછિ હિ નાથ મતિ ભ્રમો મે

[૮૭૩]

વિમુચ્ય દગલક્ષ્યગંત ભવંતં, ધ્યાતા તયા મુઢધિયા હ્રૃદંત
કટાક્ષવક્ષો જગભિરનાભી-કટીતટીયા: સુદશાં વિલાસા

